Continuous Edition : 120
RNI No. : GUJBIL/2010/40422
Year of establishment : 2010
Postal Reg. No. GJN-194/2020-2022

# OSHWAL YOUTH

# TODAY AND TOMORROW

Vol. 11 - Issue - 02 - November 2020

# PROTECT YOURSELF FROM COVID-19

## PRACTICE GOOD HEALTH HABITS



WASH YOUR HANDS OFTEN



COVER COUGHS + SNEEZES



DON'T TOUCH EYES/NOSE/MOUTH



CLEAN SURFACES FREQUENTLY



STAY HOME WHEN SICK



AVOID SICK PEOPLE

Date of Publication : 1st November, 2020
Periodicity : Monthly
OSHWAL EDUCATION TRUST

Oshwal Education Trust Managed

# Shri L. G. Haria School

English Medium

## Playhouse to 12 (Commerce & Science)

**ADMISSIONS OPEN**

HOLISTIC DEVELOPMENT OF CHILD

ENTIRE CAMPUS UNDER
CCTV SURVEILLANCE

SEPARATE LABS FOR PHYSICS,
CHEMISTRY & BIOLOGY

WELL EQUIPPED LIBRARY

SMART CLASS FOR SMART LEARNING

SPORTS & CO-CURRICULAR ACTIVITIES

AIR CONDITIONED CLASSROOMS FOR
COMMERCE & SCIENCE

www.hariaschool.edu.in lghjam@gmail.com

5, GIDC, INDIRA GANDHI MARG, JAMNAGAR - 361004
FOR ADMISSION INQUIRY CALL 0288-2561453, 8866561453

# ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ


## ટ્રસ્ટી મંડળ

ચેરમેન - શ્રી કાંતિલાલ એલ. હરિઆ
મેનેજીંગ ટ્રસ્ટી - શ્રી રમણીકલાલ કે. શાહ
માનદ્‌મંત્રી - શ્રી ચંદુલાલ આર. શાહ
ટ્રસ્ટી - શ્રી જયંતિલાલ એલ. હરિઆ
ટ્રસ્ટી - શ્રી મોહનલાલ જી. ગોસરાણી
ટ્રસ્ટી - શ્રી શાંતિલાલ ડી. નાગડા
ટ્રસ્ટી - શ્રી ભરતેષભાઈ કે. શાહ
ટ્રસ્ટી - શ્રી કેશવજી મેઘજી ગોસરાણી
ટ્રસ્ટી - શ્રી મનીષભાઈ કે. હરિઆ
ટ્રસ્ટી - શ્રીમતી અલ્કાબેન જે. મારૂ
ટ્રસ્ટી - શ્રી રમેશ કેશવજી શાહ


# OSHWAL YOUTH TODAY AND TOMORROW

Vol. 11 - Issue - 02 - November 2020


## સંપાદક મંડળ

એડિટર - વ્યોમેશ એમ. વૈદ્ય
સબ એડિટર - બંસરી એમ. ભટ્ટ
સભ્યશ્રી - પ્રફુલભાઈ છેડા
સભ્યશ્રી - જીપાલ આર. પટેલ


RNI No. : GUJBIL/2010/40422
Postal Reg. No. Jam/GJN-194/2020-2022

OSHWAL YOUTH TODAY AND TOMORROW
Vol. 11 - Issue - 02 - November 2020

For subscription :
India :- Per copy ₹ 25.00
Annual :- ₹ 200.00
Foreign :- Annual $ 20.00 or £ 15.00

Phone : (0288) 256 1453, 256 0344
e-mail : oshwalyouth@gmail.com
oshwalyouth@oshwaleducationtrust.org
website : oshwaleducationtrust.org

## Monthly Magazine of Oshwal Youth November - 2020

Printed by :
Mrs. Pritiben Pankajbhai Trivedi
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar

Published & Owned by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat

Printed at :
Shivajeet Stationers & Printers
'Shiva Sadan',
2-Cricket Bungalow Street,
B/h Gurudwara, Jamnagar.

Published by :
Shri Ramniklal K. Shah - Publisher
Oshwal Education Trust,
Haria School Campus,
Indira Gandhi Marg,
Jamnagar - 361 004, Gujarat



પ્રકાશકની કલમે...
શ્રી રમણીકલાલ કે. શાહ

## મહિલા સશકિતકરણ

# નારી તું નારાયણી

સંસ્કૃતમાં એક સુંદર સુભાષિત છે;

**यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवताः** અર્થાત્ જે ઘરમાં સ્ત્રીની પુજા થાય છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે. આપણે ત્યાં યુગો યુગોથી નારીનાં અસ્તિત્વને, અવતારને જાજરમાન અને દેદિપ્યતાથી ઓતપ્રોત સ્થાન મળતું આવ્યું છે. એની ગરિમા કયાંક ઝંખવાઈ ખરી, છતાંય પોતાના સખત પ્રયત્નોથી એણે પોતાની એક અલગ છબી, અલગ જગ્યા, અલગ ઉજ્જવળતા બનાવી જ લીધી છે.

ઈતિહાસ સાક્ષી છે કે આદિશકિતથી લઈને છેક મેરીકોમ સુધીની સ્ત્રીની યાત્રા કઠિન જરૂર રહી છે. પણ 'આપ સમાન બળ નહીં' મેઘ સમાન જળ નહીં', એ કહેવત અનુસાર પોતાનાં આત્મબળથી જ એ પુરૂષપ્રધાન સંસારમાં પોતાની અલગ કેડી કંડારતી રહી છે. હા, પ્રાચીન કાળમાં ડોકિયું કરીએ તો સીતા, દ્રૌપદી, કુંતી વગેરે જે નારીશકિતની પ્રચંડ ઉર્જાઓ કહી શકાય તેવી આ જાજરમાન સ્ત્રીઓને ભાગે પણ ઘણી યાતનાઓ આવી, કસોટીઓ આવી, પણ જેમ પાણીનાં પ્રવાહનાં મારથી પથ્થર લીસ્સો થતા જાય તેમ મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ એમણે ધૈર્ય અને હિમંત રૂપી હથિયારો હેઠા નથી મૂકયા. પરિણામે આ સ્ત્રી પાત્રો આધુનિક કાળમાં પણ આપણી નજરમાં પુજનીય અને પ્રેરણાસ્ત્રોત બની રહયા છે.

જેમ જેમ યુગો બદલાયા તેમ તેમ સ્ત્રીનાં જીવનનાં ચઢાવ-ઉતાર પણ બદલાયા. મુઘલકાળમાં સ્ત્રીઓનાં ભાગે ખૂબ યાતનાઓ આવી. ખુબ હેરાનગતિ સહન કરવી પડી અને આ મુઘલયુગ સ્ત્રીઓનાં પોતાનાં અસ્તિત્ત્વ માટે પણ ખૂબ જોખમી સાબિત થયો. આ યુગનાં ઝખ્મો જીરવવા ખૂબ મુશ્કેલ હતા. સમય બદલ્યો. ધીરે ધીરે પડી આખડીને ય કાંઠે પહોંચેલી આ સ્ત્રી પહેલા હતી એના કરતાંય વધારે તેજસ્વી, સાહસી અને સ્વાવલંબી બની. ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, મહાન પ્રતાપી શ્રી શિવાજીની માતા જીજાબાઈ, દુર્ગાભાભી, વગેરે એવા નારી પાત્રો છે, જેનાં વગર આપણો ઈતિહાસ અધૂરો લાગે. આ વિરાંગનાઓને માનપૂર્ણ દષ્ટિથી આ સંસાર કાયમ જોતો રહેશે. આ વિરાંગનાઓએ શસ્ત્રોને પ્રાધાન્ય આપ્યું તો શાસ્ત્રને પણ વિદુષી ગાર્ગી જેવી વિરાટ અને પ્રબુધ્ધ નારી શકિતએ હાથવગા કર્યા.

ધીરે ધીરે ટેકનોલોજીનો વિકાસ થયો. સરહદ અને સીમાડા ઓળંગીને નારી શકિતએ અવકાશ તરફ મીટ માંડી. કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, વગેરેએ આર્યભટ્ટનાં પગલે ચાલીને આખા વિશ્વમાં ભારતનો ડંકો વગાડીને સાબિત કરી દીધું કે,

**'कोमल है कमजोर नहीं है तू शक्ति का नाम नारी है,**
**जग को जीवन देनेवाली मौत भी तुजसे हारी है ।**

આજે વિશ્વ ઘણું નાનકડું બની ગયું છે. જીવનની ક્ષણેક્ષણ માણતી સ્ત્રીએ હવે પા પા પગલી છોડીને હરણફાળ ભરી છે. વિકાસ અને સર્જનની વાટ પર કોઈનાયે આધાર વગર એ ચાલી શકે છે, જીવી શકે છે. આદર્શ ગૃહિણીથી સેરોગેટ મધર સુધીની એની યાત્રા હવે સામાન્ય ઘટના બની ગઈ છે. વિશ્વના કોઈપણ ક્ષેત્રમાં જમીન પર પાયદળથી લઈને આકાશે ઉડતા હવાઈદળ સુધી એણે વામન પગલું માંડયું છે. આપણે આપણી દષ્ટિને જરા વિશાળ ફલક પર પાથરીને જોઈશું તો દેખાશે કે રણનીતિ થી રાજનીતિ સુધી પહોંચતા પહોંચતા નારીનું વામન સ્વરૂપ વિરાટ બનવા લાગ્યું છે. શ્રીમતિ ઈંદિરા ગાંધી, બેનઝીર ભુટ્ટો, નઝમા હેપ્તુલ્લાહ, સુષ્મા સ્વરાજ વગેરે લોખંડી મનોબળ ધરાવતી આ વિરાંગનાઓએ પોતાની અલગ ઓળખ વિશ્વ સમક્ષ ઉભી કરીને વિશ્વને જાણે પડકાર ફેંકયો છે કે,

અમને નાંખો જિંદગીની આગમાં,
આગને પણ ફેરવીશું બાગમાં,
સર કરીશું આખરે સૌ મોરચા,
મોતને પણ આવવા દો લાગમાં....

સરકારશ્રીએ પણ પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, નારી ગૌરવનીતિ, બાલિકા સમૃધ્ધિ યોજના, કિશોરી સશકિત યોજના, સ્વયંસિધ્ધા યોજના, વિધવા સહાય, કુંવરબાઈનું મામેરું, સરસ્વતી સાધના, સાત ફેરા સમુહ લગ્ન, સખી મંડળ વગેરે જેવી અવનવી યોજનાઓ દ્વારા મહિલા સશકિતકરણને વેગવંતુ અને સતત વિકાસશીલ રાખ્યું છે.

નારીનું જીવન એક નદી જેવું છે. જેમ નદીમાં કયારેક નાના મોટા બદલાવ આવે એમ સ્ત્રીનાં જીવનમાં પણ કેટલીય અગ્નિ પરીક્ષા, કપરી ક્ષણો, ગૂંચો, ગડમથલો આવી પણ ખરી, અને આ નારીશકિતએ એમાંથી ઉતીર્ણ થઈ બતાવ્યું. ઔદ્યોગિકીકરણ તરફ વળેલું વિશ્વ આજે અવનવા ઉત્પાદનમાં અગ્રેસર છે ત્યારે આવા મોટા મોટા કારખાનાઓમાં પણ કયાંક બળ તો કયાંક કળથી નારી શકિતઓએ પોતાનું કૌશલ્ય ઉજાગર કર્યું જ છે. નારીની રસોડાથી શરૂ કરેલી સફર આજે આસમાને પહોંચી છે. પેપ્સીકોલા જેવી કેટલીય મોટી કંપનીઓમાં સ્ત્રીઓએ પગલા માંડયા છે. ઈન્દ્રા નૂયી જેવી કારગત મહિલાઓએ ધંધાકીય ક્ષેત્રે પોતાના શુકનવંતા પગલા પાડયા છે.

હવે સમય અને સંજોગોનો બદલાવ જયારે ચરમસીમાએ છે ત્યારે આ તમામ નારીશકિતનાં સાચા અર્થમાં ગુણગાન થવા જ જોઈએ. એમાંથી પ્રેરણા લઈને આજની નારીએ આગળ વધવું જોઈએ આજે સીતાનું હરણ નહીં, પણ રાવણનું મરણ એકલા હાથે કરી શકે એવા ઝનુનની જરૂર છે. જો દ્રૌપદીની દેદિપ્યતાથી જીવવું હોય તો ખુદ નારીએ જ એની મર્યાદા અને લાજને લોપાતી અટકાવવી પડશે, જો જરૂર જણાય તો દુર્ગા કે ચંડી બનીને રાક્ષસીવૃતિઓ અને દાનવીય રીત રીવાજો પર તૂટી પડવાની પણ તૈયારી રાખી પડશે. કારણકે નારી એટલે આદિશકિત અને આપણા વેદોમાં તો આ શકિત સ્વરૂપા શિવની અર્ધાંગિની છે, ત્યારે આપણે પણ નારી શકિતને પ્રણમીએ અને કહીએ કે,

નારી તું નારાયણી છે
પ્રેમ તણો પારસમણિ છે.

From the Desk of Publisher
**Ramniklal K. Shah**



## Women's Empowerment

## Oh Woman! Thou art the Goddess of Strength

There is an excellent maxim in Sanskrit :-

यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवता:

Women have been held in an exalted position in our society, although her dignity has been marred, she has always come out more fortified than before. Our Mythology and History is marked by events of strength and mettle of a woman from Goddess Durga to Mary kom, her journey has been difficult in this male chauvinistic society, nevertheless, she has created her own identity.

If we talk about some Mythological characters like Draupadi, Sita, and Kunti their lives were also ridden with difficulties but just as water always finds its way in the same way Women, by their resilient spirit have made a mark for themselves, History has Rani Laxmi bai of Jhansi, Shivaji's mother Jijabai, and Durga bhabi who by their tenacity and endurance have immortalized themselves. Women have even carved a place for themselves in Space, Kalpana Chawla, Sunita Williams, walking on the path of the Great Aryabhatt have brought glory to India and proved that :

'कोमल है कमजोर नहीं है तू शक्ति का नाम नारी है,
जग को जीवन देनेवाली मौत भी तुजसे हारी है.।

Woman, today is not just a homemaker she is an integral part of every field from battle field to Politics she plays the protagonist in the many facets of life, to name a few, Indira Gandhi, Benazir Bhutto, Najma Heptulla and Sushma Swaraj.

" અમને નાખો જિંદગીની આગમાં,
આગને પણ ફેરવીશું બાગમાં,
સર કરીશું આખરે સૌ મોરચા,
મોતને પણ આવવા દો લાગમાં..."

The Government on their behalf has always kept doing on fast track the woman's empowerment by introducing new schemes like Pradhanmantri Matru Vandana, Woman's pride scheme, Balika Samruddhi scheme, Kishori Saskati Scheme, Swyamsiddha scheme, widow assistance scheme, Kuvarbai Mameru, Saraswati Sadhana Sat Phera Samuh Lagan, Sakhi Mandal etc.

Unfortunately, today, woman has to fortify herself to fight the social evils and injustices against her. Let's not forget, A woman is a Goddess and the better half of Lord Shiva.

या देवी सर्व भूतेषु शक्ति रूपेण संस्थिता
नमः तस्यै नमः तस्यै नमः तस्यै नमो नमः

A woman is an icon of divinity and has added grace to our society. That is why they say.....

નારી તું નારાયણી છે
પ્રેમ તણો પારસમણિ છે.


શ્રી કાંતિભાઈ હરિઆ

# નૂતન વર્ષાભિનંદન

## સપના સજે સૌ આપના,
## નવ વર્ષની છે કામના.


શ્રી રમણીકલાલ કે.શાહ

દિપાવલીનું આ નવલું પર્વ આપણને સહુને અંધકારમાંથી પ્રકાશ તરફ ઉર્ધ્વગતિ આપે એવું ઈચ્છીએ. કારણકે ગમે તેવા ગાઢ અંધકારનું મનોબળ તોડવા માત્ર એક ઝળહળતો દિપક ઘણું સકારાત્મક કાર્ય કરી બતાવે છે.આપણા સૌના મનમાં સત્ય, પ્રેમ, કરુણા, અનુકંપા અને દયા જેવા પાંચ તારલાઓ દિપકની જેમ ઝળહળતા રહે એવી અભ્યર્થના. દરેકના જીવનમાં સુખ, સમૃધ્ધિ, શાંતિ અને સ્વાસ્થ્ય સતત જળવાઈ રહે, જીવનની ઉલ્લાસભરી ક્ષણોમાં દરેકનાં જીવનની પળેપળ ધન્યતા અનુભવે.

આજનાં દિપાવલીનાં પ્રકાશપર્વ અને નવા વર્ષના આગમન નિમિતે 'ઓશવાળ યુથ ટુડે એન્ડ ટુમોરો'ની સમગ્ર ટીમ તરફથી અમારી સાથે જોડાયેલા સૌ શુભેચ્છકો વિજ્ઞાપનકારો, ઓશવાળ, જૈન અને અન્ય સમાજ તથા અમારા તમામ વાચકોને દિપાવલી અને નુતનવરસની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવીએ છીએ. આપ સૌને આ નવુ વર્ષ પ્રેમ, પ્રેરણા, પ્રતિષ્ઠા અને પ્રકૃતિની સાથે સતત ગૂંથી રાખે એવી અભ્યર્થના. સમગ્ર વિશ્વને અજગરી ભીંસમાં લેનાર કોરોના મહામારીમાંથી જગત જલ્દી મુકત થાય અને મેઘધનુષનાં રંગો સમાન આપ સૌનાં જીવનમાં સફળતાની સુંદર રંગોળીઓ રચાય, મા લક્ષ્મીની કૃપા આપ પર અદશ્યપણે વરસતી જ રહે, જ્ઞાનની પવિત્રતાથી આપ હંમેશા સકારાત્મક અને વિચારવાન રહો તેવી શુભેચ્છા સાથે આપ સૌને નવા વર્ષનાં ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

**કાંતિલાલ એલ. હરિઆ**
**ચેરમેન શ્રી**
**ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ**
**જામનગર.**

**તથા**
**સમગ્ર ટ્રસ્ટી મંડળ**

**રમણીકલાલ કે. શાહ**
**મેનેજીંગ ટ્રસ્ટી શ્રી**
**ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ**
**જામનગર.**

## Vaiyavach at Palitana

Shri Kantibhai Savla native of Navagam stays at Mumbai. He did wonderful vaiyavach at Palitana as a part of his routine work in January 2020. He is helpful to all patients going to Mumbai for treatment. In spite of multiple problems his wife Sarojben has, she is extremely helpful in the medical activities. At 70+ it is nice and soothing to see Kantibhai running to and fro to help the sick. The vaiyavach continues at Palitana for days. All Sadhumaharajs and Sadhvimaharajs at Palitana are visited in their respective Upashrays. The seva continues for days. They take along hot water bag, creams, vicks etc for voharava purpose.





## Reader's Opinion

To,
Shri Ramnikbhai Shah,
Publisher, Oshwal Youth Today & Tomorrow.

Thank You for the Oshwal Youth Today & Tomorrow. I found it very interesting and informative.

Best wishes
Nemu Chandaria

# શ્રદ્ધાંજલિ



## સ્વ. લીલાવતીબેન રમણીકભાઈ શાહ
## તા. ૧૦-૦૭-૨૦૨૦, શુક્રવાર

આપના નામ આગળ સ્વ. લગાડતા હાથ ધ્રુજે છે. આપની છત્રછાયા નીચે પસાર થયેલી એક એક ક્ષણો અમારા માનસ પટ્ટ પર કાયમ આપના સ્મરણો પાથરતી રહેશે. આપની અણધારી વિદાયથી આપશ્રીનાં સ્નેહીજનો, આત્મીય સંબંધીઓની સાથે સાથે શ્રી ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટને પણ કદી ન પૂરી શકાય એવી ખોટ સર્જાઈ છે. અમને વિશ્વાસ છે, આપની દિવ્ય ચેતના જયાં હશે ત્યાંથી સૌ પર અમીદ્રષ્ટિ વરસાવતી રહેશે. આપનો મિલનસાર અને સરળ સ્વભાવ સદૈવ સૌને યાદ રહેશે. અમે સૌ ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે આપની પાવન ચેતના અમરત્વ તરફ ગતિ કરે...



ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ જામનગરનાં સમગ્ર ટ્રસ્ટી મંડળના ટ્રસ્ટીશ્રીઓ,
કમીટી સભ્યશ્રીઓ અને સ્ટાફ

## લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર અને મેનેજ હેલ્થ ફાઉન્ડેશનનાં સંયુકત ઉપક્રમે યોજાયો ભવ્ય વેબીનાર

ઓશવાળ એજયુકશન ટ્રસ્ટ સંચાલિત લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટરનાં સંયુકત ઉપક્રમે તા. ૧૨/૭/૨૦૨૦ રવિવારનાં રોજ સાંજે ૪ થી ૫:૩૦ દરમ્યાન હીલ વીથ નેચર વિષય પર વેબીનારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય કક્ષાનાં વકતાઓએ પોતપોતાનું ઉમદા વકતવ્ય રજુ કર્યુ હતું. જેમની છત્રછાયા નીચે લીલાવતી નેચર કયોર સંસ્થાની સ્થાપના થઈ છે, એવા લીલાવતીબેને તાજેતરમાં જ આ દુનિયામાંથી વિદાય લઈને મોક્ષ માર્ગ લીધો, માટે વેબીનારનો પ્રારંભ દિવંગત સ્વ. શ્રી લીલાવતીબેનને શ્રધ્ધાંજલિ આપીને કરવામાં આવ્યો હતો. ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટે સ્વ. લીલાવતીબેનનું માતબર યોગદાન આ તકે યાદ કર્યુ હતું.

વેબીનારમાં પધારેલા આમંત્રિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત ઓશવાળ એજયુકશન ટ્રસ્ટનાં ટ્રસ્ટીશ્રી ભરતેશભાઈ શાહે કર્યુ હતું. પોતાના પ્રારંભિક ઉદબોધનમાં પુના સ્થિત પ્રો. ડો. કે. સત્યલક્ષ્મીએ શ્રોતાઓને આરોગ્ય બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. ગુજરાત આયુર્વેદ યુનિવર્સીટી, જામનગરનાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલ વૈદ્યશ્રી અર્પણ ભટ્ટે પણ જીવનમાં આયુર્વેદ અને નેચરોપેથીની અસર કરે છે એ બાબતે શ્રોતાઓને વાકેફ કર્યા હતા. અન્ય વકતાઓમાં ડો. ગરિમા દવે, ડો. હિન્દવી સાલ્વા, ડો. ગોવિન્દાકુમાર ત્રિવેદી, વગેરેએ પણ પોતાનાં પ્રસંગોચિત વકતવ્યમાં યોગ, પંચતત્વ, મેદસ્વિતા, બિન સંક્રમિત રોગ વગેરે જેવી બાબતો પર પોતાનું ઉમદા વકતવ્ય આપ્યું હતું. તેઓ શ્રીએ પોતાના વકતવ્યમાં નેચરોપથીનાં ફાયદા જણાવી નેચર કયોર સેન્ટરમાં આવી નેચરોપથી થી સારવાર લેવાનો અનુરોધ કરેલ હતો. આ વેબીનારમાં દેશ - વિદેશમાંથી બહોળી સંખ્યામાં લોકોએ જીવંત પ્રસારણનો લાભ લીધો હતો જેથી લોકોમાં નેચરોપથી પ્રત્યે આવેલી જાગૃતિનો અહેસાસ થાય. ઓશવાળ એજયુકશન ટ્રસ્ટ નાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રમણીકભાઈ શાહે, આ વેબીનારમાં પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. આઈ.એન. ઓ. પ્રેસિડન્ટ શ્રી અનંત બીરાદરે વિડીઓ સંદેશ આપી લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર દ્વારા આયોજીત વેબીનારને આવકાર્યુ હતું. અને આવા કાર્યક્રમોનું નેચરોપથી અંગે લોકજાગૃતિ લાવવા સમયાંતરે આયોજન કરવાનું સુચન કરેલ હતું. સમગ્ર વેબીનારમાં દિવંગત લીલાવતીબેનની પરોક્ષ ઉપસ્થિતિ હોય એવું અનુભવાતું હતું.

સમગ્ર વેબીનારનાં મોડરેટર તરીકે શ્રી ડો. કલ્પનાબેન ખંઢેરિયાએ પોતાની સેવા આપી હતી. સમાપન અને આભાર વિધિ નેચરોપથી સેન્ટરના પાર્થ દવે દ્વારા કરવામાં આવી હતી. આમ, જન આરોગ્ય સાથે સંકળાયેલ આ વેબીનારને અભૂતપૂર્વ સફળતા મળી હતી.

# જામનગરની અગ્રગણ્ય સહકારી બેંક તરીકે કાર્યરત નવાનગર બેંકના અર્ધવાર્ષિક પરિણામો જાહેરઃ અર્ધ વાર્ષિક નફો રૂા. ૮.૨૦ કરોડ

જામનગર જિલ્લામાં ૧૯૮૦થી કાર્યરત એવી નવાનગર કો - ઓપરેટીવ બેંક લી. ૧૧ શાખાઓ અને ૧ એક્ષ. કાઉન્ટર સાથે જામનગરનાં શહેરીજનોને બેંકીંગની સેવાઓ મહદઅંશે ફ્રી ઓફ ચાર્જ આપી રહેલ છે. સાથો સાથ ધિરાણો ખુબ હળવા વ્યાજના દરે તથા સરળ પ્રોસીજરથી આપવામાં આવે છે.

જામનગર શહેરમાં બેંક સભાસદો, ગ્રાહકો, ખાતેદારોના વેપાર, ઉદ્યોગ માટે જીવાદોરી સમાન બને તે માટે મેનેજમેન્ટ સતત પ્રયત્નશીલ છે.

સને ૨૦૨૦ - ૨૧ની શરૂઆતથી જ કોરોના સંક્રમણના કારણે લોકડાઉન કરવુ પડેલ હોય આર્થિક પ્રવૃતિઓને સારી એવી અસર થયેલ છે. જે ધ્યાને લઈ બેંકના મેનેજમેન્ટ તરફથી ખાતેદારોને ઓછો બોજો પડે તે માટે વ્યાજનાં દરમાં ધરખમ ઘટાડો કરવામાં આવેલ છે. જેનો ફાયદો બેંકના ચાલુ લોનીઓ તથા નવી લોન લેનારને મળે તે રીતે લેવાયેલ છે. બેંક ગોલ્ડ લોન માત્ર ૮%, એલ. આઈ. સી / એન.એસ.સી / સરકારી બોન્ડ પર લોન / ઓવરડ્રાફટની સવલત માત્ર ૮%, હાઉસીંગ લોન પર અસરકારક વ્યાજ ૮ %, વ્યાપારીઓ તથા ઉદ્યોગકારોને કાર્યશીલ મુડી માટે કેશ ક્રેડીટ માત્ર ૮.૫૦% જેવો સાવ નીચો વ્યાજદર રાખવામાં આવેલ છે. કોવીડ - ૧૯ ની વિકટ પરિસ્થિતિમાં જયારે આર્થિક પ્રવૃતિઓને પ્રતિકુળ અસર થયેલ હોવા છતા બેંકની થાપણોમાં છેલ્લા છ માસમાં ૭૬.૫૧ કરોડ જેવો માતબર વધારો થયેલ છે. જે જામનગર શહેરીજનોનો બેંકના મેનેજમેન્ટ પર અતુટ વિશ્વાસ દર્શાવે છે. તેમજ સને ૨૦૨૦ - ૨૧ના અર્ધવાર્ષિક પરિણામો મુજબ અર્ધવાર્ષિક નફો રૂા. ૮.૨૦ કરોડ થયેલ છે. જે બેંકની સધ્ધરતાની નિશાની છે.

ગુજરાત ગેસના બિલ કલેકશન તથા મહાનગર પાલીકાનાં ટેક્ષ બિલ કલેકશનની સુવિધા તમામ શાખાઓમાં ઉપલબ્ધ છે. જેથી શહેરીજનોને આવા બિલો ભરવા માટે ખુબ સુવિધા રહે છે. બેંકની દરેડ, ગોકુલનગર, ગુલાબનગર, રણજીત સાગર રોડ તથા શરૂ સેકશનના પીજીવીસીએલના વિજબીલ ભરવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાવેલ છે.

આધુનીક બેંકીંગ સેવાઓ પુરી પાડવાના ભાગરૂપ બેંકના પોતાના ચાર એ.ટી.એમ. શરૂ કરેલ છે. તેમજ સીટીએસ કલીયરીંગ, એ.ટી.એમ. કાર્ડ, મોબાઈલ એપ, એસએમએસ એલર્ટ, પાસબુક કિયોસ્ક, ઓનલાઈન શોપીંગ, આરટીજીએસ / એનઈએફટી, ઈન્ટરનેટ બેંકીંગમાં વ્યુ ફેસીલીટી તથા સ્ટેટમેન્ટ મેળવવાની સુવિધા આપી રહેલ છે. બેંકની પોતાની મોબાઈલ એપ પણ છે. જેનાથી ફંડ ટ્રાન્સફર તથા એન.ઈ.એફ.ટી. થઈ શકે તેમજ યુટીલીટી બિલોના પેમેન્ટ થઈ શકે તેવી સુવિધા તેમાં રાખવામાં આવેલ છે. યુ.પી.આઈ. પેમેન્ટ સીસ્ટમ પણ ઉમેરી શકાય તે રીતે કાર્યવાહી ચાલુ છે.

હાલની કોવીડ - ૧૯ની પરિસ્થિતિમાં પણ બેંક તરફથી એન.પી.એનું પ્રમાણ વધે નહીં તે માટે સતત પ્રયત્નશીલ છે. જેના પરિણામ સ્વરૂપ બેંકનું એન.પી.એ. ૧% કરતા પણ ઓછું એટલે કે ૦.૪૩% છે. જયારે નેટ એન.પી.એ ઝીરો રહેલ છે.

રાજય સરકારશ્રી તરફથી જાહેર કરાયેલ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના ૧ તથા ૨ નીચે ૧૧૧૨ લાભાર્થીઓને રૂા. ૧૨.૧૮ કરોડનું ધિરાણ મંજુર કરાયેલ છે.

બેંકના મેનેજમેન્ટ તરફથી આ અંગે બેંકના તમામ સભાસદો, ખાતેદારો, ગ્રાહકો તથા થાપણદારોના બેંક પર મુકવામાં આવેલ અતુટ વિશ્વાસ અને સ્ટાફની ગ્રાહકોને પુરી પાડવામાં આવતી ઉતમ સેવાઓના કારણે ૧૯૮૦માં બેંક તરીકે કાર્યરત થયેલ સંસ્થા માત્ર જામનગર શહેરમાં શાખાઓ ધરાવતી હોવા છતા રૂા. ૧૧૯૨ કરોડનો બિઝનેશ ધરાવે છે. બેંકની સ્થાપના કાળથી બેંકના મેનેજીંગ ડાયરેકટર શ્રી રમણિકભાઈ કે. શાહ સેવાઓ આપી રહેલ છે. તેમની તેમજ બેંકના ડાયરેકટરશ્રીઓની સુઝબુઝ તથા દિર્ઘદ્રષ્ટિના કારણે બેંક હાલ વટવૃક્ષ સમાન બની ગયેલ છે.

બેંકના ચેરમેન શ્રી કિરણભાઈ માધવાણી, મેનેજીંગ ડાયરેકટર શ્રી રમણીકભાઈ શાહ, વાઈસ ચેરમેન શ્રી નાથાલાલ મુંગરા, જોઈન્ટ મેનેજીંગ ડાયરેકટર શ્રી હિતેશભાઈ પરમાર તથા બેંકના તમામ ડાયરેકટરશ્રીઓના હિતેશભાઈ પરમાર તથા બેંકના તમામ ડાયરેકટરશ્રીઓના રાહબરી અને માર્ગદર્શન હેઠળ બેંકના તમામ ઓફીસર તથા સ્ટાફની કાર્યક્ષમ કામગીરી તથા ઉતમ ગ્રાહક સેવા આપી રહેલ છે. બેંકના મેનેજમેન્ટની દિર્ઘદ્રષ્ટિ તથા સભાસદો, ગ્રાહકો, થાપણદારોના અતુટ વિશ્વાસ અને સહકારથી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦નાં રોજ પુરા થયેલ અર્ધવાર્ષિક અંતે બેંકે રૂા. ૮.૨૦ કરોડનો ગ્રોસ નફો કરેલ છે. તેમજ બેંકની કુલ થાપણો વધીને રૂા. ૮૧૭.૫૩ કરોડ થયેલ છે. આમ ચાલુ વર્ષ દરમ્યાન થાપણોમાં રૂા. ૭૬.૫૧ કરોડનો માતબર વધારો થયેલ છે.

# શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી હર્ષવદનભાઈ સોમચંદ ગોસરાણી**ની અચાનક વિદાય આપણાં સૌનું કાળજું કંપાવી ગઈ. એમનાં જીવનદીપનું આમ અચાનક બુઝાવુ એ ખરેખર દુઃખદ અને અસહય ઘટના છે. સ્વ. શ્રી હર્ષવર્ધનભાઈ ગોસરાણીએ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સ્કુલ મેનેજમેન્ટ કમિટી, હોસ્ટેલ મેનેજમેન્ટ કમિટી તથા શૈક્ષણિક લોન મેનેજમેન્ટ કમિટીમાં સદસ્યશ્રી તરીકે પોતાની ઉમદા સેવાઓ આપી હતી. ઓશવાળોની અલગ અલગ સંસ્થાઓમાં અલગ અલગ હોદાઓ પર તેઓશ્રીએ પોતાની માનદ સેવા દ્વારા સમાજને સેવાનું એક ઉત્કૃષ્ઠ ઉદાહરણ પૂરું પાડયું છે. શ્રી હર્ષવર્ધનભાઈ ગોસરાણી ભલે આપણી વચ્ચે હવે હયાત નથી. પણ સમાજમાં તેઓએ પાથરેલી સત્કર્મોની સુવાસ, સેવાકીય પ્રવૃતિઓ, સખાવત અને સમાજ ઉપયોગી કેટલાય સુંદર કાર્યોથી આપણા સૌનાં હ્રદયમાં સદૈવ જીવંત રહેશે. સ્વ. શ્રી હર્ષવર્ધનભાઈ ની પરમ ચેતના અમરત્વ તરફ ગતિ કરે એવી પૂર્ણ શ્રધ્ધા સાથે પ્રભુ અરિહંતને પ્રાર્થના કરીએ છીએ.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ
જામનગર

## OBITUARY

**Shree Harshvadan Somchand Pethraj Gosrani......**

The President of Shree H V O Samaj Jamnagar, just passed away.

A Very Active Oshwal Leader associated with Couple of Institutes. He will be our hearts forever......

It's A huge loss to the entire Community. .. ...

MAY GOD BLESS HIS SOUL REST IN PEACE

OM SHANTI SHANTI......

DEEPLY MOURN BY TRUST-BOARD

KANTI SAVLA
TRUSTEE
OSHWAL WELFARE CHARITABLE TRUST,
MUMBAI

## કોરોના મહામારી આફત એ જ અવસર

હાલાર કેસરી પ્રાચીન સાહિત્યોદ્રારક પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં આર્શીવાદ અને પ્રેરણાથી ૧૯૯૭થી નિર્માણ પામેલ શ્રી જૈન કન્યા વિદ્યાલય (બાલમંદિર થી ધોરણ ૧૨), ૪૫, દિગ્વીજય પ્લોટ, જામનગરમાં કોવિડ ૧૯ અંતર્ગત કોરોના વાયરસનાં મહામારી વિશ્વ આખામાં છે. પરંતુ હાલ ખુબ સારી તો નહી જ પરંતુ લગભગ ૬/૭ માસ બાદ યોગ્ય થવા જઈ રહી છે. પરંતુ હજુ પણ સાવધાની અતિ જરૂરી છે. આ મહામારીમાં સમગ્ર માનવજાત માટે સામાજીક, માનસિક, શારીરિક, આર્થિક અને વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક રીતે નુકસાનકારક છે. આ સમયમાં શાળાનાં ટ્રસ્ટીશ્રી હિમતલાલ શાહ, અને કમિટિ મેમ્બર કલાબેન શાહની પ્રેરણાથી ૨૯ માર્ચથી લગભગ દોઢ માસ સુધી કોરોના વોરિયર્સ તરીકે ફરજ બજાવતા ૭૦ જેટલા પોલિસકર્મીઓને ચા-પાણી- નાસ્તો - સેનીટાઈઝર તેમજ જરૂરીયાતમંદોને અનાજની કીટનું વિતરણ કરેલ. શૈક્ષણિક રીતે જોતા સરકારશ્રીનાં નિયમો અને કોવિડની ગાઈડલાઈન સાથે જુન માસથી જ બાલમંદિર વિભાગ અને ધોરણ ૧ થી ૪ માં દરેક વિષયો (અંદાજે ૩૨૦૦ વિડીઓ) અને ધોરણ ૫ થી ૧૨માં નિયત કલાક સાથે ઓનલાઈન શૈક્ષણીક કાર્ય સાથે રોજે રોજ વિષય અને સમયપત્રક મુજબ આપેલ અને હાલ પણ ચાલુ છે. સાથે સાથે નોટ ચેકિંગ, સ્કોલરશીપ કાર્ય, પ્રવેશ, બોર્ડનાં ફોર્મ, મુલ્યાંકન કસોટી, ધોરણ ૫ થી ૧૨માં ૧૨૫ જેટલી યુનિટ ટેસ્ટ, તેનુ મુલ્યાંકન જેવી અનેક કાર્યવાહી સામાજીક અંતર સાથે વાલીશ્રીનાં સુંદર સાથ સહકાર સાથે ચાલું છે.આ તબકકે શાળાનાં શિક્ષિકાઓના કાર્યને શાળાનાં ટ્રસ્ટીશ્રીઓ તથા કમિટિ મેમ્બર્સ આ શૈક્ષણીક સ્ટાફનું નત મસ્તક અભિવાદન કરે છે.આ નાણાકીય કપરી પરિસ્થિતિમાં શાળા પણ એક નાનુ ટ્રસ્ટ હોય, સંચાલક મંડળ દ્વારા શાળાને આર્થિક તથા શૈક્ષણિક સુવિધા પુરી પાડેલ. સાથે - સાથે શ્રી જૈન કન્યા વિદ્યાલયનાં માનવંતા વાલીઓ માંથી લગભગ ૨૮ થી ૩૦ ટકા જેટલા વાલીશ્રીઓએ પ્રથમ ફી ભરી શાળાને આગળ લડવા માટે પ્રેરણા પુરી પાડેલ. બીજા વાલીશ્રીઓ પણ અનુકરણ કરે તે અપેક્ષિત છે.

આ મહામારીમાંથી પરમકૃપાળુ પરમાત્મા સમગ્ર વિશ્વને મુકત કરે તેવી શાળા પરિવારની પ્રાર્થના.

HEALTH CORNER

# IMMUNITY

Dr. Garima Dave
P.hd. N. D.
Naturopathy Consultant

All of us know that we are living in the Corona Era. It started in the late 2019 and now 2020 is coming to an end but the solution of this problem is far away. All of us suffered a lot due to corona pandemic, not only us but our country even the whole world has suffered a lot due to this and suffering even now. But now we have learnt to live with this and to deal with this.

In this fight with corona a word "Immunity" has been used repeatedly. Those with strong immunity are safe in this pandemic & those with weak one are prone to suffer more. So, in this article we will learn about this word. As we will divide it in two parts. In part one we will discuss what and whereabouts of immunity & how it works. In next part we will talk about the things that can weaken immunity and how to boost it up.

**What is immunity:-**

Immunity can be defined as the protection of the body from a disease caused by an infectious agent such as a bacterium or virus. Immunity may be natural (inherited) or acquired. Our body has its own immune system which consists of organs, cells, tissues and proteins. Together these carry out bodily processes that fight off pathogens which are the viruses, bacteria and foreign bodies that cause infection or disease.

When germs such as bacteria or viruses invade our body, they attack and multiply. This is called an infection which causes the disease that makes us sick. Our immune system protects us from the disease by fighting off the germs. It defends our body against substances it sees as harmful or foreign. These substances are called Antigens. They may be germs – such as bacteria & viruses, they might be chemicals or toxins and they could also be cells that are damaged from things like cancer or sunburn.

When our immune system recognizes an antigen, it attacks it. This is called an immune response. To make Antibodies, is the part of this response. Antibodies are proteins that work to attack weaken and destroy antigens. Our body make other cells to fight the antigen. Afterwards our immune system remembers the antigen. If it sees the antigen again, it can recognize it. It will quickly send out the right antibodies, so in most cases, we don't get sick. This protection against a certain disease is called immunity.

**Types of immunity:-**

1. Innate or Natural Immunity is the protection that we are born with. It is the first line of defense. It includes barriers such as the skin and mucous membranes and some cells & chemicals.
2. Acquired or Adaptive immunity There are two sub types of this immunity

   A) **Active immunity** develops when we are infected with or vaccinated against a foreign substance. This type of immunity is usually long lasting.

   B) **Passive immunity** happens when we receive antibodies to a disease instead of making them through our own immune system as – newborn babies have antibodies from their mothers.

One can also get passive immunity through blood products that contain antibodies. This type of immunity lasts only few weeks or months.

Immune System of Body:-

As we said before that our body has its own immune system, it has many different parts which are listed below

- **Skin** can help prevent germs from getting into the body.
- **Mucous Membrane** the moist, inner linings of some organs and body cavities. They make mucus and other substances which can trap and fight germs.
- **White Blood Cells** identify and eliminate pathogens.
- **Lymphatic System** consists

  a) **Bone Marrow** produces white blood cells or leukocytes.

  b) **Spleen** contains white blood cells that fight infection or disease.

  c) **Thymus** where T- Cells mature. T- Cells help destroy infected or cancerous cells.

  d) **Lymph nodes** produce and store cells that fight infection & diseases.

  This is our body's immune system, which protects us from infections & disease.

  In next part we will discuss the things that can harm our immune system and how can we cope up with that.

**To be continued.....**

## OSWAL WELFARE CHARITABLE TRUST
### Mumbai.

Certain problems in our daily life are such which cannot be solved by blessings for the poor and needy patients.

We are glad to introduce "OSWAL WELFARE CHARITABLE TRUST " which was established in 1996, Registration No. E/16399 Dt.03-08-1996, serving in the Medical Field, to help poor and needy patients. Uptil March 2020 we have organised 54 Free Medical awarness camps and Diagnostics Camp,with free Medicine distribution, 5 Cataract operative Camp, 3 Lithotripsy - Kidney Stone removal camp, 2 Cancer Awareness Camp with Exhibition, uncountable Cardiac Diagnostics Camp, at Mumbai , Bhiwandi, Jamnagar, with cooperation and coordination with reputed and Well known Hon. Doctors from well known Hospitals of Mumbai.

25 Waiyavachh Camp a distribution of belongings and requisite distribution to P. P. Gurubhagvants by personal visits at various Dharmshala and Upashrays of PALITANA.

Over and above we also provide monetary assistance to patients, such help and assistance wipes off the tears of miserable people. Day in and day out, cost factor is major factor. PLEASE COME FORWARD, SERVICE TO HUMANITY IS SERVICE TO GOD. Your humble support for this noble work will be appreciated. We will be obliged, because your participation through our Trust will bring joy to many families around. The donations given to the Trust is exempted under section 80-G (1) of the Income Tax Act 1961. Overseas Donors ( NRI ) can also send their contribution in Foreign Currencies, Foreign Donation accepted vide FCRA No. 083780897 dt. 28-02-2003.

Kindly send your generous donation through Cheque/D D in favour of OSWAL WELFARE CHARITABLE TRUST.

IT IS SAID:

WHAT WE DONATE, WE GET BACK THAT TOO IN ABUNDANCE.

WIPE TEARS & BRING SMILE BY INVOLVING YOURSELF IN THIS NOBLE HUMANITRIAN WORK.

With Regards

Kanti Savla

Trustee - O W C Trust. Mumbai

## શ્રી એલ.જી. હરિઆ સ્કૂલ દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમની અનોખી પહેલ

સમગ્ર દેશ આજે કોરોના મહામારી સામે ઝઝૂમી રહયો છે ત્યારે તેનાથી સુરક્ષા હેતુ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં લોકડાઉનનાં નિર્ણયને સમગ્ર વિશ્વએ વખાણ્યો છે. આ લોકડાઉનનાં સમયમાં ઘરે બેસીને અવનવી પ્રવૃતિઓ કરવાથી મન પ્રફુલ્લિત રહે છે. આ લોકડાઉનનાં સમયનો વિદ્યાર્થીઓ પણ સુંદર સદુપયોગ કરીને સમયને સમજે એ હેતુથી શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. ઓનલાઈન અભ્યાસની સુવિધા દ્વારા શિક્ષકોને, શિક્ષાને અને શાળાને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો આ સંકલ્પ સુપેરે સિધ્ધ થઈ રહયો છે, જેમાં વિદ્યાર્થીઓનો ખુબજ સાથ સહકાર મળી રહયો છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો જો સુભગ સમન્વય થાય તો આધુનિક ઉપકરણોની પાંખો પર સવાર થઈને ઘરે બેઠા પણ ઘણું જ્ઞાન મળી રહે એ વાતને શ્રી એલ. જી. હરિઆ સ્કૂલે ઓનલાઈન શિક્ષણ દ્વારા સાચી ઠેરવી છે. કે. જી. સેકશનથી માંડીને ધોરણ - ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ ઘરે બેઠા બેઠા એક ડગલું આગળ વધી શકે એ હેતુથી પાઠય પુસ્તકનાં પ્રકરણનાં ઉત્તમ વિડિયો, નિરંતર પ્રવૃતિમાં પ્રકરણ પુરુ થયા પછી સ્વાધ્યાય માટે અસાઈનમેન્ટ વગેરેની સુવિધા દ્વારા વિદ્યાર્થીઓ હોંશે હોંશે ઉમંગથી અભ્યાસ કરી રહયા છે. ધોરણ દસ અને ધોરણ બારને એડયુ ફિંગર એપ દ્વારા ઘરમાંજ શાળા જેવું વાતાવરણ ઉભુ કરીને અભ્યાસ કરાવાઈ રહયો છે. ધોરણ - ૧૦ અને ૧૨ નાં તમામ વિદ્યાર્થીઓ આ આ એડયુ ફિંગર એપ દ્વારા ખુબ રસ દાખવીને, ઝીણવટપૂર્વક, નાની નાની બાબતોને પણ સરળતાથી સમજતા થયા છે. અને આ પ્રવૃતિઓ દ્વારા શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ પરોક્ષ રીતે પણ વિદ્યાર્થી અભ્યાસ સાથે સતત સંલગ્ન રહે એ વિચારને જીવંત કરવામાં સફળ રહી છે.

વિદ્યાર્થીઓની સાથે એના વાલીઓ પણ શાળા દ્વારા લેવાયેલ આ નિર્ણયથી ખુબજ ખુશ છે. વિદ્યાર્થીનું હિત એજ દેશનું હિત આ મંત્રને વળગી રહેતા શાળાનાં આચાર્યશ્રી ધવલ પટ્ટ પણ વિદ્યાર્થીઓને ઓનલાઈન માર્ગદર્શન આપતા રહે છે અભ્યાસની સાથે સાથે બાળકોને ઘરમાં રહી સુરક્ષિત વાતાવરણ ઉભું કરવા ઉપરાંત કોરોના વાયરસથી સાવધાન રહેવા આચાર્યશ્રી ધવલ પટ્ટ દ્વારા વારંવાર હાકલ કરવામાં આવે છે. આમ આચાર્યશ્રી દ્વારા ઓનલાઈન શિક્ષણ અને સાથે ઓનલાઈન જન જાગૃતિ અભિયાનનો સુભગ સમન્વય થયો છે એમાં વાલીમંડળ પણ સંપૂર્ણ સાથ સહકાર આપી રહયું છે એ વાતનું શાળાને ખુબ ગૌરવ છે.

# જૈન તત્વ દર્શન

## સાત તત્વ

- જયંતિલાલ ગુઢકા

(ગતાંકથી ચાલુ)

ઓમ હ્રિશ્રી વીતરાગાય નમઃ

આપણે માર્ચ મહીનાની આવૃતીમાં જણાવ્યા મુજબ અત્રે સંવર તત્વની વીચારણા કરીશું.

૧. સંવરની વ્યાખ્યા : જે ભાવથી નવા પુદ્ગલ કર્મોનું આવવું અટકવું થાય તે ભાવને સંવર કહે છે. જેમ કે કોઈ હોડીના તળીયે છિદ્રમાંથી સમુદ્રના પાણીને હોડીમાં આવતું અટકાવવા તે છિદ્રને બંધ કરવા ડટો લગાવવો તે ડટો સંવરરૂપ છે જે નવા પાણીને હોડીમાં આવતું અટકાવે છે. પુણ્ય-પાપરૂપ અશુદ્ધભાવને આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા તે ભાવસંવર છે અને તદનુસાર કર્મોનુ આવવું સ્વયં-સ્વતઃ અટકવું તે દ્રવ્યસંવર છે.

૨. સંવરની ભૂલ : (૧) નિશ્ચય સમ્યકદર્શન - જ્ઞાન - ચારિત્ર જીવને હીતકારી છે (કેમકે તે સંવર-નિર્જરારૂપ છે એટલે કે નવા કર્મોને આવતા અટકાવવા તે સંવર અને પૂર્વે બાંધેલ કર્મોનો નવા કર્મોનો બંધ થવા વગર ખરી જવું તે નિર્જરા છે) પણ મિથ્યાદષ્ટિ તેમને કષ્ટદાયક માને છે એ તેની સંવર તત્વ સંબંધી ભૂલ છે. (૨) સંવરતત્વમાં અહિંસાદિરૂપ શુભાસ્ત્રવભાવને સંવર માને છે; પરંતુ એકજ કારણથી પુણ્યબંધ પણ માનીએ તથા સંવર પણ માનીએ એમ બને નહિં.

મુનિને એકજ કાળમાં બે ભાવ થાય છે ત્યાં તેમને બંધ પણ થાય છે અને સંવર નિર્જરા પણ થાય છે તે આ રીતેઃ

(૧) એ ભાવ મિશ્રરૂપ છે. કંઈક વીતરાગ થયા છે તથા કંઈક સરાગ થયા છે. (૨) ત્યાં જે અંશ વીતરાગ થયો છે તે વડે તો સંવર જ છે, તથા જે અંશ સરાગ છે તે વડે બંધ છે. (૩) મિશ્ર ભાવથી બે કાર્ય તો બને પણ એક પ્રશસ્તરાગથી જ પુણ્યાસ્ત્રવ પણ માનવો તથા સંવર-નિર્જરા પણ માનવાં એ ભ્રમ છે. (૪) મિશ્ર ભાવમાં પણ આ સરાગતા છે અને આ વીતરાગતા છે એવી ઓળખાણ સમ્યગ્દષ્ટિને જ હોય છે, તેથી તે અવશેષ સરાગ ભાવને હેયરૂપ એટલે કે ટાળવારૂપ-છોડવારૂપ શ્રદ્ધે છે. (૫) પણ મિથ્યાદ્રષ્ટિને એવી ઓળખાણ નથી તેથી તે સરાગ ભાવમાં સંવરના ભ્રમથી પ્રશસ્તરાગરૂપ કાર્યોને ઉપાદેયરૂપ એટલે કે આદરવારૂપ-લાભદાયક શ્રદ્ધે છે.

૩. ચાકિત્ર ગુણની મિશ્ર અવસ્થા સંબંધેઃ ચારિત્ર ગુણનો એવો સ્વભાવ છે કે ચોથા ગુણસ્થાનથી તેની આંશિક શુદ્ધિ હોય અને આંશિક અશુદ્ધિ હોય છે. આવી દશા દશમાં ગુણસ્થાનના અંત સુધી રહે છે. યથાખ્યાત ચારિત્ર પ્રગટતા આ મિશ્ર દશા રહેતી નથી.

૪. ચારિત્ર ગુણની શુદ્ધ અવસ્થા વિષેઃ ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ ચારિત્ર અનંતાનુબંધી કષાયનો અભાવ થતા થાય છે. તેનું સ્વરૂપ એવું છે કે જેમ સોનાની ખાણમાંથી નિકળેલ સુવર્ણના પત્થરના ભુકાને અગ્નિનો તાપ આપતા સોના સાથે રહેલ માટી અને અન્ય ખનિજોને તારવી લેવાથી સોનાની કાલિમા જાય છે. સોનું શુદ્ધ થાય છે. તેમ જીવદ્રવ્ય આનાદિથી જે અશુદ્ધ ચેતનારૂપ રાગાદિ પરિણામ છે તે અંશે જાય છે અને શુદ્ધસ્વભાવમાત્ર શુદ્ધ ચેતનારૂપ જીવદ્રવ્ય પરિણમે છે. તેનું નામ સ્વરૂપાચરણ ચારિત્ર કહીએ. તે મોક્ષમાર્ગ છે. તેમાં એ વિશેષતા છે કે શુદ્ધતા સર્વોત્કૃષ્ટ થાય ત્યાં સુધી શુદ્ધપણાના અનંત ભેદ છે. તે ભેદ જાતિભેદ તો નથી એટલે કે જેમ સાકરની મીઠાશ અને ગોળની મિઠાશમાં જાતિભેદ છે તો પણ મિઠાશની દષ્ટિએ મિઠાશમાં કોઈ જાતિભેદ નથી; પણ શુદ્ધતામાં ઘણી શુદ્ધતા, તેનાથી વળી ઘણી શુદ્ધતા, તેનાથી પણ ઘણી શુદ્ધતા - એવા થોડા ઘણારૂપ ભેદ છે. ભાવાર્થ એવો છે કે જેટલી શુદ્ધતા હોય તેટલું મોક્ષ કારણ છે. જયારે સર્વથા એટલે કે પૂર્ણ શુદ્ધતા થાય ત્યારે સંપૂર્ણ કર્મક્ષયલક્ષણ - કર્મના અભાવમય મોક્ષપદની પ્રાપ્તિ થાય.

વધારે આગલા અંકમાં વિચારશું.

.......ક્રમશ

# JAIN TATVA DARSHAN
## SAT TATVA

(Continued from previous edition)

-Jayantilal Gudhka

**Om Hrim Shree Vitragai Namah**

We will mull on the nature of Sanvar Tatva as stated in the March issue.

1. **Definition of Sanvar**: - The gist which stops the influx of new Pudgal karmas that gist is called Sanvar. For example, to prevent seawater from entering the boat from a hole in the bottom of a boat, a dot is used to plug the hole, that dot is equivalent to the Sanvar which prevents new water from entering the boat. Stoppage of the virtuous-sinful impure gist's by the manifestation of pure gist of the soul - is Bhaav Sanvar, and accordingly the stoppage of the influx of Karmas by its own accord is Dravya Sanvar. it is materialism to stop the coming of karmas automatically.
2. **Misconception of Sanvar**: - 1) Nishchaya (true) Samyakdarshan-Gyan-Charitra is beneficial to life (as its nature is that of Sanvar-Nirjara i.e. it is Nirjara whose nature is to shed the previously bonded Karmas without bonding any New Karma and it is Sanvar which blocks the inflow of the New Karmas) but Mithiyaadrusti (a person with false vision or conception) believes them to be painful or cumbersome – this is his or her misconception in relation to Sanvar Tatva. 2) Mithiyaadrusti believes that Sanvar Tatva in Non-violence etc. that are Gist of auspicious bonding Karmas to be Sanvar Tatva; but one believes to achieve the bondage of auspicious Karma and the manifestation of Sanvar in one and the same reason of auspicious deed that is not possible and it does not happen.

   The Sage (Muni) undergoes two Gist's at the same time, where he binds Karmas consensus manifests the Sanvar-Nirjara which is as follows:

**(1)** This Gist is of Mixed Nature. To some extent the Sage is Vitraag (detached for all attachment and aversion) and to some extent Saraag (with attachment and aversion).

**(2)** There, the degree to which the Sage has developed the notion of Vitraag, that notion is Sanvar and the degree of notion that is Saraag with that notion Karma bondage take place.

**(3)** Two acts do take place in the Gist of Mixed Nature but to believe the auspicious influx of Karma and also the prevention of the influx and shedding of Karma to take place in one and the same Gist of Auspicious Raag – is illusion.

**(4)** This bit of Gist is of Saraag Nature and that bit of Gist is of Vitraag nature in the Mixed Nature Gist - such knowledge is possessed by only a Samyakdrusti, therefore the Gist bit that is Saraag is believed to be contemptible meaning avoidable or fit to be cast off.

**(5)** But Mithiyaadrusti does not possess such knowledge so with the illusion of Sanvar in the manifestation of Saraag Gist, performs the acts of Raag of auspicious nature believes them to be non-contemptible meaning honourable-beneficial.

3. **About the Mixed State of Quality of Charitra**: - It is the nature of the quality of Charitra that from Fourth Gunnasthan it has partial purity and partial impurity. Such State prevails till the end of Tenth Gunnasthan. On the Manifestation of Yathakhiyat Charitra (Pure Charitra) the Mixed State do not prevail.
4. **About the State of Pure Quality of Charitra**: - In the Fourth Gunnasthan Svarupaachrann (Self-indulgence) Charitra manifests when Anantaanubandhi (Infinite bondage bond) Kashayas depletes. The nature of which is analogical to see the Gold being extracted from the Gold Ore where the impurity depletes in proportion to the amount of the earth and other minerals that are skimmed off from the molten Ore that is heated in a kiln and Gold appears in pure state in proportion to the depletion of the associated other matter where in the appearance of gold isrecognised by its inherent nature. Similarly, in the meditative state the Jeeve feels itself in its natural state by skimming off feelings of attachment-aversions of Anantaanubandhi type from its consciousness – this is termed as Svarupaachrann Charitra. This is Mokshmarg (Path to Moksha). In this there is a speciality in which the purity manifested by a Soul is of infinite distinctions until 100% natural purity of Soul manifest. These distinctions are not of different quality just as the sweetness experienced while eating Sugar and Jaggery is different, but from the sweetness angle there is no distinction in sweetness as both are seen to be sweet. Similarly, in the purity there is more purity, further there is more purity and even further than that there is more purity in proportion to the amount of depletion of the impure notions – such few-many forms of distinctions are there. It means that the achievement of the path of Moksha is dependent in proportion to the manifestation of the Purity. When total meaning complete purity takes place, then the State of Moksha arise with symptom of complete annihilation of Karmas – complete depletion of Karmas takes place.

Will mull further on this subject in the next issue.

To be continued...

# કોરોના કાળમાં ઓનલાઈન શિક્ષણ એક સકારાત્મક અભિગમ



સમગ્ર વિશ્વ આજે કોરોનાની મહામારી સામે લડી રહયું છે. આટલા લાંબા સમય પછી પણ આપણે બધા ઠેર ના ઠેર જ ઉભા હોય એવું લાગે છે. સમાજનાં દરેક વર્ગની માનસિક, સામાજિક અને આર્થિક સ્થિતિને આ કોવિડ-19 નાં કપરા કાળમાં ઘણું જ નુકશાન થયું છે. વિશ્વના તમામ દેશની કરોડરજ્જું કહી શકાય એવી અર્થતંત્રની સાંકળ તૂટી પડી છે. કાબુ બહારની આ સ્થિતિમાં વિશ્વની દરેક વ્યકિતએ ઘણું ગુમાવ્યું છે. કોઈએ પોતાના સ્વજન તો કોઈએ પોતાના સપના. કોઈએ રૂપિયા તો કોઈએ શરીરની સ્વસ્થતા. સમગ્ર માનવજાત આ મહામારી સામે ઝુઝવા પોતાનાથી થઈ શકે એટલા બધાજ પ્રયત્ન કરી રહી છે પણ હજુ સુધી બધીજ દિશાઓ ધૂંધળી છે. બધાજ દરવાજાઓ બંધ છે. આશા કે જ્યોતિનું એક નાનું સરખું કિરણ પણ દેખાતું નથી.

સમગ્ર વિશ્વની આવી ડામાડોળ અવસ્થામાં વિશ્વમાં દરેક દેશમાં શિક્ષણને પણ મોટું નુકશાન વેઠવું પડયું છે. ખાસ કરીને વિદ્યાર્થીઓની અને વાલીઓની માનસિક દશા ખુબજ દયનીય બની છે. આવા અણીનાં સમયે જ ટેકનોલોજીનો ભરપુર ઉપયોગ કરીને સૌની તકલીફોને પહોંચી વળવાનો શ્રી એલ. જી. હરિઆ સ્કૂલનો ભગીરથ પ્રયાસ વાલીઓનાં અને વિદ્યાર્થીઓનાં જીવનમાં રંગ લાવ્યો એની મને અનહદ ખુશી છે.

જામનગરની શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓની માનસિક ગડમથલ અને અસમંજસને દુર કરવા ઓનલાઈન અભ્યાસનું વ્યવસ્થિત, સુંદર અને સુચારું આયોજન થયું. શિક્ષણક્ષેત્રે સરકારશ્રીના નિયમો અને અલગ અલગ સમયની ગાઈડ લાઈનને ચુસ્તપણે વળગી રહીને ઓનલાઈન અભ્યાસક્રમના શ્રી ગણેશ કર્યા. જેમાં વાલીઓનો તથા વિદ્યાર્થીઓનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો. વિદ્યાર્થીઓના મનમાં ઘર કરી ગયેલો અદશ્ય ડર દૂર કરવા ઓનલાઈન શિક્ષણ સાથે અલગ-અલગ ઉપયોગી માર્ગદર્શન, કિવઝ અને વિદ્યાર્થીઓને રસ પડે એવી રચનાત્મક કસોટીઓ દ્વારા વિદ્યાર્થીઓમાં પડેલી સુસુપ્ત અભ્યાસ લક્ષી વિચારધારાને ફરીથી વેગ આપવામાં આવ્યો. ટેકનોલોજીની દુનિયાથી થોડા અજાણ્યા હતા એવા શિક્ષકોને પણ અલગ-અલગ વેબીનાર, અને તજજ્ઞો દ્વારા સતત માર્ગદર્શન આપીને ઓનલાઈન અભ્યાસ કરાવવા માટે તૈયાર કર્યા. ઓનલાઈન અભ્યાસ વખતે કેવી રીતે અને કેવી કેવી તકેદારી રાખવી, વિદ્યાર્થીઓ સાથે કેવી રીતે અભ્યાસની સઘન ચર્ચા કરવી, સામ સામે ન હોવા છતા કેવી રીતે સામીપ્ય સાધવું, બાળક કંટાળો ન અનુભવે તે માટે અભ્યાસને કેવી રીતે રુચિકર બનાવવો વગેરે બાબતે શિક્ષકોને ઝીણામાં ઝીણી માહિતી દ્વારા પૂર્ણ વાકેફ કરવામાં આવ્યા. ટેકનોલોજીના માધ્યમથી બાળક જેવી રીતે શાળામાં ભણતો હોય એવી જ રીતે ઘરમાં રહીને અભ્યાસ કરી શકે એવું સુંદર વાતાવરણ શાળા દ્વારા પુરુ પાડવામાં આવ્યું. શિક્ષકોને સફળતાપૂર્વક ઓનલાઈન શિક્ષણ આપવા માટે સંભવિત તમામ પાસાઓ અલગ-અલગ એપ્લિકેશન દ્વારા અને તજજ્ઞ ટ્રેનરો દ્વારા પૂરેપૂરી છાણાવટ કરીને સમજાવવામાં આવ્યા જેથી વિપરીત પરિસ્થિતિમાં પણ શિક્ષક પોતાના ઘરે રહીનેય વિદ્યાર્થીઓને આરામ અને ઉત્સાહપૂર્વક ભણાવી શકે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચેનો હૂંફાળો સેતુ જળવાઈ રહે એ દિશામાં ઘણા ઉમદા પ્રયાસો થયા. વાલીઓ સાથે પણ આત્મીય અને પોતીકી લાગણીઓ સતત ગૂંથાયેલી રહે એ હેતુથી ટેલીફોનીક વાતચીતો સતત ચાલુ રાખી. ઓનલાઈન અભ્યાસ વખતે બાળક ભણવામાં ધ્યાન આપે છે કે કેમ? એનું ધ્યાન અન્ય પ્રવૃતિઓમાં તો નથી જોડાતું ને? આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ વાતોથી વાલીઓ સાથે સાવ અંગત અને આત્મીય બનીને મુકત મને વાતચીત કરવામાં આવી. બાળકને જો કશી તકલીફ કે અભ્યાસમાં કોઈ પ્રશ્ન ઉભો થાય તો તેના ઉકેલ માટે પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવી. ઓનલાઈન અભ્યાસ અંતર્ગત વિદ્યાર્થીઓની પ્રથમ યુનિટ ટેસ્ટ પણ દરેક વિષયના પ્રશ્નપત્રોની પી. ડી. એફ. મોબાઈલ દ્વારા મોકલીને લેવામાં આવી જેમાં વિદ્યાર્થીઓએ ખુબ જ ઉમળકા અને ઉત્સાહભેર કસોટી જાણે શાળામાં જ લેવાઈ હોય એવોજ ઉમદા દેખાવ કર્યો. આ સફળતાએ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં ધરખમ વધારો કર્યો. શિક્ષકગણે જોયું કે વિદ્યાર્થીઓ પરીક્ષા બાબતે સંપૂર્ણ સકારાત્મક અભિગમ ધરાવે છે અને ગંભીરતાથી પોતાનું શૈક્ષણિક કાર્ય કરે છે એ જોતા જ આ તબક્કા બાદ છ માસિક પરીક્ષા ગોઠવી દીધી. મહામારીના આવા કપરા સમયમાં બાળક ઘરમાંજ સુરક્ષિત રહે તે હેતુ તો હતો જ, સાથે સાથે અભ્યાસથી વંચિત ન રહે, એની ભણતરની ગાડી અધવચ્ચે ઉભી ન રહે, ઉપરાંત માનસિક રીતે પીડા અનુભવતો વિદ્યાર્થી પીડામાંથી બહાર નીકળી જે પરિસ્થિતિ છે તેનો સામનો કરે એ જોવું પણ જરૂરી હતું. આ છ માસિક પરીક્ષા માટે અનેક વિચાર વિમર્શના અંતે એવું નક્કી થયું કે શ્રી એલ. જી. હરિઆ સ્કૂલના નેજા હેઠળ સ્કૂલ દ્વારા કાગળની બેગમાં વિષય પ્રમાણે જવાબવહીઓ, નકશા, ગ્રાફ, ડ્રોઈંગ શીટ તથા અન્ય જરૂરી સામગ્રી એકઠી કરીને વ્યવસ્થિત ગોઠવી બેગ પર વિદ્યાર્થીનું નામ, ધોરણ અને રોલ નંબર બધું લખી એક કીટ તૈયાર કરવામાં આવે અને એ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા માટે વાલીઓને સરકારશ્રીની ગાઈડલાઈન પ્રમાણે સરકારશ્રીના નિયમોનું ચુસ્ત પણે પાલન થાય, જરાય ભીડ એકઠી ના થાય, સોશિયલ ડિસ્ટન્સ બરાબર જાળવી શકાય એવી રીતે ધોરણ પ્રમાણે શાળાએ બોલાવવામાં આવ્યા. બે વ્યકિત વચ્ચે પૂરતું અંતર રાખી વાલીશ્રીઓને શાળામાં સહર્ષ પ્રવેશ આપવામાં આવ્યો. શાળાના પ્રવેશ દ્વારા પર જ શાળાના શિક્ષકો દ્વારા અલગ-અલગ ટેબલ પરથી અલગ અલગ ધોરણના વિદ્યાર્થીઓની આ કીટ વિદ્યાર્થીના નામ અને રોલ નંબર જોઈ ચકાસીને વાલીશ્રીઓને આપવામાં આવી. વિશ્વમાં ફેલાયેલી આ મહાવ્યાધિના સમયમાં પણ વિદ્યાર્થીઓ માટેનો શાળાનો અને શાળાનો વિદ્યાર્થીઓ માટેનો લગાવ ખુબજ ઉમદા ગણાવી શાળાએ અથાગ પ્રયત્ન અને કઠોર પરિશ્રમ વડે વિદ્યાર્થીઓ સુધી પરોક્ષ રીતે પહોંચવાનો સંકલ્પ પૂર્ણ કર્યો. આ સંકલ્પમાં શાળાના ટ્રસ્ટીશ્રીઓ, કમીટી મેમ્બર્સ, અને શિક્ષણ સાથે જોડાયેલા નામી-અનામી વિદ્યાર્થીઓના હિતેચ્છુઓએ પણ કુનેહપૂર્વક શિક્ષણના વૃક્ષને સતત સિંચ્યું. નાણાકીય કપરી પરિસ્થિતિમાં પણ વાલીઓને સતત સંપર્કમાં રાખીને એના દુ:ખ સુખમાં ભાગીદાર બનીને શાળાની નિતાંત સુંદર છબી એમના મન પર અંકિત કરવામાં શાળાને અભૂતપૂર્વ સફળતા મળી.

આમ કોરોનાની મહામારી વચ્ચે પણ શાળાએ પૂરતી આત્મીયતા, સહકાર અને ઉદરાતાનો એક ઉત્તમ નમુનો સમાજ સમક્ષ મુકયો અને એને જે જબ્બર પ્રતિસાદ મળ્યો એ પ્રતિસાદને હું આજીવન મોંઘી અને અમૂલ્ય જીવન મૂડી સમજીને યાદ રાખીશ. નગરના વાલીગણે શાળા પર મૂકેલો વિશ્વાસ અકબંધ રહે એ બાબતે સતત પ્રયત્નશીલ રહીને શાળાનાં વિકાસમાં આપણે સૌ આપણું યોગદાન આપીશું તો એ દિવસ દુર નથી જયારે શ્રી એલ. જી. હરિઆ સ્કૂલનું નામ ઈતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાશે.

ધવલ પટ્ટ,
આચાર્યશ્રી,
શ્રી એલ. જી. હરિઆ સ્કૂલ,
જામનગર.

# ધર્મ દર્શન



લેખક : પૂ. આચાર્ય શ્રી મહાબોધિસુરિ મહારાજ

અમદાવાદમાં દીલ્લી દરવાજા બહાર ઘીકાંટા પાસે જેસિંગભાઈની વાડી આવેલી છે.આ જેસિંગભાઈની સાહસિકતા, દીર્ઘદ્રષ્ટિના અનેક પ્રસંગો છે....

એમાંનો એક પ્રસંગ...

એક દિવસની વાત છે. સવારનો સમય હતો. લગભગ ૯.૦૦ / ૧૦.૦૦ વાગ્યા હશે. અમદાવાદનું મહાજન મંડળ એક મહત્વનું કામ લઈ શેઠ જેસિંગભાઈના બંગલે જવા નિકળ્યા.

શેઠ પણ સવારના પ્રભુપૂજાદિ આવશ્યક કાર્યો પતાવી બગીચામાં હીંચકા ખાતા બેઠા હતાં

મહાજને જેવો શેઠના બંગલામાં પ્રવેશ કર્યો કે શેઠ હિંચકા પરથી ઉભા થઈ ગયા. આવો... આવો.... કહેતા શેઠ બે ડગલા સામે ગયા. બે હાથ જોડી સહુને પ્રણામ કરી મહાજનને બંગલામાં લઈ ગયા. આગતા – સ્વાગતા પૂર્ણ થયા બાદ શેઠ બોલ્યા

મહાજને આજે મારા પર બહુ મોટી કૃપા કરી. આ સાંભળીને મહાજનના કેટલાક સભ્યો બહુ સૂચક રીતે હસ્યા.. અને એમાંથી એક વ્યકિતએ જરા ગંભીરતાથી શેઠની સામે જોઈને કહયું કૃપા ! કૃપા તો શેઠ ! આજે આપે કરવાની છે. અને તરત જ એણે મહાજનની સામે જોઈને કહયું: કેમ શેઠિયાઓ બરાબરને?

મહાજન એકી અવાજે બોલી ઉઠયું: સાવ સાચ્ચી વાત છે.

આ સાંભળતાં જ શેઠ પૂછી બેઠા: લ્યો કરો વાત ! કૃપા મારે કરવાની છે... કોના ઉપર ?

અમારા ઉપર

તમારા ઉપર તો પ્રભુવીરની અને પંચમહાવ્રતધારી ગુરુભગવંતોની દયા / કૃપા / મહેર છે જ મારા જેવો નાચીજ શું તમારા પર દયા કરી શકવાનો ? તે છતાં કોઈ આપતિ આવી હોય, કંઈક નવાજુની થઈ હોય તો મને જણાવો. મારાથી બનતી મદદ જરૂર કરીશ.

હા ! શેઠ નવાજૂની ગણો તો નવાજૂની, અને આપદા ગણો તો આપદા. અત્યારે તો આપણે જ ઝપટે ચડયા છીએ.

મહાજને ચિંતાના ચોપડાના પાના ઉથલાવવાનું ચાલુ કર્યુ.

કોઈ કનડગત ઉભી થઈ છે?

હા.

કોના તરફથી ?

ગાયકવાડ સરકાર તરફ થી.

પણ મહાજને કોઈ ગુનો કર્યો છે?

ગુનો મહાજને નહિ, જેસિંગભાઈ ! ગુનો પશુઓએ કર્યો છે.

ભલાભાઈ ! પશુઓ બિચારા રાજવીનો શો ગુનો કરે ? શું એ રાજના બગીચામાં ઘુસ્યા'તા ?

ના, શેઠ ! ઘૂસ્યા નથી, છતાં ગાયકવાડ સરકારે વડોદરા જિલ્લાના તમામ ગાયોના ગૉચર બંધ કરી દીધા, રાજના પશુઓ સિવાય લોકસમાજનું કોઈપણ પશું ગોચરમાં પ્રવેશી ન શકે. વિચાર કરો... જિલ્લાની લાખો ગાયો અને લાખો પશુઓ ભૂખે મરશે કે બીજુ કાંઈ? મહાજનનો ગરમીનો પારો ધીરે ધીરે વધી રહયો હતો.

જેસિંગભાઈ ! તમે ખોંખારો મારીને ગાયકવાડને કહી શકો એવી ગુંજાયેશ છે તમારી. કહી દો.... સરકારને. તમારો આ કાયદો પાપનો છે. આખું મહાજન તમારા વિરોધમાં છે.

જેસિંગભાઈએ બધી જ વાત ધ્યાનેથી સાંભળી લીધી. એક પણ અક્ષર બોલ્યા વગર હસતા ચહેરે તેઓ મહાજનની સામે નીરખી રહયા.

શેઠના મીનથી મહાજન અકળાઈ ગયુ એક ઉતાવળીયા મહાજનથી ન રહેવાયું. એણે કહયું: બોલો શેઠ! હવે શું કરવું છે?

શેઠે કહયું: મને સમય આપો અને મારામાં વિશ્વાસ રાખો.

અરે શેઠ ! તમારી પાસે શું નથી ? તમે તો એક ચપટી વગાડો અને ધાર્યુ કામ કરાવી શકો છો.

બધી ય વાત બરાબર છે ભાઈઓ ! પણ રાજ પાસે સતા છે, અનેસતા આગળ શાણપણ નકામું છે. રાજાઓ પાસે ઉતાવળ ન ચાલે. તોલી તોલીને, વીણી-વીણીને બોલાય. બોલવાને બદલે જો બકાઈ જાય તો સળીયા ગણવાનો વારો આવે. શેઠે શાંતિથી પોતાની વાત સમજાવીને છેલ્લે ઉમેર્યુ... કે ગાયકવાડ સરકારનો આ અન્યાયી કાયદો હું પાછો ખેંચાવીશ.. એવી હું તમને ખાતરી આપું છું.

વાતની સમાપ્તિ કરતા શેઠે મહાજન પર મીઠી નજર કરીને ઉમેર્યુ: બોલો, તમને મારા પર ભરોસો તો છે ને?

અરે બોલો મા શેઠ ! ભરોસા વગર સવારમાં એમને એમ તમારા ઘરે આવ્યા છીએ ? આખા અમદાવાદમાં તમારા સિવાય રાજાને મોઢે મોઢ કહી શકે એવી કોઈ વ્યકિત નથી.

અને મહાજનની આ વાત ખોટી પણ ન હતી. વિક્રમના સતરમાં સૈકામા થયેલા શાંતિદાસ શેઠના વખતથી મહાજનની એક પ્રભાવક ઊંચાઈની પરંપરા શરૂ થઈ હતી.. તે છેક જેસિંગભાઈ સુધી ચાલી આવેલી. આ આખીય પરંપરામાં થઈ ગયેલા તમામ શ્રેષ્ઠીઓ ઊંચા ગજાના ડહાપણના દરિયા જેવા હતા. રાજાઓના રાજમહેલે જઈને ઉભા રહે તો રાજાઓ પણ એમને સલામ ભરતા.

એમાંય શેઠ જેસિંગભાઈની તો વાત જ ન્યારી હતી. દરિયા જેવડો એમનો વ્યવસાય હતો. ગણતા દિવસો નહિ, મહિનાઓ લાગે એટલી સંપતિના તેઓ માલિક હતા. એમના બંગલે ધર્માચાર્યો, પંડિતો, વિદ્ધાનો અને કલાધરોનો મેળો જામતો. કવિઓ, સંગીતકારો અને ગાયકોના હંમેશા બેસણા રહેતા. શેઠ પોતે પણ 'બીન' વગાડી શકતા. શાસ્ત્રીય રાગોને તાર પર નચાવી શકતા.

અનુભવ, બુદ્ધિ અને મુત્સદીગીરીના હિમાલય ગણાતા શેઠે મહાજનના ગયા પછી આ સમસ્યાનો ઉકેલ લાવવા જાતજાતના નુસ્ખાઓ શોધવાનું શરૂ કર્યુ વાત પણ સીધી ન હતી. રાજનો કાયદો રાજા પાસે જ પાછો ખેંચાવવો અને સંબંધોમાં તીરાડ ન પડે... એમ બેયનું ધ્યાન રાખવાનું હતું. આમાં જો ગરબડ થઈ જાય તો કાયમ માટે હાથ ઘસતા રહી જવું પડે.

ઘણી બધી વિચારણાઓ કર્યા પછી શેઠને થયું કે સહુ પ્રથમ તો રાજધાનીની વર્તમાન સ્થિતિ જાણી લેવી જોઈએ. તપાસ કરતા જાણવા મળ્યું કે રાજમાતા ચીમનાબાઈ મોટો સંઘ લઈને તીર્થયાત્રાએ નીકળ્યા છે. જેસિંગભાઈને મુદ્દોય મળી ગયો અને મોકો પણ.

પેઢીમાં જઈ થેલી ભરીને રૂપીયા લીધા ત્યાંથી સીધા પહોંચ્યા રાજમાતાની યાત્રામાં. રાજમાતાને મળી પરિચય કર્યો. પછી યાત્રાના ખજાનચીને બોલાવીને કહયું : મારે રાજના તમામ યાત્રાળુઓને મારે ખર્ચે ભોજન આપવું છે.

શેઠ, યાત્રામાં હજારો માણસો છે, હજારો જાનવરો છે, ઠેર ઠેર પડાવ નખાય છે. ત્રણ ત્રણ વખત રસોઈ થાય છે. ખર્ચો બહુ મોટો થશે, માટે સમજી વિચારીને બોલજો. ખજાનચીએ કહયું.

એની ચિંતા તમે ન કરો. એ બધુ ભગવાન પૂરું પાડશે. તમે મને મારા મનોરથ પૂરા કરવા દો. અને વળતા દિવસથી તમામ યાત્રાળુંઓને ભાતભાતના ભોજન મળવાના શરૂ થઈ ગયા. સંઘમાં પ્રસન્નતા વ્યાપી ગઈ. સમાચાર છેક રાજમાતા સુધી પહોંચ્યા... કે પશુઓ સહિત યાત્રાળુઓનો તમામ ખર્ચ જેસિંગભાઈ આપે છે.

રાજમાતાએ શેઠને બોલાવીને પૂછયું: શેઠ ! યાત્રાળુઓને તમે જમાડો છો ?

હા બા, મારા મનના મનોરથ છે કે મારે રાજમાતાના સંઘને જમાડવો. અને બા ! આ બધું આપના રૂડા પ્રતાપે જ થઈ રહયું છે.

જેસિંગભાઈ ! હું તમારી ભકિતથી રાજી છું. પણ સંઘ હું કાઢું અને ભોજન તમે આપો એ શું વ્યાજબી ગણાશે ?

કેમ નહિ બા !આપ રાજમાતા એટલે અમારા પણ રાજમાતા ગણાવ. એટલે મારી ફરજ સમજીને કરું છું.

પણ તમારું ઋણ મારા પર ચડે એનું શું ? બા ! હું નથી માનતો કે એવું થાય.

ભલે, પણ મારે બદલામાં તમને કશુંક આપવું જોઈએ, અને તમારે એ લેવું જોઈએ. બોલો શું આપું ? તમારા માન મોભા માટે, તમારા વેપાર – વ્યવસાય માટે.

મારે કશું જ ખપે નહિ, બા ! છતા આપનો આગ્રહ હોય તો પશુઓ માટે દયા કરો.

કેટલા રૂપિયા આપુ ?

એક પણ નહિ બા ! માત્ર ગાયકવાડ સરકારનો કાયદો પાછો ખેંચાવો. રાજાએ એવો કાયદો કર્યો છે કે વડોદરા જિલ્લાના તમામ ગોચરો ફકત રાજ માટે અનામત રાખવા. પ્રજાના કોઈપણ પશુંને પ્રવેશ કરવા ન દેવો. એને કારણે અત્યારે જિલ્લાની હજારો ગાયો અને મૂંગા પશુઓ ભૂખે મરે છે.

એ કાયદો આવતી કાલથી પાછો ખેંચાઈ ગયો માનો શેઠ ! હું રાજવીને માણસ મોકલીને ફરમાન કરી દઉં છું.

ધન્ય છે આપને માતા ! અમારું મહાજન આપનું ઋણી રહેશે.

ના શેઠ ! તમે અમને પુણ્યનો રસ્તો બતાવ્યો એટલે અમે તમારા ઋણી રહેશું.

રાજમાતા પ્રસન્ન થયા.

વળતા દિવસથી વડોદરા જિલ્લાનોએ કાળો કાયદો પાછો ખેંચાઈ ગયો.

સર્વત્ર શેઠ જેસિંગભાઈના નામનો જયજયકાર થઈ ગયો. એમની આવડત, એમની મુત્સદીગીરીની વાહવાહ થઈ ગઈ.

**OSHWAL EDUCATION TRUST MANAGED**

# *Shri Gosar Hansraj Gosrani Commerce (Eng. Med)& Shri D. D. Nagda B.B.A. College, Jamnagar*

**Reaccredited Grade 'A' By NAAC**
**(National Award Winning Campus)**

## Social and Academic Extension During Lockdown "MAKING LOCKDOWN LOOK UP"

Our College's NSS and NCC students played a vital role by making a significant contribution during the Lockdown ,from making sanitizers to maintaining law and order were some of the duties undertaken by the College .

## Making & Distribution of Sanitizer



Herbal sanitizer was made with neem leaves almond oil, alum and camphor and distributed to the people of Jamnagar.

## Distribution of Masks

The NSS team also took up the task of distributing face masks to the citizens of Jamnagar.



## Tele Counselling




To help people overcome anxiety, fear and frustration the OET managed colleges was quick to initiate "Tele Counselling" during the pandemic.

## Online Career Guidance

Online guidance called "Metamorphosis" awas organised for the students of Jamnagar. The sessions included career guidance, Soft skills, Computer Literacy, Management, Accountancy, Musical Tambola, Fun time, Twist and trans, Analogy.



## NCC & NSS Volunteers



Under the "Exercise NCC Yogdan" our colleges' '31 Corona Veers', 20 NCC Cadets and 11 NSS Volunteers had been mobilized in assisting The Indian Police force in battling the pandemic.





## NCC Girls Stitching Masks



The NCC girls of our college engaged in stitching masks for the public besides performing their duty in the city





## Distribution of Food kit to the support staff



The college decided to reach out to the support staff by distributing food grains.

## Webinar on Personality Development and Stress Management



IQAC and NCC Unit of Shri G.H.Gosrani and Shri D.D.Nagda BBA college organized A Webinar On "Personality Development And Stress Management" on 10th Oct 2020. The Webinar was organized under the guidance of Mrs Snehal Kotak Palan, The Campus Director OET managed Colleges and Principal of GHG DDN College. Keynote Speakers were Mrs. Sandra Moss Ma'am and Mrs. Sneha Sumaria Ma'am. The Webinar was a success with more than 200 participants. The Webinar was coordinated by Ms Winnie Moss and programme in charge was Lt. Prabhanshu Awasthi.



# Congratulations! for winning "The Best Paper Award"



Dr Rajesh Faldu
Associate Professor
JVIMS



Ms. Krupa Trivedi
Associate Professor
GHG-DDN

OET managed Colleges feel proud to announce that two of our faculty members Dr Rajesh Faldu, Associate Professor JVIMS and Ms Krupa Trivedi Assistant Lecturer at GHG DDN have won "The Best Paper Award" on the topic of "Impact of technology on work-life balance in banking industry in Gujarat state" ,in a multi-disciplinary International Conference on transformation and survival , post pandemic held on 14 - 15 Oct 2020 by Ajeenkya D Y Patil University, Pune.


# Webinar on "Role of NCC Cadets During the Lockdown and Future Prospects"






First webinar on Role of NCC Cadets During the Lockdown and Future Prospects was organized by 27 UJ.BN.NCC.JAMNAGAR hosted by **SHRI G.H. GOSRANI & SHRI D.D. NAGDA BBA College Jamnagar** on 22nd July 2020 from 12:10 to 1:20 p.m. in the college campus under guidance of Col. Manoj kumar and Our Campus Director Smt. Snehal Kotak Palan Ma'am.

107 cadets and 10 ANO and PI staff had participated in this webinar. The Webinar was conducted by Lt. Prabhanshu Awasthi and Asmita zala Ma'am.



શુભેચ્છા સહ

કે. બી. શીપીંગ એન્ડ કાં

મરીન ફલીટ ઓનર

બારદાનવાલા રોડ, ગ્રેઈન માર્કેટ

જામનગર

ફોન:- ઓ.૨૫૫૬૭૨૫/ ૨૬૭૯૬૨૭

મો.:૦૯૮૨૫૨૧૦૭૫૫

ફેક્સ:- (૦૨૮૮) ૨૫૫૬૭૨૫

ઈ-મેઈલ: vijay_sanghavi@yahoo.co.in

# ધી નવાનગર કો-ઓપરેટીવ બેંક લિ.

PROUDLY CO-OPERATIVE

E : mail@nawanagarbank.co.in www.nawanagarbank.co.in

'નવાનગર બેંક ભવન', પ્રણામી સ્કુલ સામે, હિરજી મિસ્ત્રી રોડ, જામનગર. ફોન : ૨૫૬૩૯૮૪ – ૮૫

## 'નાના માણસોની મોટી બેંક'
## 'સહકારીતાનો વ્યવસાયિક ઉદેશ્ય માનવ સેવા'

### • આધુનીક બેંકીંગ સુવિધાઓ ફ્રી ઓફ ચાર્જ •

- RTGS / NEFT થી ફંડ ટ્રાન્સફર
- E-PAYMENT I.T. / G.S.T.
- SMS ALERT
- RuPay ડેબીટ કાર્ડ
- મોબાઈલ બેન્કીંગ NEFT ફંડ ટ્રાન્સ્ફર સુવિધા સાથે
- ઓનલાઈન શોપીંગ
- મોબાઈલ એપથી વિજ બિલ, ગુજરાત ગેસ બિલ, મોબાઈલ બિલ પેમેન્ટ સુવિધા

### • બેંકની વિશેષ સેવાઓ •

- જામનગર મહાનગર પાલીકાના વેરાઓ ની ચુકવણી કોઈ પણ શાખાઓમાંથી
- GUJARAT GAS — ગુજરાત ગેસના બિલોની ચુકવણી કોઈ પણ શાખાઓમાંથી
- PGVCL — પી.જી.વી.સી.એલ.ના વિજ બિલો બેંકની દરેડ - શરૂ સેક્શન રણજીત સાગર રોડ - ગુલાબનગર ગોકુલનગર શાખાઓમાં ભરવાની સુવિધા

બેંકના એકાઉન્ટમાં રજીસ્ટર્ડ કરેલ મોબાઈલ નંબર પરથી ૭૦૬૯૦ ૭૦૯૦૦ મોબાઈલ નંબર પર મિસ્ડ કોલ કરવાથી ખાતાની બેલેન્સ જાણવાની સુવિધા...

બેંકની ઉપરોક્ત સુવિધાઓ અને સેવાઓનો અવશ્ય લાભ લેવા વિનંતી

# પ્રકૃતિનાં સાનિધ્યમાં કુદરતી સારવાર

શ્રીમતિ ઉર્મીલાબેન સવસાણી
આસીસટન્ટ ટીચર
શ્રી એલ. જી. હરીઆ સ્કૂલ

આપણે સૌ જાણીએ છીએ કે પરિવર્તન સંસારનો નિયમ છે. પછી એ પરિવર્તન કોઈપણ ક્ષેત્રનું હોય, સામાજિક, આર્થિક, કે પછી આરોગ્યના ક્ષેત્રે. દરરોજ કંઈક ને કંઈક નવા અન્વેષણથી સંસારને વધુ ને વધુ સવલતો મળે એવું સૌ ઈચ્છે છે. જામનગરનાં જાણીતા ઓશવાળ એજયુ. ટ્રસ્ટે પણ શિક્ષણ ક્ષેત્રની સાથે સાથે આરોગ્ય ક્ષેત્રે પણ નજર કરી છે. લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર દ્વારા શૈક્ષણિક સંકુલો બાદ હવે નવી દિશામાં પોતાનાં ધીમા પણ સ્થિર કદમ માંડયા છે. આજનાં આધુનિક અને સ્પર્ધાત્મક યુગમાં દરેક માણસ પોતાનાં શરીર કે મનની યોગ્ય સારસંભાળ અને સ્વસ્થતા રાખી શકતા નથી. આ જેટ પ્લેન જેટલા ઝડપી યુગમાં ખોટી આહાર પધ્ધતિ, ખોટી જીવનશૈલી, અનેક પ્રકારની માનસિક વ્યથા અને વિટંબણા વગેરે દ્વારા માણસ ખુદ જ અનેક પ્રકારનાં શારિરીક અને માનસિક રોગને આમંત્રણ આપે છે.

આધુનિક જીવનશૈલીએ આમાં સૌથી મોટો ભાગ ભજવ્યો છે.ભારતીય સંસ્કૃતિ  અને પરંપરાની જીવનશૈલીને આધુનિક દેખાદેખીએ ભારે ઠેસ પહોંચાડી છે. મોડી રાત સુધી જાગવાની અને સૂર્યોદય પછી મોડેથી ઉઠવાની ટેવે માણસમાં શારિરીક અસ્વસ્થતા ઉભી કરી છે.આયુર્વેદમાં તો કહેવાયું પણ છે કે 'જે મોડે સુધી જાગે, તે રોજ દવા માંગે'. નોકરી અને ધંધાની હરિફાઈમાં માણસ સતત માનસિક તનાવ અનુભવતો થયો છે.આહાર અને વિહારની આ ખોટી પધ્ધતિથી શરીરમાં સાંધાના દુ:ખાવા, કમર અને હાથપગનાં દુ:ખાવા, મેદસ્વીતા, ચિડિયાપણું, ડાયાબીટીસ, બી.પી. વગેરે જેવી બિમારીઓ શરીરમાં ઘર કરવા લાગી છે.

આપણે ત્યાં છેલ્લા કેટલાક સમયથી યોગ અને પ્રાણાયામની પધ્ધતિઓ સાથે  કુદરતી જીવનશૈલી તરફ લોકો પાછા વળ્યાં છે. બાબા રામદેવ દૈનિક જીવનમાં યોગ અપનાવવા માટે  પ્રત્યક્ષ એનો પ્રચાર પ્રસાર કરી રહયા છે.વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ યોગને વિશ્વસ્તરે ગુંજતો કર્યો છે. અને એટલે જ ૨૧ મે ને વિશ્વ યોગ દિવસ તરીકે સમગ્ર દુનિયાએ સ્વીકાર્યો છે.

સમગ્ર દુનિયા જયારે યોગ અને પ્રાણાયામને જીવનનો એક મહત્વનો ભાગ ગણતી હોય ત્યારે જામનગરનાં જાણીતાં ઓશવાળ એજયુ. ટ્રસ્ટ દ્વારા જામનગરથી ૧૨ કિ.મી. દુર અને એરપોર્ટથી માત્ર ૬ કિ.મી. ના અંતરે લાખાબાવળ ગ્રામ્ય વિસ્તારમાં કુદરતનાં સાનિધ્યમાં લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટરનું નિર્માણ કરવામાં આવ્યુ છે. કુદરતી ઉપચાર પધ્ધતિ દ્વારા શરીરને અને મનને ઉમદા ફાયદો થાય છે. અનેક રોગોની સારવારમાં નેચરોપથી ખૂબ ઉપયોગી છે. આ નેચરોપથી પધ્ધતિથી લોકોની બિમારીઓ દૂર કરવાનું જામનગરનાં જાણીતા ઉદ્યોગપતિશ્રી રમણીકભાઈ શાહનાં ધર્મપત્ની સ્વ. લીલાવતીબેન શાહનું સ્વપ્ન હતું. એમનાં આ સ્વપ્નને સાકાર કરવામાં ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં ચેરમેન, અગ્રણી ઉદ્યોગપતિ શ્રી કાંતિલાલ હરિયા અને મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રમણીકલાલ કે. શાહે પૂર્ણ સહયોગ આપ્યો. કેન્દ્રીયમંત્રી શ્રી પુરૂષોતમ રૂપાલા તથા સંસદ સભ્ય શ્રી પૂનમબેન માડમનાં હસ્તે ઉદઘાટન કરીને કાર્યાન્વિત કરેલ આ 'લીલાવતી નેચર કયોર એન્ડ યોગા રિસર્ચ સેન્ટર' ની ઈમારત અતિ આધુનિક ઢબે ઉભી કરેલી છે. આ બિલ્ડિંગમાં અતિ આધુનીક મશીનરી, સાધનો, કુદરતી ઉપચારને લગતી સંપૂર્ણ સુવિધાઓથી સજ્જ ૮૦ (80) પથારી (બેડ)ની વ્યવસ્થા હાલ ઉપલબ્ધ છે. એટલું જ નહી, ઉતમ અને તજજ્ઞ નિષ્ણાંતો અને અનુભવી ડોકટરો દ્વારા ઉપચાર માટે વિવિધ થેરાપીઓ આપવામાં આવે છે. આ લીલાવતી નેચર કયોર એન્ડ યોગા રિસર્ચ સેન્ટરમાં રહેવા તથા સાત્વિક ભોજનની સુંદર સુવિધા પણ છે.પુરુષો અને મહિલા દર્દીઓ માટે અલગ વ્યવસ્થા સાથે અદ્યતન ઉપકરણો પણ સારવારમાં વાપરવામાં આવે છે. હાઈડ્રો થેરાપી, પંચકર્મ, યોગરૂમ અને સ્ટુડિયો , મેડીટેશન પીરામીડ, સ્વીમીંગ પુલ, સ્ટીમ બાથ, જુદા જુદા રોગોનાં ઉપચાર માટે અલગ અલગ થેરાપી વગેરે એકબીજાથી ચડે એવી સુવિધાઓ આ સેન્ટરમાં ઉપલબ્ધ છે. દર્દીઓના ફુરસતનાં સમયનાં સદુપયોગ માટે લાયબ્રેરી, ગેઈમઝોન, મુવી વગેરેની પણ પૂરતી વ્યવસ્થા છે.

લીલાછમ વૃક્ષોથી છવાયેલા આ કુદરતી સૌદર્યના વિસ્તારમાં ફૂવારા અને બગીચાઓ પણ સુંદર અને નયનરમ્ય છે. અત્યાનુધિક રસોડું, સેલ્ફ સર્વિસ, કાઉન્ટર્સ, ભોજનની વ્યવસ્થા માટે ડાઈનિંગ એરીયા અને રહેવા માટે ડોરમેટરી, ડિલકસ અને સ્યૂટ એમ અલગ અલગ રૂમની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે.આ સેન્ટરમાં વધુમાં વધુ માહિતી આપતાં શ્રી રમણીકલાલ શાહ જણાવે છે કે સૌને પરવડે એવી સુવિધા સાથે સવારે ૫ વાગ્યા થી રાત્રે ૯ વાગ્યા સુધી વિવિધ ઉપચાર પધ્ધતિઓ માટે એક સુંદર શેડયુલ તૈયાર કરાયું છે.

જી.ટી.પી. એલ. જામનગર ન્યુઝ દ્વારા આ સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી. દર્દીઓથી લઈ મેનેજમેન્ટ સુધી દરેક વ્યકિતની

continue on page 21

continue from page 20

જી.ટી.પી. એલ. જામનગર ન્યુઝનાં મેનેજીંગ એડિટર શ્રી જયેશભાઈ રૂપારેલીયાએ ટુંકી વાતચીત દ્વારા સંપૂર્ણ વિગતોને જાણીને જામનગર ન્યુઝમાં એ વાતચીતના અંશો રજૂ કર્યા હતા. રૂપીયા ૨૦ કરોડ જેવા માતબાર ખર્ચે નિર્માણ થયેલું આ સેન્ટર જામનગર માટે એક નજરાણું કહી શકાય. શ્રી રમણીકલાલ શાહનાં નેતૃત્વ હેઠળ ચાલતાં આ લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટરની ઘણા વિદેશીઓ પણ મુલાકાત લે છે. આ સેન્ટરમાં દાખલ થતા દર્દીઓ પોતાનાં નિખાલસ અભિપ્રાયો અને પ્રતિભાવ જણાવતા પોતાના રોગમાંથી એમને આ નેચરોપથી ચિકિત્સાથી મળેલી મુકિતની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. સૂર્ય ચિકિત્સા, પાણીનાં હોજમાં એકવા યોગ વગેરે જેવી ઉમદા પધ્ધતિઓ દ્વારા દર્દીને રોગમુકત કરવા માટે અનુભવી ડોકટરો દ્વારા ઉમદા સહયોગ મળે છે.

આમ, જામનગર લાખાબાવળ સ્થિત લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર માત્ર જામનગર માટે જ નહિ, સમગ્ર વિશ્વ માટે એક નવલુ નજરાણું છે. આ સેન્ટરની એક વખતની મુલાકાત પણ સૌને માટે યાદગાર બની રહે તેમ છે.

## સંઘની ૪૯મી ઓનલાઈન વિડીયો કોન્ફરન્સ દ્વારા વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



જય જિનેન્દ્ર, જય ઓશવાળ સાથે જણાવવાનું કે, ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘની ૪૯મી વાર્ષિક સામાન્ય સભા વિડિયો કોન્ફરન્સનાં માધ્યમથી મુખ્ય કેન્દ્ર ભીવંડી સાથે જામનગર અને બેંગ્લોરના બંને સ્થળોએ સરકારશ્રીની ગાઈડલાઈન્સનું પાલન કરી વિડીયો કોન્ફરન્સ થી તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ મળેલ.

કોરોના કાળની આવી વિકટ પરીસ્થિતિમાં દરેકના સ્વાસ્થ્યને પણ ધ્યાનમાં રાખીને ટેકનોલોજીના માધ્યમથી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરવુ સંઘ માટે એક નવી દિશા તરફ પહેલ હતી. જે આપ સર્વેના સાથ સહકારથી આયોજનને અવસરમાં પરિવર્તિત કરવામાં આવ્યો અને સભા પરિપૂર્ણ થયેલ છે.

આ સભામાં ઓશવાળોની વર્ષોની અતિ મહત્વપુર્ણ જરૂરીયાત 'મુંબઈ મુકામે હોસ્ટેલ'નું નિર્માણ કરવાનું વિચારબીજ વવાયુ છે. સાથે સંઘ સમર્પીત સૈનીક તેવા વડીલ ટ્રસ્ટી શ્રી,પ્રવિણ દેપાર હરીયાના દુ:ખદ નિધનથી ટ્રસ્ટીપદની ખાલી પડેલ જગ્યાએ બાકી રહેતી મુદત માટે મુરબ્બી વડીલ અને લોકલાડીલા તેવા આદરણીય શ્રી જયંતિલાલ પાનાચંદ હરીયાની બીનહરીફ સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. નવ નિયુકત ટ્રસ્ટીશ્રી જે.પી. હરીયા તરફથી આ સભામાં તેમના વિચારો રજુ કરતા તેમની સંસ્થા પ્રત્યેની લાગણી સભર વિચારો વ્યકત કરતા સંસ્થાને નવી ઉંચાઈઓ સુધી પહોચાડવામાં તેમના તરફથી પુરો સાથ સહકાર મળશે. તેવી અભિલાષા વ્યકત કરવામાં આવી.



સંઘની ૪૯મી વાર્ષિક સામાન્ય સભામાં આપ સર્વે તરફથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પ્રત્યક્ષ, પરોક્ષ કે પારદર્શક રીતે આપની ઉપસ્થિતિની અમો અનુમોદના કરતા આપ સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર વ્યકત કરીએ છીએ.

જીવરાજ નેમચંદ નગરીયા.
માનદમંત્રી, ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ.

## શ્રદ્ધાંજલિ
### સ્વ. મનસુખલાલ રાયચંદભાઈ શાહ



આપની અણધારી વિદાય સૌનું કાળજુ કંપાવી ગઈ. ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટને આપશ્રીની લાગણી પ્રેમભાવના અને આત્મીયતાની કાયમ ખોટ વર્તાશે. આપનો પ્રામાણિક, મિલનસાર અને મળતાવડો સ્વભાવ અમારા સૌનાં માનસપટ્ટ પર એક અલગ છાપ અંકિત કરી ચૂકયો છે. આજ આપ અમારી વચ્ચે હયાત નથી. પણ આપનાં ઉમદા વ્યકિતત્વનાં અનેક સ્મરણો છબી બનીને સદૈવ અમારી વચ્ચે જ રહેશે. આપની દિવ્ય ચેતના અમરત્વ તરફ ગતિ કરે એવી અભ્યર્થના. ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ આપને શ્રધ્ધા સુમન અર્પે છે.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ
જામનગર

## વ્યકિત વિશેષ



# શ્રીમતિ લીલાવતીબેન રમણીકલાલ શાહ.

રજૂઆતઃશ્રીમતિ ઉર્મીલાબેન સવસાણી
આસીસટન્ટ ટીચર
શ્રી એલ. જી. હરીઆ સ્કૂલ

ગુજરાતીમાં એક સુંદર ઉકિત છે.

**"જે કર ઝૂલાવે પારણું, તે જગ ઉપર શાસન કરે"**

સ્ત્રી ઈશ્વરનું શ્રેષ્ઠ સર્જન છે. જીવનમાં મા, બહેન, દિકરી, ભાભી, સાસુ અને આવા તો કેટલાય સંબંધોને સુપેરે નિભાવતું વિરલ અસ્તિત્વ એટલે સ્ત્રી. અને વળી એમાં પણ જો કોઈ સ્ત્રીનો શુકનિયાળ સાથ અને પ્રેમાળ પગલાથી જયારે એની સાથે જોડાયેલો પુરુષ પ્રેમ, પ્રતિષ્ઠા અને પદથી અભરે ભરાઈ જાય ત્યારે તો એવું જ લાગે કે જાણે સાક્ષાત લક્ષ્મીજી માત્ર રૂપ બદલીને પરિવાર સાથે જ સહવાસ કરે છે. આવું જ એક વિરલ વ્યકિતત્વ એટલે સ્વ. શ્રીમતિ લીલાવતીબેન રમણીકલાલ શાહ.

તા. ૫ / ૧૨ / ૧૯૬૫નાં દિવસે શ્રી રમણીકભાઈ શાહ સાથે પરિણયબંધનમાં બંધાયા પછી શ્રી રમણીકભાઈનાં જીવનમાં આવેલા પરિવર્તનથી આપણે સૌ જ્ઞાત છીએ. શ્રી રમણીકભાઈની જવલંત કારકીર્દી અને વિકાસમાં લીલાવંતીબેન ખભે ખભો મિલાવીને આજીવન એમની સાથ રહયા, એ વાતનાં સૌ નગરવાસીઓ સાક્ષી છે. સામાજિક ક્ષેત્રે તેઓ ખૂબ આગળ રહયા છે. મહિલા કો. ઓપરેટીવ બેંકના પ્રથમ અને સ્થાપક ડાયરેકટર, સ્ત્રી નિકેતન, ઓશવાળ સ્ટુડન્ટ યુનિયન મહિલા મંડળમાં સેવા, જેવી પ્રવૃતિ દ્વારા સમાજોથ્થાનમાં પણ પોતાનો મહામૂલો ફાળો આપનાર શ્રીમતિ લીલાવતીબેન સૌ સમક્ષ એક સનિષ્ઠ કાર્યકર બની રહયા. નારી જયારે ગૃહલક્ષ્મી બને ત્યારે જો એ એની પાંખો ફેલાવે તો પોતાની ભીતરની પ્રતિભાને, ભીતરનાં સ્ત્રીત્વને એક નવો અને ઉચ્ચ આયામ આપી શકે. સમાજનું ઋણ અદા કરવાનું હોય કે પારિવારીક જવાબદારી હોય, ગૃહ સામ્રાજ્ઞી, લીલાવતીબેને કોઈ દિવસ આ બાબતે પારોઠનાં પગલાં ભર્યા નથી. શ્રી ઝવેરચંદ મુલચંદ ચંદરિયા સેવા સંસ્થાનાં અનુદાનથી થયેલા સમુહ લગ્નનાં આયોજનમાં શ્રીમતિ લીલાવતીબેને વસ્ત્રો, અલંકારોથી લઈને ભોજન વ્યવસ્થા સુધીની તમામ જવાબદારીઓ સૌનાં આત્મીય બનીને નિભાવી હતી. શ્રીમતિ લીલાવતીબેન હંમેશા કહેતા કે સમાજનું ઋણ અદા કરવાની જે તક ભગવાન આપણને આપે એ આપણું મોટું સદભાગ્ય છે. આવા ઉમદા કાર્યો ઉપરાંત શ્રીમતિ લીલાવતીબેન આર્યસમાજનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનાં યુનિયનનાં પ્રમુખપદે પણ વિરાજમાન હતા. વિદ્યાર્થીનીઓનો સ્કૂલ સાથે સંપર્ક સેતુ જળવાઈ રહે એવા ઉમદા હેતુથી સંસ્થા દ્વારા દર વર્ષે અષાઢી બીજનાં દિવસે દશ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું સ્નેહમિલન કરાવી અને ભૂતકાળની મધુર સ્મૃતિઓને સંભારણુ બનાવવામાં ખૂબ મદદરૂપ હતા. ઈ.સ. ૧૯૬૨માં તેમની સાથે ભણતી અને સમગ્ર વિશ્વમાં અલગ અલગ જગ્યાએ રહેતી તમામ વિદ્યાર્થીનીઓનાં સમૂહ મિલનનું ઉમદા શ્રેય શ્રીમતિ લીલાવતીબેનના ફાળે જાય છે. સમગ્ર વિશ્વમાંથી પોતાની સાથે અભ્યાસ કરતી પોતાની બહેનો જેવી જ લાગણી અને હુંફ પોતાની સાહધ્યાયિનીઓને આપવાએ કંઈ નાની સુની વાત નથી. પ્રેમ અને લાગણીઓનાં આવા તાણા વાણા સુપેરે ગૂંથવા એ લીલાવતી બેનની ગમતી પ્રવૃતિઓ હતી.

ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનાં નેજા હેઠળ જામનગરથી માત્ર ૧૨ કિ.મી. પોતાની જન્મભૂમિ લાખાબાવળમાં લીલાવતી નેચર કયોર એન્ડ રીસર્ચ સેન્ટર બનાવવાની પ્રેરણા શ્રીમતિ લીલાવતીબેને જ સૌને આપી હતી. દોડભાગ ભરી જીંદગીમાં કોક વખત વિરામ લઈને કુદરતનાં સાનિધ્યમાં થોડાક દિવસો વિતાવવા જોઈએ એવું શ્રીમતિ લીલાવતીબેન સ્પષ્ટપણે માનતા. યોગ પ્રાણાયામ વગેરે જેવી આપણી પ્રાચીન આરોગ્ય સેવાનાં પણ તેઓ મુકતકંઠે વખાણ કરતા, એટલુ જ નહી, જામનગરમાં ચાલતા આવા યોગ વર્ગો માં જાતે જઈ અને યોગ શિક્ષાને પ્રોત્સાહન આપતા અને એનું મહત્વ સમજાવતા. વળી યોગ કે પ્રાણાયામ માટે એ લોકોને જયાં પણ એમની જરૂર હોય ત્યાં ઉદાર મનથી મદદ પણ કરતા. સમગ્ર નારી જાતિને સંબોધતા તેઓ રોજ કહેતા કે સમસ્યા આવે ત્યારે હતાશ થઈને બેસી રહેવું તે સ્ત્રીને ન પાલવે. તેના ઉકેલ માટે મથ્યા કરવાથી સમસ્યા હળવી ફૂલ થઈ જતી હોય છે. ધર્મની પવિત્રતા હેઠળ તેઓએ અઠાઈ તપ કર્યુ, વર્ધમાન તપનો પાયો નાખ્યો, વર્ષની ૩૯૦ સામાયિકનું તપ કરી સમતા ભાવમાં રહેતા લીલાવતીબેનને તીર્થંકરોની સેવાપૂજાનો કાયમી નિયમ હતો.

ધર્મ સંસ્કારની સ્ફૂરણા અને તપોવન સંસ્કૃતિના બીજ રોપનાર અને એને અંકુરિત કરવા માટે સતત પ્રયત્નશીલ રહેનાર પરમ ઉપકારી શ્રી વજ્સેન વિજયજી મહારાજ સાહેબ, શ્રી હેમપ્રભુ વિજયજી મહારાજ સાહેબ, સાધ્વીજી શ્રી જય ધર્મા મહારાજ સાહેબનાં ઉપકારો પણ લીલાવતીબેન પર આશીર્વાદ રૂપે વરસ્યા હતા. દેશ વિદેશની યાત્રા કરી ચૂકયા હોવા છતાં પણ લીલાવતીબેન રહેવા માટે તો ભારત ભૂમિને શ્રેષ્ઠતમ ગણાવીને – **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसि** મંત્રને સાર્થક કરી

continue on page 24

SPECIAL PERSON

# Smt. Leelavatiben Ramniklal Shah - A Gracious Lady



There is an excellent proverb in Gujarati,

"જે કર ઝૂલાવે પારણું, તે જગ ઉપર શાસન કરે"

A woman is the best creation of God. She plays the role of a mother, a sister, a wife and a daughter to the hilt and maintains amiable relationship with all. After marriage if her husband earns name and fame then she is considered as Laxmi. Such is the personality of Smt. Leelavatiben Ramniklal K Shah a persona with a depth of character and a personality that is warm and affable.

On 5th Dec 1965 Smt. Leelavatiben was married to Shri R K shah and since then she has stood by his side sharing and supporting the ups and downs of life.

Smt Leelavatiben held a prominent position in the social sphere. She was the first Founder Director of Mahila Cooperative Bank, member of the Stree Niketan and took keen interest in Oshwal students Mahila Mandal.

Be it her social obligation or domestic responsibilities she performed all her duties well.

At the mass marriage organized by Zaverchand Mulchand Chandaria, she took all the responsibility to see the proper execution of the event. She believed that if one should get a chance to serve the society one should feel fortunate to fulfil one's duty.

She has been the former President of the Alumni Associationof Arya Samaj School. In this capacity every year on Asadi beej she organized a get together for the students. She believed in maintaining relationships.

She hails from Lakhabaval and it was her idea to set a Naturopathy centre at Lakhabaval. She was of the opinion that sometimes one must lose oneself in the lap of nature and this Naturopathy centre is the perfect place to enjoy nature and to practice yoga, and paranayam.

She lived with a positive attitude and professed that one must never be cowed down by disappointments but try to find a solution.

Deeply religious, she performed the Athayi, Vardhaman tap, and 390 Samuhik tap.

She was blessed by Shri Vrajsen Vijayji Maharaj saheb, Shri Hemprabhuji Vijayji Maharaj Saheb and Sadhviji Jaydharma Maharaj Saheb.

Having travelled across the Globe, she always had her heart for India. Inspite of travelling extensively all around the world, Leelavatiben was considering Indian soil as the very best and by this she proved the sanskrit slok 'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसि' to be very much correct.

She made every effort to maintain harmony in the family, that is why she earned the sobriquet of "Annapurna" from Shri Chandra Swamiji.

If any one asked her, if she had any unfulfilled wish, she said she had none and neither did she have any new wish, so contended was her life.

She left us for the heavenly abode on 10th July 2020, but her memories live on .She will always be remembered for her social service , her humility and her virtuous life.

**Translator : Mrs. Sandra Moss**
**Vice Principal,**
**Shri GHG Com. & DDN BBA College**

continue from page 22

બતાવ્યો. ઘર, પરિવાર, જવાબદારી, સ્નેહનું સિંચન, પ્રેમનો પમરાટ, આ બધા જ મોતીની માળા બનાવીને સમગ્ર પરિવારને ખૂબ લાગણીથી બાંધી રાખનાર શ્રી લીલાવતીબેનને શ્રી ચંદ્રાસ્વામી 'અન્નપુર્ણા' કહીને સંબોધે એમાં જરાય અતિશયોકિત નથી. સૌજન્યશીલ વ્યકિતત્વ ધરાવતા લીલાવતીબેનને પૂછીએ કે તમારી કંઈ ઈચ્છા હજી અધૂરી છે ? ત્યારે આ જળકમળવત જીવન જીવનાર આ મહાન નારી રત્ન કહેતા કે મારી કોઈ ઈચ્છા અધૂરી પણ નથી. ને નવી ઈચ્છા જન્મ પણ લેતી નથી. આમ, સમગ્ર પરિવાર માટે વટવૃક્ષની ભૂમિકા ખૂબ કુનેહપૂર્વક ભજવનાર શ્રી લીલાવતીબેને ૧૦/૭/૨૦૨૦નાં રોજ અનંતની વાટે પ્રયાણ કર્યું. એમની પરમ ચેતના મહાવીર સ્વામીમાં લીન થવા દિવ્ય માર્ગે ચાલી નિકળી પણ શ્રી લીલાવતીબેન તેનાં ઉમદા સ્વભાવ સમાજસેવા, પરિવાર ભાવના, ભકિતભાવ અને દરિયાદિલી દ્વારા સૌના હૃદયમાં અમર પદ પ્રાપ્ત કરી ગયા.

## M.P. SHAH CHARITABLE FOUNDATION

### શ્રી અનંત એમ.પી. શાહનું બ્રિટનના મહારાણી દ્વારા યુ.કે.ના સર્વોચ્ચ એવોર્ડથી સન્માન



શ્રી અનંતભાઈ શાહનો જન્મ નાયરોબી, કેન્યામાં થયો. તેમણે થોડા વર્ષો ભારતમાં વિતાવ્યા અને ત્યારબાદ પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણ લંડનમાં પૂરું કરી 'લંડન સ્કૂલ ઓફ ઈકોનોમીક્સ'માંથી સ્નાતક (B.Sc. - Economics) ની ડિગ્રી પ્રાપ્ત કરેલ.

વર્ષ ૧૯૭૩માં તેમણે પોતાના મોટાભાઈ વિપીનભાઈ સાથે મળીને 'મેઘરાજ ગ્રુપ'ની સ્થાપના કરી ફાઈનાન્સયલ સર્વિસ સેકટરમાં પદાર્પણ કર્યું. 'મેઘરાજ બેંક' યુનાઈટેડ કિંગડમની પ્રથમ ખાનગી બેંકો પૈકીની એક છે જેણે યુ.કેમાં ભારતીય લોકોને બહોળા પ્રમાણમાં સેવા આપેલ.

યુવાનીના સત્યાવીસ વર્ષ આર્થિક ઉપાર્જનમાં વિતાવ્યા બાદ, સમાજ-સેવક અને દાનેશ્વરી તરીકે જગ-વિખ્યાત પિતાશ્રી મેઘજીભાઈના ચિંધ્યા માર્ગે પોતાની શેષ જિંદગી સમાજ સેવા માટે અર્પણ કરવાનો નિર્ણય કરી ઈ.સ. ૨૦૦૦ થી સમાજ સેવાના કાર્યોમાં પ્રવૃત થયા.

શ્રી મેઘજી પેથરાજ શાહ પરિવારથી ચાલતી અનેક સંસ્થાઓથી દરરોજ લગભગ ૩૫૦૦૦ થી વધુ લોકો લાભાન્વિત થાય છે. માદરે વતન જામનગરમાં શ્રી એમ.પી.શાહ મ્યુ. ટાઉનહોલ, શ્રી એમ.પી.શાહ મ્યુ. વૃધ્ધાશ્રમ, શ્રી એમ.પી. શાહ કોમર્સ કોલેજ, શ્રી કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, એનિમલ હેલ્પલાઈન, જામનગર જીલ્લામાં અનેક શાળાઓ તથા છાત્રાલયો જેવી અનેક સખાવતો તો કરી જ પણ સાથે સાથે સુરેન્દ્રનગર, કડી, વાઘોડીયા, પાલીતાણા, ભાવનગર, સાવરકુંડલા, લીમડી, મુંબઈ વી.માં શૈક્ષણિક સંકુલ અને દિલ્હી સ્થિત ગુજરાતી સમાજમાં ઓડીટોરીયમ જેવા અનેક અનુદાન સમગ્ર ભારતમાં કરી તેમણે સમાજનું ઋણ અદા કરવાનો અનોખો પ્રયાસ કર્યો છે.

જામનગર સ્થિત શ્રી એમ.પી.શાહ મેડીકલ કોલેજમાંથી ૧૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ડોકટરની ઉપાધી મેળવી સમાજ સેવામાં કાર્યરત થયા છે. તો, અમદાવાદ સ્થિત શ્રી એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલની તેની ઉચ્ચ કક્ષાની સેવાઓને કારણે, સમગ્ર ભારતમાં દ્વિતીય ક્રમે ગણના થાય છે.

આ પરિવાર દ્વારા અનુદાનિત અનેક સંસ્થા માટે પોતાનો અનુલ્ય સમય આપવા ઉપરાંત શ્રી અનંતભાઈ ભારતીય વિદ્યાભવન, Institute of Jainology, Brooke, Scope, Global Giving, Trees for Cities, Animal interfaith Alliance, iPartner India, ProVeg, Citizens Advice Enfield, Faraja Cancer Care જેવી અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી અથવા સલાહકાર તરીકે સેવારત છે.

આવા શ્રી અનંતભાઈને, તા. ૧૦ ઓકટોબરના રોજ, તેમના શિક્ષણ, એનિમલ વેલ્ફેર તથા સ્વાસ્થ્ય ક્ષેત્રમાં બહુમુલ્ય પ્રદાન બદલ, યુ.કે.ના મહારાણી દ્વારા "ઓ.બી.ઈ" (ઓર્ડર ઓફ ધ બ્રિટીશ એમ્પાયર) પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ છે. યુનાઈટેડ કીન્ગડમ દ્વારા આપતા સર્વોચ્ચ ખિતાબોમાં સી.બી.ઈ. (કમાન્ડર ઓફ બ્રિટીશ એમ્પાયર) પુરસ્કાર પ્રથમ ક્રમનો : "ઓ.બી.ઈ." પુરસ્કાર બીજા ક્રમનો અને એમ.બી.ઈ (મેમ્બર ઓફ બ્રિટીશ એમ્પાયર)એ ત્રીજા ક્રમનો પુરસ્કાર છે.

આમ, જામનગરનાં મૂળ વતની, હાલારી વિશા ઓશવાળ જ્ઞાતિનાં શ્રી અનંતભાઈનું બ્રિટનનાં મહારાણી દ્વારા "ઓ.બી.ઈ" તરીકેનું યુ.કે.નાં દ્વિતીય ક્રમનાં સર્વોચ્ચ પુરસ્કારથી બહુમાન થયું તે સમગ્ર ભારતવાસીઓ માટે ગૌરવ અને ગર્વની વાત છે.

## અવિસ્મરણીય યાદો..... સુશ્રી અંજના આશર

રજૂઆત : શ્રીમતિ બંસરી ભટ્ટ
PRO, શ્રી એલ. જી. હરિયા સ્કૂલ



માણસની પ્રવૃતિમય જીવનશૈલીમાંથી જ્યારે તેનો નિવૃતિનો સમય આવે એટલે વ્યકિતએ કરેલી સદ્‌પ્રવૃતિઓનું એક પાવન ઝરણું એની સાથે જોડાયેલ તમામ વ્યકિતઓનાં માનસપટ્ટ પર સતત વહેતું રહે છે. નિવૃતિ લીધેલ વ્યકિતની અખંડ યાદો જ્યોત બનીને સતત ઝળહળતી રહે છે. આજે આવી જ એક અવિસ્મરણીય વ્યકિતની શિક્ષણ યાત્રાને ફરીથી વાગોળીએ.

આજે વાત કરીએ સુશ્રી અંજના આશરની.

સુશ્રી અંજના આશર, ડાયરેકટર ઓફ એજયુકેશન (હરિઆ ગ્રુપ ઓફ સ્કૂલસ) તરીકે તા. ૩૦ એપ્રિલ ૨૦૨૦ના રોજ રીટાયર્ડ થયા. તેમણે શાળા તથા ટ્રસ્ટનો કાર્યભાર છોડયો પરંતુ દરેકના હદય પર અવિસ્મરણીય યાદોની અમીટ છાપ મૂકતાં ગયાં.

તેમની કારકીર્દીની વાત કરીએ તો તેમણે ૧૯૮૧માં 'એરફોર્સ સ્કૂલ' માં પ્રાથમિક શિક્ષક તરીકે પોતાની કારકીર્દીની શરૂઆત કરી. બે વર્ષની કામગીરી બાદ કેન્દ્રિય વિદ્યાલય ૨માં ૨૦ વર્ષ સુધી શિક્ષણ જ્ઞાનની યાત્રા ચાલુ રહી. ૨૦૦૪માં સ્વૈચ્છિક નિવૃતિ લઈ શ્રી એલ.જી.હરિઆ સ્કૂલમાં પ્રિન્સિપાલ તરીકે જોડાયા.

હરિઆ સ્કૂલનાં પ્રિન્સિપાલ તરીકે શાળાનાં વિકાસ માટે તનતોડ મહેનત કરી શાળાને સફળતાનાં શિખર સુધી લઈ ગયા. તેમના કાર્યકાળમાં તેમણે કે.જી. વિભાગને એક નવી જ ઓળખ અને શૈક્ષણીક સૌંદર્ય પ્રદાન કર્યું. જુદી જુદી સ્પોર્ટસ એકટીવીટીની શરૂઆત કરી, જુદી જુદી કલ્ચરલ એકટીવીટીમાં પોતાની ક્રીએટીવીટી પ્રસ્થાપિત કરી, શાળામાં વિદ્યાર્થીઓ તથા વાલીઓ સાથેનો સંસર્ગ વધાર્યો, શાળામાં ઈન્ફ્રાસ્ટ્રકચર લેવલે આધુનિક ફેરફારો કરી શાળાને જામનગરની ઉચ્ચ કક્ષાની શાળાઓમાં સ્થાન અપાવ્યું. રમત ગમતની અલગ અલગ પ્રવૃતિઓ દ્વારા શ્રી એલ. જી. હરિઆ સ્કુલનાં નામને રોશન કરીને ધ્રુવ તારો બનાવવામાં શ્રી અંજના આશરનો સિંહ ફાળો રહયો છે. શાળાની સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં પોતે કુનેહ પુર્વક પોતાની કાર્યદક્ષતા દ્વારા કાર્યક્રમોને અભૂતપૂર્વ સફળતા અપાવી અને તેમાં ચાર ચાંદ લગાવી દેતા સૌએ જોયા જ છે.

આ ઉપરાંત ઓશવાળ એજયુકેશનનાં અન્ય પ્રોજેકટસ જેવા કે હરિઆ ગ્લોબલ સ્કૂલ જેના કન્સ્ટ્રકશનથી માંડીને ઈન્ટીરીયર ડીઝાઈનીંગ, ફર્નિચર, શૈક્ષણિક સંશાધનો, શાળા માટે ઉમદા સ્ટાફની વરણી CBSE AFFILIATION ની તમામ કાર્યવાહી વગેરે પોતાની સૂઝ બૂઝ અને મહેનતથી સફળતાપૂર્વક પાર પાડી.

શાળાનાં શૈક્ષણીક વિકાસ માટે અલગ અલગ સેમિનાર યોજીને શિક્ષણનાં સ્તરને ઊંચુ લાવવાનું ભગીરથ કાર્ય પણ શ્રી અંજના આશરને ફાળે જાય છે. જુદા જુદા વિષયનાં શિક્ષકો પોતાનો વિષય વિદ્યાર્થીઓ સમક્ષ ખુબ જ રસપ્રદ અને સરળ રીતે ભણાવી શકે તથા વિદ્યાર્થીઓ એને ખૂબ જ સરળતાથી સમજી શકે તેવા ઉમદા હેતુથી શાળામાં અલગ અલગ વિષયના વર્કશોપ યોજીને શિક્ષકોને પોતપોતાનાં વિષયમાં પાવરધા બનાવવા એ શ્રી અંજના આશરનો ઉચ્ચ ધ્યેય રહેતો.

ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટનું નવું નઝરાણું એટલે કે 'લીલાવતી નેચરકયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટર', લાખાબાવળ માટે પણ કન્સ્ટ્રકશનથી માંડીને રાત દિવસ જોયા વિના અથાગ મહેનત અને કઠોર પરિશ્રમ કરીને લીલાવતી નેચર કયોર એન્ડ યોગ રીસર્ચ સેન્ટરને સફળ બનાવવામાં સતત સક્રિય રહયા છે. ઈન્ટીરીયર ડીઝાઈનીંગ, ફર્નિચર, સંશાધનો તથા નાનામાં નાની ચીજવસ્તુ સફળતાપૂર્વક પાર પાડવામાં સંસ્થાને ખૂબજ મદદરૂપ રહયા.

ટ્રસ્ટનાં આવા ઘણાં બધાં નાના મોટા પ્રોજેકટસ, કાર્યક્રમો વગેરેમાં મોખરે રહી સ્કુલને આગળ લઈ જવામાં પોતાનું અમુલ્ય યોગદાન આપ્યું છે. સુ શ્રી અંજના આશરનો સાલસ, ઉમદા, કર્તવ્યનિષ્ઠ અને મળતાવડો સ્વભાવ સૌનાં હૃદયમાં એમની એક અલગ જ છબી પ્રસ્થાપિત કરે છે. તેમની કામ કરવાની શૈલી અને સૌને સાથે રાખીને સંસ્થાનાં વિકાસ માટે સતત કાર્યરત રહેવાની કળા ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ કાયમ યાદ રાખશે. તેમની નિવૃતિ બાદ સંસ્થાને સદૈવ તેની કમી મહેસુસ થાય છે.

ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, કમીટી મેમ્બર્સ અને સ્ટાફગણ સુ શ્રી અંજના આશરને તેમની આગળની કારકીર્દી અને નિરામય, તંદુરસ્ત જીવન રેખા માટે શુભેચ્છાઓ પાઠવે છે.

## ઓશવાળ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ગોસરાણી કોલેજ નાં એન. એસ. એસ., એન. સી. સી. કેડેટ્સ - રાષ્ટ્રનાં કોરોના વોરીયર્સ



જામનગરની જી. એચ. ગોસરાણી કોમર્સ એન્ડ શ્રી ડી. ડી. નાગડા બીબીએ કોલેજના એન એસ. એસ. અને એન. સી. સી. સ્વયંસેવકોની ટીમ કોરોના વાઈરસ મહામારીમાં ખડે પગે લોકોની સેવામાં કાર્ય બજાવી રહયા છે. જેમાં તે જામનગરની જનતાની સલામતી માટે પોતાના સ્વાસ્થ્ય ને જોખમમાં મૂકી ધોમધખતા તાપમાં શહેરનાં અલગ અલગ વિસ્તારોમાં લોકડાઉનનાં સંપૂર્ણ પાલન માટે પોલીસ કર્મચારીઓનો હાથ બટાવી રહયા છે.સોશ્યલ ડિસ્ટન્સિંગ વિષે જાગૃતતા આપી રહયા છે. આ સમગ્ર કામગીરી કોલેજ ના પ્રિન્સિપાલ શ્રીમતી સ્નેહલ કોટક પલાણ, એન એસ. એસ. પ્રોગ્રામ ઓફીસર શ્રીમતી અકસા દુરાની ખત્રી, એન. સી. સી. પ્રોગ્રામ ઓફીસર લેફટેનન્ટ પ્રભાન્સુ અવસ્થી અને પ્રો. અસ્મિતા ઝાલા અને જામનગર જીલ્લાના પોલીસ ઓફિસર શ્રીમાન સલીમ સાટી ના માર્ગદર્શન હેઠળ તમામ સ્વયંસેવકો રાષ્ટ્રસેવા અને જનજાગૃતિનું કાર્ય કરી રહયા છે.

# જય જય શ્રી આશાપુરા માતાજી

## ।। હાર્દિક સ્મરણાંજલી ।।

### ગામ : જોગવડ



શ્રી હેમરાજ લખધીર ગુડકા
જન્મ : ઈ.સ.૧૯૦૦
સ્વર્ગવાસ : ૧૦.૦૬.૧૯૫૮



શ્રીમતી હિરૂબેન હેમરાજ ગુડકા
જન્મ : ઈ.સ.૧૯૦૬
સ્વર્ગવાસ : ૦૫.૧૦.૧૯૬૩



શ્રી કરમશી હેમરાજ ગુડકા
જન્મ : ૧૯.૦૩.૧૯૩૦
સ્વર્ગવાસ : ૧૮.૧૧.૨૦૦૪



શ્રીમતી કસ્તુરબેન કરમશી ગુડકા
જન્મ : ૦૮.૦૭.૧૯૩૪
સ્વર્ગવાસ : ૨૬.૦૯.૨૦૧૭



શ્રી વેલજી હેમરાજ ગુડકા
જન્મ : ૧૩.૦૪.૧૯૩૨
સ્વર્ગવાસ : ૨૫.૧૦.૨૦૦૨



માવડી કસ્તુરબેન વેલજી ગુડકા
જન્મ : ૧૨.૦૯.૧૯૩૫
સ્વર્ગવાસ : ૧૬.૧૧.૨૦૧૫



શ્રી હરખચંદ હેમરાજ ગુડકા
જન્મ : ૨૫.૧૧.૧૯૩૪
સ્વર્ગવાસ : ૧૪.૧૨.૨૦૦૦

ધરતી શોભે છે વનરાય થી, વનરાય શોભે છે વૃક્ષો થી.
વૃક્ષો શોભે છે ફૂલો થી, ફૂલો શોભે છે સુગંધ થી
એમ જ અમે શોભીએ છીએ, તમારી સાથેના ઋણાનું બંધનથી.

શ્રી કાન્તિલાલ હેમરાજ ગુડકા
શ્રી અજયકિરણ કાન્તિલાલ ગુડકા
શ્રી નયન કાન્તિલાલ ગુડકા
શ્રેયા અજયકિરણ ગુડકા
રેયાંશ નયન ગુડકા

શ્રીમતી હંસાબેન કાન્તિલાલ ગુડકા
શ્રીમતી હર્ષાબેન અજયકિરણ ગુડકા
શ્રીમતી નેહલબેન નયન ગુડકા
કેરવી અજયકિરણ ગુડકા
શનાયા નયન ગુડકા

શ્રીમતી આનંદી અજેય ગોસરાણી

શ્રી કાન્તિલાલ હેમરાજ ગુડકા મો.: ૯૮૨૦૦ ૩૫૫૨૬ / ૮૪૪૬૬૨૧૪૧૪
શ્રી અજયકિરણ કાન્તિલાલ ગુડકા ઘર : ૨૪૦૯૨૪૮૩ / ૨૪૦૯૩૦૧૦ શ્રી નયન કાન્તિલાલ ગુડકા ઘર : ૨૪૦૮૧૪૧૪ / ૨૪૦૯૧૪૧૪

ANUPAM INDUSTRIES
House of Aromas

ASHAPURA AROMAS PVT. LTD.
An Anupam Group Enterprise

Unit 22, Champaklal Industrial Estate, Sion (East), Mumbai - 400 022. (INDIA).
Tel.: +91-22-4355 5100 / 9769001414 • Fax : +91-22-2407 6336 • Email : contact@anupamindustries.com • Website : www.anupamindustries.com

# શ્રદ્ધાંજલિ

## સ્વ. વિનોદભાઈ વલ્લભભાઈ ચોટાઈ



આપની આમ અચાનક અને અણધારી વિદાયથી કાળજુ કંપી ગયું. સૂર્યનો મધ્યાહને અસ્ત ખરેખર આઘાતજનક છે. આપનો નિખાલસ સ્વભાવ, હળી મળીને રહેવાની ઉમદા ભાવના ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ તરફની આપશ્રીની લાગણીઓ.... આ બધું જ એક પછી એક માનસપટ્ટ પર આવ્યા જ કરે છે. સ્મરણોનો દરિયો કાંઠા પર યાદની રેતી પાથર્યા જ કરે છે. આપ હયાત નથી એ વાત માનવા મન માનતું નથી. આપશ્રી આપના ઉમદા કાર્યો અને મિલનસાર સ્વભાવ દ્વારા સદૈવ અમારી વચ્ચે સ્મરણકુંજ બનીને મહેકયા કરશો. આપના જીવનપથને અનુસરતા ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ આપને શ્રધ્ધા સુમન અર્પે છે.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ
જામનગર

## ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી



ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી. જી.એચ. ગોસરાણી કોમર્સ, શ્રી ડી.ડી. નાગડા બી.બી.એ. કોલેજ, શ્રીમતી ચંદ્રમણીબેન ઝવેરચંદ મેઘજી ગોસરાણી બી.સી.એ, શ્રી જે.વી.આઈ.એમ.એસ. એમ. સી. એ., એમ.બી.એ અને આઈ. એમ.બી. એ કોલેજ દ્વારા સ્વાર્તે દિન નિમિતે ૧૫ ઓગસ્ટ ૨૦૨૦ને શનિવારનાં રોજ સવારે ૯.૩૦ કલાકે ધ્વજવંદનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ ના કમિટી મેમ્બર શ્રી બીપીનભાઈ ઝવેરીના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બી.કોમ, બી.બી.એ, ના સ્ટાફ દ્વારા દેશ ભકિત ગીત રજુ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંપ્રત સમયની જરૂરીયાત જેવી કે માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સિંગ વગેરેનું ચુસ્ત પાલન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઓ.ઈ.ટીના કમિટી મેમ્બર શ્રી બીપીનભાઈ ઝવેરી, કેમ્પસ ડાયરેકટર શ્રીમતી સ્નેહલ કોટક પલાણ, જે.વી.આઈ.એમ.એસ.ના ડાયરેકટર ડો. શ્રી અજય શાહ અને બી.સી.એ. કોલેજના પ્રિન્સીપાલ શ્રીમતી હેતલ સાવલાએ હાજરી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કેમ્પસ ડાયરેકટર શ્રીમતી સ્નેહલ કોટક પલાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# શ્રદ્ધાંજલિ

## સ્વ. મગનલાલ મોતીચંદ ચંદરિયા



આપની અણધારી વિદાય સૌ માટે દુ:ખદાયક રહી. સમાજોથ્થાનમાં આપે જે યોગદાન આપ્યું છે એ માટે આપ સદૈવ સમાજનાં પથદર્શક બની રહેશો. અન્યને આપના જીવનમાંથી પ્રેરણા લઈને સમાજ કલ્યાણનાં કામમાં આપનું જીવન કવન હંમેશા ઉપયોગી રહેશે. આપનો મિલનસાર, પ્રેમાળ અને ઉદાર સ્વભાવ કાયમ સૌના હૈયામાં સ્થાપિત રહેશે. સમાજલક્ષી આપનો અમૂલ્ય સિંહફાળો આપની જીવન જીવવાની કળા અન્યને શીખવતો રહેશે. આપની પરમ ચેતના અમરત્વ તરફ ગતિ કરે એવી પ્રાર્થના સાથે ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ આપને શ્રધ્ધા સુમન અર્પે છે.

ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ
જામનગર

# Blast from the past:
# Return of old TV shows in lockdown more than just nostalgia




The future looks fragile. The present is lonely and adrift. Only the halcyon days of the past make sense in the time of isolation, shortages, conflict and deprivation. The quip that the streets were empty when Ramayan played on Doordarshan (in the 1980s) and Mahabharat plays when the streets are empty summarises the relevance of lost meaning—anchoring us in a fantasy of stability. To ace the social-distancing act, people are plundering memories for comfort and belonging.

The corny cardboard arrows and Arun Govil's sotto voce homilies are strangely reassuring. And suddenly, we wanted more of it: Amul ran its old advertisements that synced with the original broadcast date of Ramayan and Mahabharat.Getting lost in the sepia-toned era of films; or exploring the stories of the past—entrepreneurs across the spectrum are aiding journeys into the past which will remain untouched long after the virus is a nasty memory. As its said, so perfectly sums it up,




**"Childhood memories and flavours become a part of our subconscious."**

**Pressing the rewind button to shows that were wholesome, fun and told their stories sans artifice is perhaps the best antidote to the stresses of today when the country is locked in to stave off a pandemic, say some of those who rang in the golden age of TV in the 1980s and 1990s.**

**Shows such as, 'Yea jo he jindagi','Dekh Bhai Dekh','Shriman Shrimati''Sarabhai vs Sarabhai', 'Buniyaad' , 'Office Office' and 'Khichdi'are about nostalgia, of course, but are also helping the younger generation discover a gentler India.**


**If there is a Show that has redefined Television in India, it is undoubtedly and unquestionably Yeh Jo Hai Zindagi.** This show can be considered a cult classic and was initially aired in the year 1984. Brilliant performances by veterans like Satish Shah, Shafi Inamdar, Swaroop Sampat and Rakesh Bedi elevated the show to unmatchable heights. **Its popularity can be gauged from the fact that video stores in London would await periodically for the copy of the serial's tape. Even the box office openings in cinemas were affected due to the airing of the show.**




**"These shows have been a part of many generations. So people get a lot of hope, joy, and laughter. Their return is also giving the audience freedom from the current crop of shows which glorify a regressive mindset,"**

**"Except for the digital platform, there is nothing new to watch on TV because shoots have stalled. So the best thing is to get these iconic shows back on TV. All the shows are available on YouTube or other digital platforms... But television still has its own charm. I feel watching those old shows again brings a smile on our faces which is so important in these times,"**

Actors Arun Govil and Deepika Chikhalia, the original Ram-Sita of Indian TV, believe their show 'Ramayan' will bring generations - old and young - together as the world grapples with the coronavirus pandemic.




**"It was the right time because the scenes are so gloomy and economically, we are bad, at every stage and phase, the world is suffering. People can just sit back and pray to God and hope we all come out of it,"**

**The first four episodes of The Ramayan's lockdown rerun170 million viewers, with between 34 million and 51 million people tuning into each instalment were watched by a staggering t, making its state-run broadcaster, Doordarshan National, the**

continue on page 29

continue from page 28

**most-watched TV channel in the country, when it hadn't been in the top 10 beforehand. On 16 April, The Ramayan was viewed by 77 million people, apparently setting a world record for the most-watched TV show globally (in comparison, The Big Bang Theory's finale drew 18 million viewers, while 19.3 million watched the last episode of Game of Thrones).**

Amid the current revival, enthusiasm for the epic has taken new forms. **Google searches for the series in India shot up 10 times in the past month. The new generation of Ramayan fans are sharing Ramayan memes on Twitter and TikTok videos of kids lip syncing dialogue and families worshiping the images of the gods by putting garlands near their televisions. There is even a hashtag, the #Ramayaneffect, to describe, for example, how children are purportedly more respectful after watching the show.**

"It's content that people haven't seen before because most Indians weren't born" when it was first broadcast. "It's also content people can happily rewatch."

**"Nostalgic entertainment gives our lives a sense of personal history, meaning and belonging, as we appreciate our connection with our communities and significant others, and ourselves,"**

Prepared by
Jeepal Patel
CEO ( Admin)
Oshwal Education Trust

## જામનગરને ગ્રીનનગર બનાવતું અભિયાન



'છોડમાં રણછોડ છે.' ની મહાન સંસ્કૃતિને વરેલા આપણાં ભારતમાં વૃક્ષોને દેવ ગણવામાં આવ્યા છે. આવુ જ એક અભિયાન 'ઘર દીઠ એક વૃક્ષ વાવો, સૌ પર્યાવરણ બચાવો' જેવા સંકલ્પ સાથે સદ્ભાવના વૃધ્ધાશ્રમ તથા શ્રી હરિયા સ્કૂલ કમિટી મેમ્બર શ્રી ભાવેશભાઈ હરિયાનાં સંયુક્ત ઉપક્રમે સમગ્ર જામનગરને હરિયાળુ નગર બનાવવા માટે ખૂબ ઉમદા પ્રયાસો કરવામાં આવી રહયા છે. 'ઘરદીઠ એક વૃક્ષો વાવો'ની સેવાકીય ઝુંબેશમાં શ્રી ભાવેશભાઈ અમૃતલાલ હરિયા (ગોઈજ) પરિવારનું માતબાર યોગદાન છે. શ્રી અમૃતલાલ નરસી હરિયા પરીવાર દ્વારા ગોઈજ ગામે ૪૦૦ વૃક્ષો રોપવામાં આવ્યા છે. જામનગરમાં સાત રસ્તાથી રોઝી પેટ્રોલ પંપ સુધી વિનામુલ્યે પીંજરા સાથે વૃક્ષો વાવીને પ્રકૃતિ અને પર્યાવરણ તરફ જામનગરને એક નવો રાહ ચીંધ્યો છે.

સદ્ભાવના વૃધ્ધાશ્રમ - રાજકોટનાં સંચાલક અને ગ્રીનમેન તરીકે ઓળખાતા વન પંડિત એવોર્ડ વિજેતા શ્રી વિજયભાઈ ડોબરિયાએ આદરેલા આ અભિયાનમાં શ્રી ભાવેશભાઈ અમૃતલાલ હરિયા, શ્રી કેશુભાઈ વિરમભાઈ કારાવદરા તથા પુંજાભાઈ જેસાભાઈ કારાવદરાએ પણ ખભે ખભો મિલાવીને આ સેવાયજ્ઞમાં પોતાનું યોગદાન આપ્યું છે. શ્રી ભાવેશભાઈ હરિયા પરિવારનું યોગદાન શ્રી રાજેશભાઈ તથા પરેશભાઈનાં હસ્તે રહયુ છે. સાથે સાથે કેતનભાઈ હસમુખભાઈ વોરા તથા શ્રી અલ્પેશભાઈ જોબનપુત્રાએ પણ આ અભિયાનમાં પોતાનું સરાહનીય યોગદાન આપ્યું છે.



શ્રી ભાવેશભાઈ અમૃતલાલ હરિયા હસ્તે શ્રી રાજેશભાઈ તથા પરેશભાઈ તરફથી આ ઉમદા પ્રવૃતિની સાથે ગોઈજ ગામે પ્રાથમીક શાળામાં બાળકોને પીવાનું સ્વચ્છ પાણી મળી રહે એવા ઉમદા હેતુથી શાળામાં પાણીનાં ટાકાંની વ્યવસ્થા પણ સ્વ ખર્ચે ઉભી કરી છે.

જામનગરને ગ્રીન નગર બનાવવાની આ પ્રવૃતિમાં નગરજનો પૂરો સાથ સહકાર આપે એવી આ બધા જ સહયોગીઓની અપીલ છે.

## વતન પ્રત્યેની અનેરી સ્નેહગાંઠ

શ્રી અમૃતલાલ નરસી હરિયા પરિવાર ગોઈજ વાળા (કેન્યા) હાલ જામનગર તરફથી પોતાનાં વ્હાલા વતન એવા ગોંઈજ ગામમાં પણ સ્કૂલ પરિસર, મંદિર, સ્મશાનભૂમિ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, આંગળવાડી વગેરે જગ્યાઓની આસપાસ ચારસો જેટલા વૃક્ષો વાવીને માતૃભૂમિને હરિયાળી બનાવવા માટે ખૂબ જહેમત ઉઠાવી છે. પોતાનાં વતનને લીલુંછમ રાખવા માટે થઈ રહેલા આ ભગીરથ કાર્યમાં સમગ્ર ગ્રામજનો પણ વૃક્ષના જતનની ખેવના રાખતા થયા છે.

સાથે સાથે ગોઈજ ગામે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પીવાના પાણીની મુશ્કેલીમાંથી મુકિત મળે એ માટે શ્રી અમૃતલાલ નરસી હરિયા પરિવાર હસ્તે રાજેશભાઈ અમૃતલાલ હરિયા, પરેશભાઈ અમૃતલાલ હરિયા તથા ભાવેશભાઈ અમૃતલાલ હરિયા જહેમત ઉઠાવીને ગોઈજ ગામે પ્રાથમિક શાળાના બાળકોને પીવા માટે સ્વચ્છ અને મીઠું પાણી મળી રહે એ ઉમદા હેતુથી શાળામાં પાણીનો ટાંકો બનાવવામાં પોતાનું ઉમદા યોગદાન આપીને માતૃભૂમિ તરફ પોતાનો પ્રેમ વ્યકત કર્યો છે. આમ, જળ અને જીવન બંનેની સેવાકીય પ્રવૃતિમાં શ્રી અમૃતલાલ નરસી હરિયા પરિવારે પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે. પર્યાવરણ અને વતન પ્રેમ માટે ગ્રામજનો કાયમ શ્રી અમૃતલાલ નરસી હરિયા પરિવારને સ્નેહે યાદ રાખશે.

# ધી નવાનગર કો - ઓપ. બેંક લી. 'ઝા' પરિવારના ગૌરવમાં સદભાગી બની



જામનગરની અગ્રગણ્ય સહકારી બેંક ધી. નવાનગર કો. આપ બેંક લી. હંમેશા શિક્ષણ ક્ષેત્ર પ્રત્યે વિશેષ આદર ધરાવે છે. આ શ્રુંખલામાં શિક્ષણ જગતની કદર કરવાના હેતુથી આપણા જામનગર અને 'ઝા' પરિવારના ગૌરવ સમાન શ્રી આર્યન ઝા કે જેણે સી.બી.એસ.ઈ. બોર્ડમાં ધો. ૧૦ની લેવાયેલ પરીક્ષામાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. તેનું સન્માન બેંકના ચેરમેન શ્રી કિરણભાઈ માધવાણીના હસ્તે બેંકની હેડ ઓફિસ પર કરવામાં આવેલ હતું. આ પ્રસંગે બેંકના મેનેજીંગ ડાયરેકટર શ્રી રમણીકભાઈ શાહ, વાઈસ ચેરમેન શ્રી નાથાલાલ મુંગરા, જો. મેનેજીંગ ડાયરેકટર શ્રી હિતેશભાઈ પરમાર, ડાયરેકટર શ્રી ધીરજલાલ કનખરા, શ્રી કિરીટભાઈ મહેતા તેમજ અન્ય ડાયરેકટશ્રીઓ હાજર રહેલ હતા.

આર્યન ઝાએ ધો. ૧૦ની સી.બી. એસ. ઈ. બોર્ડની પરીક્ષામાં ૫૦૦માંથી ૪૯૯ ગુણ પ્રાપ્ત કરી રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી તેમના માતા - પિતા, સ્કુલ, જામનગર તેમજ ગુજરાતનું નામ રાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યુ છે. આ સિધ્ધિ બદલ આર્યનને ગણતંત્ર દિવસની દિલ્હીની પરેડમાં ભાગ લઈ કેન્દ્રીય મંત્રી શ્રી રમેશ પોખરીયાલના હસ્તે પ્રશસ્તિપત્ર આપવામાં આવેલ તેમજ ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આર્યનને મળવા આમંત્રણ આપી તેની સાથે ગોષ્ઠી કરી આર્યનને દેશની ઉચ્ચતમ સિવિલ સર્વિસીસની તૈયારી કરવા સુચન કરેલ છે જે ગૌરવની બાબત છે. ગુજરાત રાજયના અન્ન અને નાગરીક પુરવઠાના કેબીનેટ મંત્રી શ્રી જયેશ રાદડીયાના હસ્તે પણ તેને સન્માનપાત્ર તેમજ મોમેન્ટો મળેલ છે. આ તમામ સિધ્ધિ બદલ આર્યનને નવાનગર બેંક પરિવાર તરફથી ખુબ - ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ હતા.

TOTAL HOSPITALITY INC.

something for everyone

0288 2660004 | 5 | 6  93288 88011

G-09, Madhav Plaza, Nr. Lal Bungalow, Opp. SBI,
Jamnagar-361 001 (Gujarat).
www.totalhp.in e-mail : jamtravelport@gmail.com

**OUR SERVICES**

- Passport, Visa Assistance & Forex
- Air Ticketing (Dom. & Int.)
- Railway Booking (GOVT. Authorised)
- Worldwide Hotel Booking
- Sports Travel
- MICE Tourism
- Cruise Packages
- Domestic & International Packages
- Group Departures
- Religious Tour
- Vehicles on Rent


DOMESTIC PACKAGES


INTERNATIONAL PACKAGES


CAR RENTALS


SPORTS TRAVEL


AIR BOOKING


RAIL BOOKING

Franchisee of TRAVELPORT
HO.: MUMBAI - 400 053

HEMALI SHAH : +91 98793 00006
PARAS SHAH : +91 96384 44333
CHETAN SHETH: +91 98242 44188

IATA TAAI TAFI

# ઝાકળ બન્યું મોતી

આલેખન : ડો. કુમારપાળ દેસાઈ
સૌજન્ય : ગુજરાત સમાચાર

## ગુરુ દ્રોણ, અર્જુન પ્રત્યે તમે પક્ષપાત કર્યો છે !

સૌથી મોટા વીરને સૌથી વધુ વેદના વરી. કુરુક્ષેત્રનાં યુદ્ધમાં અર્જુનની વીરતાએ પાંડવોને વિજય અપાવ્યો. મહારથિ અર્જુનને સારથિ શ્રીકૃષ્ણની શકિત અને યોજનાનો સાથ મળ્યો, પણ કુરુક્ષેત્રના વિજયને અંતે યુધિષ્ઠિર વિચાર કરે છે કે અમારા બધા ભાઈઓમાં શા માટે અર્જુન જ સૌથી વધુ દુઃખ ભોગવે છે ? કુરુક્ષેત્રના વિજયના રચયિતાના ચહેરા પર વિજયોલ્લાસ હોવો જોઈએ, પણ આ ઉલ્લાસની ક્ષણ પૂર્વે અર્જુન અનેકાનેક આકરા દુઃખમાંથી પસાર થયો છે. સોળ વર્ષના એના અતિપ્રિય પુત્ર અભિમન્યુને એકલો પાડીને છ મહારથીઓએ અધર્મ આચરીને ગદા પ્રહારથી બેભાન કર્યો અને ધરાશાયી અભિમન્યુને પ્રહાર પર પ્રહાર કરીને સાવ છુંદી નાખ્યો.

અર્જુનની બાણવર્ષાથી કૌરવોની અઢાર અૈક્ષોહિણી સેનાના સેનાધિપતિ અતિ પૂજય એવા ભીષ્મનો આખો દેહ વીંધાઈ ગયો અને પિતામહ ભીષ્મને બાણશૈયા પર બાણોની અસહ્ય પીડા ભોગવતા સમગ્ર કુળનો સંહાર થતો જોવાના દુર્દિન આવ્યા. જે ભીષ્મ પિતામહે હસ્તિનાપુરમાં પિતાવિહોણા પાંડવોને ઉછેર્યા અને વિદ્યાવાન બનાવ્યા, એ જ વિદ્યાનો ઉપયોગ એમને પરાજિત કરવામાં કર્યો ?

ભૂરિશ્રવા અને જયદ્રથ પણ અર્જુનને હાથે હણાયા અને છેલ્લે પોતાનો સૌથી મોટો ભાઈ કર્ણ રથનું પૈડું પૃથ્વીમાંથી બહાર કાઢતો હતો, ત્યારે અર્જુનને થોભવાનું કહેવા છતાં એના પણ બાણવર્ષા કરીને એનું આખું શરીર વીંધી નાખ્યું. એક હાથમાં રથનું પૈડું અને એક હાથમાં પરશુરામની વિદ્યાના ખોખા જેવું બ્રહ્માસ્ત્ર રાખીને સૂર્યપુત્ર કર્ણ પૃથ્વી પર ઢળી પડયો હતો.

કુરુક્ષેત્રના અંતે કુંતીએ રડતાં રડતાં કર્ણના જન્મનું રહસ્ય કહયું, ત્યારે અર્જુનના મનમાં શત્રુ કર્ણ પ્રત્યેનો તિરસ્કાર આદરમાં પરિવર્તન પામ્યો. એનાં વચન - વર્તનની કટુતા ભૂલીને કર્ણે અનુભવેલી અપાર વેદનાનો વિચાર કરવા લાગ્યો. કર્ણની એ ભવ્ય અને દિવ્ય મૂર્તિ અર્જુનનાં મનમાં રમવા લાગી. અર્જુન વિચારે છે. 'ઓહ, પોતાનાં કુળના પિતામહ ભીષ્મનો અને પોતાના જયેષ્ઠ ભ્રાતા કર્ણનો હણનારોએ પોતે ? આટલી બધી વ્યથા - વેદના પામનારો અર્જુન કઈ શકિતના બળે આટલું દુઃખ સહન કરતો રહ્યો હશે ?

કુરુશેત્રના યુદ્ધમાં વીર અર્જુનની સ્વસ્થતા અને દ્રઢતા જોઈને સતાલોલુપ દુર્યોધને ગુરુ દ્રોણાચાર્યને એક પ્રશ્ન કર્યો, એણે ગુરુ દ્રોણને પૂછયું, 'સહુ રાજપુત્રોમાં આપને અર્જુન વિશેષ પ્રિય હતો ખરું ને! દ્રોણે સંમતિસૂચક માથું હલાવ્યું,

'આપે બધા રાજપુત્રોને વિદ્યા શીખવી, પરંતુ મને એમ ભાસ છે કે આપે અર્જુનને કંઈક વિશેષ આપ્યું લાગે છે.' આચાર્ય દ્રોણે કહ્યું, 'આચાર્યની વિદ્યા તો સહુને માટે સમાન હતી, પણ અર્જુનને દુઃખ અને યોગ એ બે વધુ મળ્યા છે. તેથી એ આગળ નીકળી ગયો છે.'

આમ અર્જુન પર પડેલાં અપાર દુઃખની સાથે એનો યોગ ભળ્યો અને એને પરિણામે સુખથી સૌથી વધુ વંચિત રહેનારો અને અતિ દુઃખ પામનારો અર્જુન સ્વસ્થ, સમભાવી અને નિશ્ચલ રહ્યો. એણે નિરાશા અને હતાશાને દૂર કરીને સંઘર્ષ, સંહાર અને યુદ્ધને કાળચક્રની સ્વાભાવીક ઘટના તરીકે સ્વીકાર્યો, જે રીતે એણે એના જીવનમાં આવેલી અપરંપાર દુઃખની ઘટનાઓનો વાસ્તવીક સ્વીકાર કર્યો હતો.

---

## ચાર ખંડના જુદા જુદા દેશોમાં
## ડો. કુમારપાળ દેસાઈનાં પર્યુષણ - વ્યાખ્યાનો

કોરોના મહામારીના સમયમાં આ વર્ષે પર્વાધિરાજ પર્યુષણની આરાધના કે વ્યાખ્યાન પ્રત્યક્ષરૂપે થઈ શકે તેમ નહોતા. આવી પરિસ્થિતિમાં જુદા જુદા દેશોમાં લાઈવ અથવા રેકોર્ડેડ વ્યાખ્યાનોનું આયોજન થયું. આ સંદર્ભમાં એક નવી ઘટનાએ બની કે સામાન્ય રીતે કોઈ સેન્ટરના સભાગૃહમાં કે કોઈ અન્ય સ્થળે ચારસો, પાંચસો કે હજાર જેટલા ધર્મરસિકો વ્યાખ્યાન સાંભળતા હોય છે. જયારે આ વખતે પર્વાધિરાજ પર્યુષણ સમયે પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈનાં વ્યાખ્યાનોનું રોજેરોજ લાઈવ પ્રસારણ ડલાસ, હયુસ્ટન, કનેકટીકટ, ઓસ્ટિન, તલસા, ચેરિ હીલ, નીલપિટાસ, નોર્ધન કેલિફોર્નિયા અને મિનેસોટા જેવા જુદાં જુદાં જૈન સેન્ટરોમાં પર્વાધિરાજ પર્યુષણને અનુલક્ષીને કરવામાં આવ્યું. અમેરિકાની 'જૈના' સંસ્થાએ પણ એનું લાઈવ પ્રસારણ કર્યુ હતું. જેનો લાભ દસ હજાર શ્રોતાઓએ લીધો હતો. તો એની સાથોસાથ પર્યુષણના આઠેય દિવસ અમદાવાદના ધર્મજાગૃતિ કેન્દ્ર અને ગુજરાત સમાચાર ટીવી (જી.એસ.ટીવી)પર, મુંબઈમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા કુમારપાળ દેસાઈનાં વ્યાખ્યાનો યોજાયાં હતા જયારે ઈંગ્લેન્ડમાં "વન જૈન" સંસ્થા દ્વારા અને બેલ્જિયમના એન્ટવર્પમાં જૈન કલ્ચર સેન્ટર એન્ટવર્પ દ્વારા આઠેય દિવસનાં પ્રવચનો રજૂ થયાં હતાં. આફ્રિકામાં દારેસલામ જૈન સંઘ દ્વારા પણ રોજેરોજ એમનાં વ્યાખ્યાનો રજૂ કરવામાં આવ્યા. આ રીતે ભારત, આફ્રિકા, યુરોપ અને અમેરીકા એમ ચાર જુદા જુદા ખંડોમાં પર્યુષણને અનુલક્ષીને ડો. કુમારપાળ દેસાઈનાં પર્વાધિરાજ પર્યુષણનો મહિમા, કષાયથી આત્મશુદ્ધિ તરફ, નમસ્કાર મહામંત્રનું રહસ્ય, કલ્પસૂત્રની ગહનતા, ભગવાન મહાવીરનું વિશ્વદર્શન, ગણધરવાદ, જૈન ધર્મનો ગૌરવવંતો ઈતિહાસ અને ક્ષમાપના જેવા વિષયો ઉપર વ્યાખ્યાનો રજૂ થયાં હતાં.

## ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ

### કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં આપણા જ બાંધવોને મદદરૂપ બનવાના સંઘના પ્રયાસો

વિશ્વ જયારે કોરોના મહામારીનો શિકાર બની ગયેલ છે ત્યારે આપણા જરૂરિયાતમંદ જ્ઞાતિજનોની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરી શકાય તેવા સંઘ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવેલ છે. જેમાં કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે અનાજ અને આર્થિક સહાય મેળવતા જ્ઞાતિજનોને જાન્યુઆરી થી માર્ચ કવાર્ટરની સહાય જામનગર મુકામેથી ૧૯૮ પરિવારોને અંદાજીત રૂપિયા ૧૦,૦૬,૫૦૦/- ચુકવવામાં આવેલ.

"સંઘ" ની અનાજ - આર્થીક સહાય યોજનાનો લાભ મેળવતા જરૂરિયાતમંદ જ્ઞાતિજનો સિવાયના જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને ૧૮૦૦ થી ૨૦૦૦ સુધીની અનાજની કીટનું વિતરણ કરવામાં આવેલ જેમાં ૯૯ કીટ જામનગર શહેર તથા ૪૮ કીટનું હાલારના ગામડાઓમાં રૂબરૂ જઈને વિતરણ કરવામાં આવેલ તથા મુંબઈ - ભીવંડી મુકામેથી ૪૨૧ પરિવારોને કીટોનું વિતરણ કરવામાં આવેલ. પ્રથમ વખત રાહત વિતરણ બાદ કોરોના સંક્રમણની પરિસ્થિતિ યથાવત રહેતા લોકડાઉનના સમયમાં વધારો થવાથી ફરી વખત જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને બીજા તબક્કામાં રૂપિયા ૧૩૦૦ સુધીની રાહત કીટનું વિતરણ કરવામાં આવેલ, જેમાં ૧૨૧ કીટ જામનગર શહેર તથા ૫૮ કીટ હાલારના ગામડાઓમાં વિતરણ કરવામાં આવેલ, તેવીજ રીતે મુંબઈ - ભીવંડી મુકામે ૪૮૮ જરૂરિયાતમંદ પરિવારોને કીટોનું વિતરણ કરવામાં આવેલ.

કોરોના કાળની વિકટ પરિસ્થિતિ દાનવીર દાતા પરિવારો તરફથી પણ આગળ આવીને જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને પુરતો સહકાર આપવામાં આવ્યો જેમાં માતુશ્રી કસ્તુરબેન ગુલાબચંદ દેવરાજ શાહ પરિવાર, માતુશ્રી મોંઘીબેન હરખચંદ ગુઢકા પરિવાર તથા માતુશ્રી મણીબેન જીવરાજ મેરગ સાવલા પરિવારના સહયોગથી સંઘના નેજા હેઠળ સંઘની અનાજ-આર્થીક સહાય યોજનાના લાભાર્થીઓને ૫૦૦ તેમજ અન્ય આપાતકાલીન અરજી કરેલ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને પરિવાર દીઠ રૂપિયા ૧૦૦૦/- તેમ કુલ ૩૦૬ પરિવારોને રૂ. ૨,૪૦,૫૦૦/- સહાય આપવામાં આવેલ.

તેવીજ રીતે દાતાશ્રી ઓશવાળ કોલોની જૈન દેરાસર તરફથી સંઘ દ્વારા અનાજ-આર્થીક સહાયના લાભાર્થીઓ તેમજ અન્ય આપાતકાલીન અરજી કરેલ જ્ઞાતિજનોને સંઘના નેજા હેઠળ ૨૯૯ પરિવારોને ૫૦૦ મી. લી. ઘી નું વિતરણ કરી સાધર્મિક ભકિત કરવામાં આવેલ.

સંઘના મૃદુમંગલ બંગલાના દાતા પરિવાર શ્રી મનુભાઈ ચંદરીયા, ચંદરીયા ફાઉન્ડેશન તરફથી સંઘના નેજા હેઠળ બાવન ગામમાં વસતા જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને તેમજ સંઘ દ્વારા આપાતકાલીન સમયની અનાજ-આર્થિક સહાય મેળવતા જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને મદદરૂપ બનવા પીરવાર દીઠ રૂપિયા ૧૩૦૦ અનાજ સહાય માટે સંઘને અનુદાન આપવામાં આવેલ તેમજ શ્રી વિમલનાથ જૈન દેરાસર (હાથીવારું દેરાસર) તરફથી બાવન ગામમાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનો તેમજ સંઘ દ્વારા અનાજ-આર્થીક સહાય મેળવતા જ્ઞાતિજનો ને પરિવાર દીઠ ૫ કી.ગ્રા. કેરીની સાધર્મિક ભકિત કરવામાં આવેલ આમ બંને દાતા પરિવારોના સહયોગથી ૧૧૯ પરિવારોને સહાય આપવામાં આવેલ.

સંઘ સંચાલિત ઓશવાળ કલીનીક ભીવંડી દ્વારા કોરોના મહામારી વચ્ચે રોગપ્રતિકારક શકિત વધારવા માટે હોમિયોપેથી દવાઓની ૫ થી ૬ હજાર બોટલોનું જ્ઞાતિજનોમાં વિતરણ કરવામાં આવેલ.

ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ સમગ્ર ભારતભરમાં જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે કાર્યરત છે. કોરોના કાળની વિકટ પરિસ્થિતિમાં જ્ઞાતિજનોને મદદરૂપ બનવા માટે જામનગર તથા મુંબઈ કાર્યાલયેથી કાર્યકર્તાઓના પ્રયત્નોથી ભારતભરના જ્ઞાતિજન દાતા પરિવાર તરફથી કુલ મળી રૂ. ૩૪,૭૪,૨૭૬/- રાહત ફંડની રકમ નોંધવામાં આવેલ છે અને જરૂરિયાતમંદ જ્ઞાતિજનોના ઘર સુધી સહાય પહોચાડવામાં આવેલ છે તેમજ કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં આપણી જ્ઞાતિની વિવિધ સંસ્થાઓ જેમાં વાપી, સુરત તથા બેંગ્લોર મુકામે સ્થાનિક ક્ષેત્રમાં કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી તેમના વિસ્તારમાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને રાહત વિતરણ કરી 'સંઘ' ને મદદરૂપ બન્યા છે, આ તકે ઓશવાળ શિક્ષણ અને રાહત સંઘ દરેક સમાજ, સર્વે દાતા પરિવારો, કાર્યકરો તેમજ જ્ઞાતિજનો તરફથી 'સંઘ' ને આપવામાં આવેલ સાથ સહકાર બદલ સર્વેનો અંતઃકરણ પૂર્વક હાર્દિક આભાર વ્યકત કરે છે.

## મૈત્રી તથા વાત્સલ્યનું મૂર્તિમંત સ્વરૂપ એટલે
## "ભાનુમતિ પ્રેમધામ"
## (વયસ્ક શ્રમણીજી ભગવંતોનો સ્થિર સાધનાવિસામો)

चारित्रपथदातारं, दीर्घचारित्रपालकं ।
आत्मध्याने सदा मग्नं, स्तोमि भद्रंकरं गुरूम् ॥

આત્માનું કલ્યાણ કરવા માટે ચારિત્ર - સંયમ લેવા નીસરતાં અનેક આત્માઓને જોઈ પ્રત્યેકના મનોહૃદયમાં અત્યંત અહોભાવ તો થતો જ હોય છે, પરંતુ કયારેક તેમાંના કેટલાંક શ્રમણીજી ભગવંતો વયસ્ક થયા પછી અથવા કોઈ અન્ય કારણોસર વિહાર માટે અસમર્થ થયે તેઓના સ્થિરવાસ માટે જે સુવ્યવસ્થા થવી જોઈએ, તે શકય ન બની શકતાં તેઓ એવં તેઓના સમુદાય સમસ્તની સ્થિતિ લાચાર બનતી હોય છે, તે બીનાને અત્યંત ભાવસભર રીતિએ ધ્યાનમાં લીધી :

મૈત્રીના મહાસાગર પૂજય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીના અંતેવાસી શિષ્યરત્નો પૂજય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મ.સા. તથા પૂજય આચાર્ય હેમપ્રભસૂરિજી મ.સા.ની વજ્ર - હેમ જોડી ઉપરાંત વાત્સલ્યવારિધિ પૂજય આચાર્યશ્રી મહાબલસૂરિજી મહારાજાએ - અને રચાયું એક અનોખું 'મૈત્રીવાત્સલ્ય ટ્રસ્ટ", જેના નેજાં હેઠળ અમદાવાદમાં સાધ્વીજી ભગવંતોની દાકતરી સારવાર ઉપરાંત સ્થિરવાસી વયસ્ક શ્રમણીજી ભગવંતોની ગોચરી - પાણી વગેરેની વૈયાવચ્ચ સહિત સુયોગ્ય પ્રભુભકિત તથા આત્મસમાધિ માટે 'ભાનુમતિ પ્રેમધામ'નું થયું અદભૂત સર્જન

પાલીતાણા પછી હવે અમદાવાદ શા માટે ?

આજથી ૧૫ વર્ષ પૂર્વે પાલીતાણામાં ૧૦૦ જેટલા વયસ્ક સાધ્વીજીઓના સ્થિરવાસ માટે સૌ પ્રથમ 'કસ્તુરધામ' સંકુલના સર્જન પછી પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજે તેઓના 'મહોદયધામ' અમદાવાદના સં. ૨૦૭૦ના ચાતુર્માસ દરમ્યાન જાણ્યું કે આશરે ૨૩૯ જેટલા શ્રમણીજી ભગવંતોના સમુદાય વૃદ્ધાવસ્થા કે બિમારીને કારણે અમદાવાદના ફ્લેટ કે નિવાસસ્થાનોમાં આરાધના કરે છે, જેમાંથી અનેકોને કપડા - દવાદિ ઉપકરણો તથા કાળજી લેનાર સેવિકાઓના પગાર જેવી જરૂરીયાતો પણ રહે છે. વળી અમુક રહેણાંક વિસ્તારોમાં આ સ્થિરવાસના વિકલ્પને વિધાયક રીતે લેવાતો નથી અને અન્ય ધર્મીઓના મનમાં જૈનધર્મ માટે સ્હેજ ઊણું બહુમાન પ્રવર્તે, તે શકયતા રહે છે.

ઉપરાંત ગુજરાત - રાજસ્થાન - મધ્યપ્રદેશ વગેરે રાજયોમાંથી પણ અવાર નવાર ગંભીર સ્વાસ્થ્ય કે ફ્રેકચર કે સર્જરીની જરૂરીયાત સાથે સારવાર અર્થે પધારતાં સાધ્વીજી ભગવંતો હોસ્પિટલોમાં યથાયોગ્ય સારવાર કરાવી ડિસ્ચાર્જ થાય, ત્યારે રુગ્ણાલય તરફથી સૂચિત કરાવાય છે કે તેઓએ ૮ કે ૧૫ દિવસ પછી ફરીથી બતાવવા આવવું. હવે એવા સમયે સમુદાયને મુંઝવણ રહે કે આટલો સમય કયા સંઘમાં આશ્રય લેવો ?વળી તેઓ સાથે આવેલ સંસારી પરિવારજનોએ પણ કયાં રહેવું ? વયોવૃદ્ધ શ્રમણીજી ભગવંતોની સમાધિ યથાતથ રહે તે માટે પણ શું વ્યવસ્થા કરી શકાય ?

અમદાવાદ તો ઉતમ 'હોસ્પીટલોનું હબ' છે. તેથી જ ગુજરાત સરકારે પણ 'મેડીકલ ટુરીઝમ' ને પ્રાધાન્ય આપેલું છે. એટલે અહીં તો સારવાર અર્થે શ્રમણો આવતા જ રહેવાના. વળી અહીં પ્રાચીન જિનાલયો અને પૂર્વે શ્રાવકોનાં પૂણ્યતપને કારણે હજુ આજે ય ધર્મસંસ્કારો ઝળહળી રહયાં છે, જેથી શ્રમણોની સંભાળ લેવા અમદાવાદ નગરના શ્રાવિકા બહેનો ખડેપગે સેવા આપવા પણ તત્પર રહે છે, એ વિચારી પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ એવં આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજે પાલીતાણા પશ્ચાત અમદાવાદ નગરને પસંદ કર્યુ છે, જયાં પ્રાય : ૨૦૦ શ્રમણીજી ભગવંતો એકસાથે આરાધના - સાધના - સમાધિમય જીવનનાં અંતિમ વર્ષો ગાળી શકશે.

આ ઉમદા હેતુસહ સં. ૨૦૭૩, કારતક સુદ સાતમના રોજ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજ તથા પરમ પૂજય પંન્યાસપ્રવર શ્રી વજ્રસેનવિજયજી મહારાજ આદિ સેંકડો શ્રમણ ભગવંતોની નિશ્રામાં અમદાવાદના પાલડી વિસ્તારના જૈન નગરમાં આ સંકુલનું ભુમિપૂજન થયું અને વિક્રમી સમયની અંદર જ સં. ૨૦૭૬ના મહા સુદ ૧૪ના દિને પંચાહ્નિકા પ્રભુભકિત સહિતના મહામહોત્સવમાં ત્રિમંઝિલ જિનાલયની પ્રતિષ્ઠા સાથે આ સંકુલનો શુભારંભ થયો. જેમાં શ્રીમદ વિજય પ્રેમસુરીશ્વરજી મહારાજ, શ્રીમદ વિજયરામચંદ્ર સુરીશ્વરજી
મહારાજ, પૂજય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય,શ્રીમદવિજયમહોદયસૂરીશ્વરજી મહારાજા, શ્રીમદ વિજય લલીત શેખર સૂરિશ્વરજી તથા શ્રીમદ વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મહારાજા તથા શ્રી મહાસેનવિજયજી મહારાજાની દિવ્યકૃપા ભળી. વળી

continue on page 34

continue from page 33

અંતરના આશીર્વાદ સાંપડયા શ્રીમદ વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજાના એવં પ્રેરણા ઉપરાંત આશીષ પ્રાપ્ત થયાં છે. શ્રીમદ પંન્યાસ વજ્રસેનવિજયજી ગણિવર્ય તથા શ્રીમદ આચાર્યશ્રી મહાબલસૂરીશ્વરજી મહારાજાના 'પ્રશ્નવ્યાકરણ' શાસ્ત્ર માં કહયું છે કે : **समे य जे सव्व पाणभूएसु सो खु समणे** । અર્થાત જે સર્વ જીવો પ્રત્યે સમભાવ રાખે, તે શ્રમણ છે. બસ,એ જ ઉકિતને સાર્થક કરતા આ શ્રમણદ્વયના વિચારબીજમાંથી ઉદભવેલા આ સંકુલ મધ્યે પ્રવેશ પામેલા શ્રમણીજી ભગવંતો પોતાની સામાચારી પ્રમાણે આરાધના કરશે. મૈત્રીના મધુર પરિણામરૂપ, શાંતરસથી છલકતાં અને વાત્સલ્યથી મહેંકતા આ સંકુલમાં પ્રવેશતાં જ લાગે છે, જાણે **शिवमस्तु सर्व जगतः** । ની રગેરગમાં વણાયેલી તેઓની ભાવનાનો અહીં ખરે જ આવિર્ભાવ થયો છે. ૬૨૦૦૦ ચોરસ ફૂટ જેટલા બાંધકામમાં અહીં સંમિલિત છે અરસપરસ અંદરથી જોડાયેલા ૪ મોટા હોલ સાથે ૪૬ ઉપાશ્રયખંડ, જેમાં આશરે ૨૦૦ જેટલાં શ્રમણીજી ભગવંતો આરાધના કરશે. બ્રાહ્મી, સુંદરી, દમયંતી, સીતા, રાજીમતી, મયણા, ચંદનબાળા, સુભદ્રા, પ્રભાવતી, સુદર્શના, મૃગાવતી, દેવકી, સુલસા, મનોરમા, પ્રિયદર્શના, વામા, કલાવતી, રોહિણી, મદનરેખા,શીવાદેવી, સરસ્વતી, પદ્માવતી, અનુપમા, રેવતી જેવા પૂજનીયા ભગવતીજીઓના ઉપાશ્રયખંડોના નામકરણ જોઈને ઈતિહાસ જાણે અહીં પુન : આકાર લે છે. તદઉપરાંત અધ્યત્મોપનિષદ્વેતા પૂજય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના લિખિત સર્વે ગ્રંથોનું પુસ્તકાલય, ICU તથા રીકવરી રૂમ, તબીબો તથા સહાયકો માટે અલગ ઓરડા, ઔષધ ભંડાર, પાણી ઉકાળવા તથા ઠારવા માટે વારિગૃહ, ભોજનભકિત શાળા, અતિથિઓ માટે વિશાળ પ્રતિક્ષાખંડ, સૌથી ઉપલા મજલે કર્મચારીઓ તથા શ્રાવકોને રહેવાના ૩૪ રૂમ, કાર્યાલય વગેરે સર્વ જે અત્યંત સુઆયોજિત રીતે કંડારાયા છે, તે જોઈ ભાવવિભોર થઈ જવાય તેવું જ છે.

જે સર્વ શ્રમણીજીએ દીક્ષાપર્યાયનો બહુધા સમયખંડ જૈનસંઘોમાં ધર્મની અહાલેક જગાવવા વાવ્યો હોય, તેવા પરમ ઉપકારી આત્માઓનાં અંતિમ વર્ષોની જાળવણી મધ્યે આ સંકુલમાં સૌથી મુખ્ય ધ્યાનાકર્ષક છે તેમાંના ત્રિમંઝીલ કળામય જિનાલયો. પાંચ માળનાં ભવ્ય સંકુલમાં ૩ માળમાં જયાં પૂજનીયા સાધ્વીજી ભગવંતોના ૪૬ ખંડ છે, તે ત્રણેય મજલે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ, શ્રી મહાવીર સ્વામી તથા શ્રી આદિનાથ ભગવાન ઉપરાંત શ્રી મુનિસુવ્રત સ્વામી, શ્રી શાંતિનાથ પ્રભુ, શ્રી નેમનાથ પ્રભુ તથા શ્રી પુંડરિક સ્વામી અને શ્રી ગૌતમસ્વામી ભગવાન પ્રતિષ્ઠિત થયેલ છે. આરસના ભવ્ય ગોખલા, સ્તંભ, છત તથા ફર્શ ઉપરની આરસની દિવ્ય કલાકારીગરી, તથા દરવાજા ઉપરની કાષ્ઠકોતરણી આદિ ઉત્કૃષ્ઠ કસબકૌશલ્ય નીરખીને અભિભૂત થઈ જવાય તેમ છે.

પૂજય ભગવતીજીઓ માટેના પ્રત્યેક ઉપાશ્રયખંડમાં મૂકાયેલ ૨૨ વસ્તુઓ, પારિષ્ઠાપનિકા સમિતિ માટેની દરકાર, વરસાદના પાણી માટેની જયણા તથા જલ ભરેલાં ઘડા ઉપર લઈ જવા અત્યંત અનુકૂળ પડે તેવા ફકત પાંચ – પાંચ ઈંચના પગથિયાં જેવી આહાર – વિહાર માટેની ઝીણામાં ઝીણી બાબતો પ્રત્યેની કાળજી અને સજાગતાભર્યું અપૂર્વ આયોજન જોઈ આપણું શીર નમી પડે તેવું છે.

આ અદભૂત આયોજનનું વિચારબીજ વટવૃક્ષ થઈને મ્હોરી ઉઠે, તે માટે અહીં દાતા પરિવારોએ અત્યંત રાજીપા સાથે પોતાની શ્રી લક્ષ્મીનું દાન કર્યું છે, કેમ કે તેઓ પ્રભુએ કહેલાં વચનો બરાબર રીતિએ સમજયા છે કે : **जो गिलाणं पडिअरई, सो मां पडिअरई** । અર્થાત જે ગ્લાનની સેવા કરે છે, તે મારી જ સેવા કરે છે.

મંગલ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન દર્શન – જ્ઞાન – ચારિત્રના ઉપકરણો સાથેના ઉજમણામાં સૌથી વધુ ઉભરી આવી પૂજય ગુરૂભગવંતોની નિઃસ્પૃહતા, નિરપેક્ષતા અને નિઃસ્વાર્થતા જે સંકુલમાં શ્રી ભદ્રંકર 'કુંદકુંદ સુરિ આરાધના ભવન' એવું નામ જોડાયેલ હોય, ત્યાં એ બંન્ને મહાત્માઓને શોભે તેવી ગરીમાપૂર્ણ ઉજવણી ન હોય, તો જ નવાઈ ને ધન્ય છે પરમ પૂજય પંન્યાસશ્રી 'શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યજીના પૂર્ણયોગરૂપ દિવ્યજીવનની મૈત્રીમંત્ર વિરાસતને આગળ વધારતા તેમના શિષ્ય સમુદાયના આ વૈયાવચ્ચ મહાતીર્થરૂપ પુરૂષાર્થ અને ભાવનાયજ્ઞને

બસ, એક જ અનુનય જન્મે છે મનમાં કે આપણા આ આર્યાવર્તમાં આવા અનુકરણીય કાર્યોની પ્રતિકૃતિ જો પ્રત્યેક મોટા નગરોમાં જોવા મળે તો તો મૈત્રી તથા વાત્સલ્યનો શંખનાદ ખરે જ ચોમેર પ્રસરી ઉઠે! **नमो लोए सव्वसाहूणं** ।

આલેખન : ભારતી દિપક મહેતા, રાજકોટ
સંપર્ક : ૯૮૨૫૨ ૧૫૫૦૦

# મહાસાગરનાં મોતી

સંકલન -વાડીલાલભાઈ દોશી
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ

## સત્વના પાયા ઉપર જ જીવનની ઈમારત અડીખમ ટકી શકે છે......

સત્વના પાયા ઉપરજ જીવનની ઈમારત અડીખમ ટકી શકે છે. પેસા વિના માણસ ભૂખ્યો મરી જાય. સત્વહીન માણસ જીવતો મરી જાય. સત્વવિહોણા માનવની-કુટુંબની-સમાજની-રાજયની-રાષ્ટ્રની-દેશની કે વિશ્વની દશા કેટલી બિહામણી હોય તે કલ્પના કરવી અશકય છે.

આ આર્યભૂમિની જનેતાનો બાંધો જ એવો મજબુત હતો કે તેમાંથી બહાર આવતા સંતાનના મૂળ ઉપર તેજ જગારા મારતા હોય, માટે જ સ્ત્રીની સામે પડકાર ફેંકાયો કે–

જનની જણ તો ભકતજણ કા દાતા કા શુર ।
નહીં તો રહેજે વાંજણી મત ગુમાવીશ નુર ॥

આ ભૂમિ કાં સંતો જણતી કાં શુરો. સંતો અધ્યાત્મિક સમૃદ્ધિના રક્ષક બનતા, શૂરો ભૌતિક સમૃદ્ધિના રક્ષક બનતા, સંતો આંતરશત્રુઓને ભગાડતા, શૂરો બાહ્ય શત્રુઓને ભગાડતા.

કહેવાય છે કે....... સૌરાષ્ટ્રનો ખુંખાર બહારવટીયો જોગીદાસ ખૂમાણ ૮૪ વ્રત નિયમોને ધારણ કરતો, તેના સત્વ અને પવિત્રતાની સીમા નહતી. સંપતિઓ લૂંટતા પણ સ્ત્રીઓ સામે આંખ ઉંચી ન કરતો.

એકદા જોગીદાસ બહારવટામાં સફળ થયો. તેની ખૂશાલીમાં ભાવેણાના ઘણીએ મિજબાની યોજી, જોગીદાસ ત્યાં આવ્યો તો ખરો પણ સૂરા-સુંદરીઓને રોશનીઓની ઝાકઝમાળ જોઈ તે જમીન તરફ નીચું મોઢું ઢાળીને બેસી ગયો.

ઘણીએ કારણ પૂછતા સણસણતો જવાબ આપી દીધો – તમે તો રાજા એટલે તમને રાણી અને ગણીકામાં ભેદ ના હોય બાપુ......!!! પણ અમે સૂરજદાદાના પનોતા પૌત્રા કાઠી છીએ એટલે અમારે મન તો એક માત્ર પત્ની જ રમતી હોય બીજી સ્ત્રી તો મા-બહેન સમાન જ હોય.

બાપુ તો સાંભળીને સજ્જડ થઈ ગયા. કાપો તો લોહી ના નીકળે એવી સ્થિતિ થઈ ગઈ.

પેટ માટે બહારવટુ કરવું પડતું હતું પણ અંતરમાં રામલો હતો. પરલોકનો ભય હતો.. લૂંટારાઓ જરૂર હતા પણ લોહી તરસ્યા કે વાસના ભૂખ્યા શૈતાન ન હતા.

કેટલું સત્વ.....! કેટલી ખૂમારી....! શિવાજીનો કો ક સૈનિક ધીંગાણું કરતા રૂપાળી મોગલ કન્યાને ઉપાડી લાવ્યો, એને એમ કે શિવાજી ખૂશખૂશાલ થઈ જશે અને મોટો સરપાવ મળશે, પણ સ્ત્રીને જોતાજ શિવાજી સમસમી ગયા.

બિલાડીની નજરમાં આવેલા કબુતરની જેમ ફફડતી અબળાને કહ્યું – બહેન.....! તું ગભરાઈશ નહીં. આ સૈનિક નાલાયક છે. મારી આબરૂના ધજાગરા કરે છે પણ હું તારો ભાઈ છું. તું નિશ્ચિત રહેજે. આ શિવાજી છે ત્યાં સુધી તારો વાળ વાંકો નહીં થાય, તારું શીલ અખંડ રહેશે.

લેખનો સાર એટલો જ છે કે પરલોકની પરંપરા ઉજળી કરવી હોય, મળેલા આ કિંમતી જીવનને સમૃદ્ધ કરવું હોય તો સાત્વિકતા કેળવવી જ રહી, સદાચાર સાથે મનોસંયમ દ્વારા જીવન ઉદ્યાનને ખીલવવું જ રહ્યું, ભ્રામક આકર્ષણો ને મોહક ભોગલીલા ઉપર બ્રેક મારવી જ રહી.....!!!

અંતે–

હોય છે નિ:સત્વ ખુદ એ બીજ કૈં ફળતા નથી,
ઝાંઝવા દેખાય છે કિન્તુ જળ પીવા મળતા નથી,
અન્યના આધાર પર રહેનારા કાં સમજે નહિ,
અંધના અંધકાર દીપકથી કદી ટળતા નથી.

## ક્રાંતિબીજ

સૃષ્ટિ પર મનુષ્યને બાદ કરીએ તો બીજું કોઈ પ્રાણી, કોઈ વૃક્ષ કે પશુપક્ષી અહંકારી નથી. માત્ર માણસને એવો વહેમ થઈ ગયો છે કે પોતે કંઈક છે. બાકી આ વિરાટ અસ્તિત્વમાં માણસની કોઈ વિસાત નથી. બ્રહ્માંડમાં અસંખ્ય સૂર્ય માળાઓ, મહાસૂર્યો અને પૃથ્વી જેવા અનેક ગ્રહ-ઉપગ્રહ હશે. સમગ્ર બ્રહ્માંડમાં પૃથ્વીનું સ્થાન અસીમ રણમાંથી ઉંચકેલા રેતકણ જેટલુંય ન હોય તો એકાદ કોઈ કાળા માથાના માનવીનું મૂલ્ય શું હોઈ શકે? આમ છતાં સિંહ કરતાંય એનો હુંકાર વધુ ભયાનક અને બિહામણો હોય છે.

માણસે જો સુખી થવું હોય તો પોતાનો હુંકાર છોડી, અસ્તિત્વ સાથે ઓતપ્રોત થઈ, એક સામાન્ય પ્રાણીની જેમ જ જીવવું પડશે. ભલે ભગવાને એને બુદ્ધિ, સમજ, પ્રજ્ઞા કે વિચારવાની શકિત આપી હોય પણ એ બધાનો ઉપયોગ સૃષ્ટિ સાથે સમરસ થઈને આનંદપૂર્વક જીવવા માટે કરવો જોઈએ. પોતાની બુદ્ધિનો ઉપયોગ બીજા પ્રાણી અને જીવમાત્ર તરફ પ્રેમ દર્શાવી એને સુખી, સુરક્ષિત તથા સંતૃપ્ત કરવા માટે થવો જોઈએ. નહી કે એને રંજાડવા માટે.

# Shri L. G. Haria School - Activities/ Competitions / Celebrations

## Ticket to Your Career




A career guidance webinar "Ticket to your Career" was organised to ensure students to learn all the possibilities and approaches for his/her career. After attending this webinar, choosing the Career will be much easier for the students.

The webinar was wonderfully organised under the leadership of Principal Mr. Dhaval Patt and hosted by Events & Activity Coordinator Mr. Raj Shah and presided over by two very erudite dignitaries of Jamnagar -

1. Mr Sameer Jha (Faculty member of Career Point, Jamnagar)

2. CA Bhavik Dholakia (Owner of Dholakia & Dholakia Associates & Faculty member at JVIMS college, Jamnagar)

The Webinar was well supported by Mr. Vyomesh Vaidya (Administrator) Mrs. Bansari Bhatt (PRO) & Mr. Kalpesh Parmar (Academic Supervisor)

Through the webinar both the speakers have thrown light on the diversified scope of Science & Commerce, how they are co-related and how the students should choose the right stream for their career, based on the different parameters of life.


The webinar also highlighted on the work - life balance and explained how to draw the line between professional and personal life.

It also emphasized on how important it is to get into the right career which yields happiness in our life - the most important aspect.

The webinar was quiet an enriching one and has definitely enlightened all of us.

It was live streamlined on YouTube in the link given below:

https://m.youtube.com/watch?v=BhTLTS4EeiM&feature=youtu.be



# Baal Geet Competition







Here we present our Tiny Tots, beautifully singing and dancing in this pandemic time, The Balgeet Competition was organised Online for the Students of Lower Kindergarten on 11th September, 2020. All the participants showed their skills and talent very enthusiastically and energetically. It was an energy booster event for the Little ones as they are missing the school and environment. Looking at the performance of all the Tiny tots, it surely cherished the day. To catch the glimpses of the event, do visit : https://www.facebook.com/511724615847220/posts/1265479927138348/







# COVID Test





Caring about other human beings is one of the most beautiful capabilities we have in life. To care is to love.

"You really can change the world if you care enough." – Marian Wright Edelman.

Shri L. G. Haria School cares for its staff who have been associated with the school. Thereby, looking at the current situation and as a part of precautionary step, our school organized the Rapid CoVid-19 test for the entire teaching as well as the Non- teaching staff on 09/09/2020. We are the first school in Jamnagar to organize such camp for the safety and security of the School team members. The entire staff was taken for the CoVid-19 test with proper precautionary SOPs. With this gesture we express the society to take proper care and stay safe.





# Raksha Bandhan

The festival of Raksha Bandhan is known to have originated centuries before and there are several stories related to the celebration of this special festival.

RakshaBandhan is a very sacred occasion which is celebrated across the country when the sister ties a thread (Rakhi) on her brother's wrist for his prosperity, health and well-being. The brother in return offers gifts and promises to protect his sister from any harm and under every circumstance. This festival symbolizes the eternal bond of love between brother and sister. The festival is also celebrated between brother-sister belonging to distant family members, relatives or cousins. The occasion of RakshaBandhan is celebrated in the month of Shravana which typically falls in the August month of Gregorian calendar.

It is a proud moment for us to share the glimpses of this festival celebrated by the students of our School which is published in the "TIMES OF INDIA" student's edition NIE dated 06/08/2020.



# Hindi Divas Celebration









Hindi Diwas is an annual day observed on 14th September in all the states of India. The adoption of HINDI as the official language of India has surely brought all the communities and class of people together and near to each other. The only language which helps everyone to communicate across any landmass of India. The adoption of Hindi Language as Official Language is done by the efforts of Boehar Rajendra Simha along with Hazari Prasad Dwivedi, Kaka kalelkar, Maithili Sharan Gupt and Seth Govind Das.

Our Hindi Subject teachers present a small song to commemorate HINDI as an Official Hindi Language. To see the Video, do visit :

https://www.facebook.com/watch/?v=640792586574464&extid=kuZWuLXSfqRcfch7

Not only Teachers but our students also celebrated the Hindi Diwas while they were at home. Do visit :

https://www.facebook.com/watch/?v=665513727677462&extid=nMYEPdQoxWeqJvtU

# Professional Yoga Trainer





In the words of our PM Shri Narendra Modiji, "Yoga is a symbol of universal aspiration for health and well-being. It is health assurance in Zero Budget." Our Three enthusiastic teachers, Mr. Kapil Trivedi, Ms. Darshana Teraiya and Mrs. Kirti Vaghadiya took 21 days training organized by the Yoga Board of Gujarat, with 400 plus other participants and out of which they got selected as the Government Certified Professional Yoga Trainer in top 100 list. Shri L. G. Haria School is proud to have team members like them and wishes them for their bright future in changing lives as the Professional Yoga Trainer.

# Environment Day



World Environment Day is celebrated every year on 5th June in more than 143 countries. It is popularly being called "People's Day" to show their care and support for the Earth and the Environment. It is the 'United Nations' prime vehicle for encouraging awareness and action to protect our environment. The theme of World Environment Day 2020 is "Biodiversity". This time Colombia will host World Environment Day 2020 in partnership with Germany.

Shri. L. G Haria School, Jamnagar encourages each & everyone to nurture & care the plants, animals and people around us and contribute to this day. Many of our students celebrated this day by planting trees and various other activities and attached themselves towards the Nature.

# Independence Day Celebration



Every year India celebrates its Independence Day on 15th August commemorating the nation's freedom from the British rule on 15th August 1947. This day reminds every ***Indian*** about the ***dawn*** of a new beginning, a new freedom which has come to us after a long run hardship faced by the people of this country and a lot of sacrifices made by our freedom fighters. On this day every citizen of our country pays tribute to these brave souls. The youth of our country should feel special pride of being the citizens of this free India.The youth has the power to change the nation into a better place for them.





Amid the testing times and remembering the sacrifices of our Martyrs, our school too celebrated the 74th Independence Day with great ardent and fervour abiding by the norms laid down by the Government. The students joined the programme virtually. The entire event was live telecasted on the social media platforms giving everyone an opportunity to become a part of the celebration. The Indian National Flag was unfurled by the dignitaries and, melodious & patriotic songs were sung by the teachers. The dignitaries enlightened the atmosphere by their words of wisdom. To watch the event do visit: https://youtu.be/X2GdEJVG5j0




# International Yoga Day



International Yoga Day, which is simply known as 'Yoga Day', is celebrated on June 21 every year to mark the importance of Yoga and how beneficial it is for good health. This year, we celebrated the sixth International Yoga Day. Yoga is a physical, spiritual and mental practice that had originated in India and has been practised by people across the world for good physical and mental health.

The day is celebrated across the world on June 21 after Prime Minister Narendra Modi proposed it during his speech at the United Nations General Assembly (UNGA) in 2014. Our School celebrated The International Yoga Day Online, where the families of all our students were given guidance about various Asanas and Yogas. All the students and their families performed Yoga from their home and have shared their wonderful pictures. To watch our International Yoga Day Celebration video, do visit: https://youtu.be/gqJV8x4Kqkk



# Rhymes Competition




An Online Rhymes Competition was organized for the Upper Kindergarten (U.K.G.) students of Pre-primary Section of Shri L. G. Haria School on 12th September, 2020. All the participants have performed very enthusiastically and have proved their Skills. The beautiful rhymes surely mesmerized the teachers and the judges. Students were very happy to participate in this event and sung the Rhymes Online. The whole event was live and was well applauded by the teachers and parents. We are very much proud to have such cute little energetic kids in our School.

To watch the performance of our Tiny Tots, do visit:
https://www.facebook.com/watch/?v=2109524509181338

# School Sanitization



Keeping in mind the school hygiene as the first priority, Shri L.G Haria school has engaged a team from JMC on 21st April 2020 for the sanitization of the entire school campus. This initiative ensures a healthy school environment for all the students as well as the staff of the school. Apart from these steps school authority performs regular school sanitization considering the current COVID 19 pandemic situations.



Kudos! to the school management & Principal for taking such effective measures.

# Teacher's Day Celebration



"Teaching is a very noble profession that shapes the character, calibre, and future of an individual. If the people remember me as a good teacher that will be the biggest honour for me." - A. P. J. Abdul Kalam

Teachers day is observed on 5 September every year to mark the birth anniversary of the former President of India Dr. Sarvapalli Radhakrishnan who was a philosopher and a teacher. Teachers are the pillars of our society. They help in moulding the shapes of the youth who in future become the responsible citizens of our country. The future of this young generation of children lies in the hands of the teachers.

"Education is the most powerful weapon which you can use to change the world." - Nelson Mandela

Teachers can bring in a great change in the society by imparting value-based education to the children. They are striving their utmost to nurture the life of the children.



Therefore, on this special day we take the opportunity to pay gratitude to our wonderful teachers. At Shri L. G. Haria School, Teachers were motivated by the words from the Principal, Music Teachers have presented a beautiful melody song involving all the names of the teachers in the lyrics. Many teachers shared their experiences with the students. Few teachers who were once the students of Haria School also shared their experience about the change in the education system then and now.

Happy Teachers Day!



# શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજ જામનગર
## તેજસ્વી તારલા સન્માન સમારોહ તથા નિલામઘર

શ્રી હાલારી વિશા ઓશવાળ જામનગર દ્વારા તા. ૦૭-૦૩-૨૦૨૦નાં રોજ શૈક્ષણીક પ્રોત્સાહન હેઠળ તેજસ્વી તારલા સન્માન સમારોહ નું સંસ્થાના પ્રમુખ શ્રી હર્ષવદન સોમચંદ ગોસરાણીનાં અધ્યક્ષપદે આયોજન કરવામાં આવેલ. જેમણે શૈક્ષણીક વર્ષ ૨૦૧૮-૧૯નાં બોર્ડમાં SSC, HSC (Commerce, Science & Arts) તથા યુનિવર્સિટીમાં BSc, B.com, BCA, BBA, BA, BE, BEd, L.L.B, B. Pharm, M. Pharm, MBBS, BDS, MDS, MS, MD, MA, MCom, MCA, MBA, MSc., ME, Med, L.L.M., CA, CS વગેરે શૈક્ષણીક ક્ષેત્રે ડિગ્રી મેળવેલ હોય તે વિદ્યાર્થીઓ તેમજ રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ રમત ગમત તથા સાંસ્કૃતિક ક્ષેત્રે વિશેષ સિધ્ધિ પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. જેમાં નીચે મુજબના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ.

### શૈક્ષણિક ક્ષેત્રે સન્માન :

| | | |
|---|---|---|
| પૂજન ભરત ગોસરાણી - એમ.બી.એ, | કાંચી દિપક શાહ - એમ.બી.એ, | ચાર્મી અમિત શાહ - એમ.બી.એ. |
| કવન હેમંત શાહ - એમ.બી.એ, | યશ સુનીલભાઈ ગોસરાણી - પી.જી. પી.એમ | નયન દિલીપ ચંદરીયા - એમ.એસ.ડી., |
| ઈશિતા ધીરજલાલ શાહ - એમ. કોમ., | ઉર્વી અરવિંદ શાહ - એમ. કોમ, | દેવાંશી દિપકભાઈ શાહ - એમ. કોમ, |
| પરિતા શૈલેષભાઈ નાગડા - એમ. કોમ | શિવાંગી ભરતભાઈ મારુ - એમ. કોમ, | મૈત્રી જયેશ શાહ - એમ. કોમ, |
| ડો. પાર્થ લીલાધર વોરા - ડી.એમ. (કાર્ડી) | રાજુલા ધીરજલાલ શાહ - સી.એ., | બંસી ભરતભાઈ હરિયા - બી.બી.એ. |
| અંકિતા દિલીપભાઈ માલદે - બી.બી.એ. | નીશીત જેન્તીલાલ જાખરીયા - બી.બી.એ. | નિશા હસમુખભાઈ ગુઢકા - બી.કોમ |
| પીનલ મહેશ વિસરીયા - બી.કોમ. | પ્રશેન સંદીપ ગલૈયા - બી.કોમ | રૂપેશ અશોક શાહ - બી.કોમ |
| મીરા પંકજ ચંદરીયા - બી.કોમ. | ભવ્ય અમિત શાહ - બી. ટેક | અક્ષય પરેશભાઈ સાવલા - બી. ટેક |
| ઉમંગ દર્શક મારુ - બી.ટેક | ધૈર્ય નિલેશચંદ્ર શાહ - બી.ઈ. | ત્રિશા રોહિતભાઈ ગલૈયા - ૧૨ (સાઈન્સ) |
| યશ શૈલેષભાઈ શાહ - ૧૨ (સાઈન્સ) | વિશ્વા અનંત ગડા - ૧૨ (કોમર્સ) | ખુશી જસ્મીનભાઈ ગુઢકા - ૧૨ (કોમર્સ) |
| હેનિલ હિતેન વિસરીયા - ૧૨ (કોમર્સ) | યશ શીતુલ માલદે - ૧૦મું | નિશી વિજય શાહ - ૧૦મું |
| વિનીત દિનેશચંદ્ર મારુ - ૧૦મું | | |

### વિશીષ્ટ સિદ્ધિ સન્માન :

| | |
|---|---|
| ૧. નિધિ મનીષ મારુ - નેશનલ લેવલ કરાટે - પ્રથમ | ૨. ઋષભ મનીષ મારુ - નેશનલ લેવલ કરાટે - પ્રથમ |
| ૩. હીર રાજેશ વિરપરીયા - બ્રોન્ઝ યંગ પરફોર્મન્સ | ૪. હેમલ પંકજ માલદે - ATV ચેમ્પિયન - ગુજરાત દ્વિતીય |
| ૫. વીર આશિત સાવલા - સ્ટેટ ઈન્ટર સ્કુલ લેવલ - બ્રોન્ઝ મેડલ | |

પ્રમુખશ્રી દ્વારા દરેકને આવકાર આપવામાં આવેલ તેમજ વિદ્યાર્થીઓને સમાજને આગળ લાવવા માટે તારક બને એવું જણાવેલ. આ વિદ્યાર્થી યુવાનો જ પાયાના પથ્થર છે જો તેઓ મજબૂત હશે તો સમાજ ઉતરોતર ઉન્નતિનાં શિખરો સર કરી શકે છે આ સાથે તેઓએ વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજ્જવળ બને એવી શુભેચ્છા આપેલ. તેજસ્વી તારલા સન્માન સમારોહ કાર્યક્રમનું સંચાલન શ્રી દિલીપ સોમચંદ ચંદરીયા દ્વારા કરવામાં આવેલ.

દિલીપ સોમચંદ ચંદરિયા - માનદમંત્રી
શ્રી હાલારી વિશા ઓશવાળ સમાજ - જામનગર

# " બ્રિટનની ૩૦ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરતી "વન જૈન" નું વાર્ષિક અધિવેશન "

બ્રિટનની જૈન ધર્મની ૩૦ સંસ્થાઓનું ગવર્મેન્ટમાં પ્રતિનિધિત્વ કરતી અને ઈન્ટરફેઈથ કામગીરી સંભાળતી ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજી એ " વન જૈન" ના બેનર હેઠળ ૨૭મી જૂન અને શનીવારે પોતાની એન્યુઅલ કોન્ફરન્સ યોજી હતી. વર્તમાન સમયને અનુલક્ષીને વિડીયો કોન્ફરન્સથી આનું આયોજન કરવામાં આવ્યુ હતું. ૨૭ જેટલી જૈન સંસ્થાઓ, ઈન્સ્ટિટયુટ ઓફ જૈનોલોજીના ટ્રસ્ટીઓ અને કી - નોટ સ્પીકર્સની ઉપસ્થિતિમાં આ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં જૈન ઓલ પાર્ટી પાર્લામેન્ટ ગ્રુપના ચેરમેન અને પાર્લામેન્ટના મેમ્બર ગારેથ થોમસે સભ્યોને આવકારવાની સાથોસાથ મહામારીના સમયમાં જૈન સમાજની વિવિધ સંસ્થાઓએ આપેલા સેવાભાવી સહયોગને માટે પ્રસન્નતા વ્યકત કરી હતી. અને આ સમયગાળામાં થયેલા અનુભવોની વાતો કરી હતી. તેમજ આ મહામારીને કારણે જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે. એમના પ્રત્યે સહાનુભૂતિ વ્યકત કરી હતી.


જૈન ઓલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રુપના વાઈસ ચેરમેન અને એમ.પી. પદ્મશ્રી બોબ બ્લેકમેનને આ વર્ષે ભારતના રાષ્ટ્રપતિને હાથે પદ્મશ્રી એવોર્ડ પ્રાપ્ત થયો, તે માટે જૈન સમાજે એમને અભિનંદન આપ્યા હતા. જયારે બોબ બ્લેકમેને જૈન સમાજે બિમાર અને અભાવગ્રસ્ત લોકોની મદદે પહોંચી જઈને જે સેવાભાગી કાર્ય કર્યું, તેને બિરદાવ્યું હતું. લોકડાઉન હળવા કરવાની સરકારની યોજનાને બતાવીને એમણે એમ પણ કહયુ હતુ કે કદાચ પહેલી જ વાર આપણે નવરાત્રી અને દિવાળી જેવા તહેવારોની ઓનલાઈન ઉજવણી કરવી પડે.

જયારે લંડન એસેમ્બલીમાં નવા ચૂંટાયેલા ચેરમેન શ્રી નવીન શાહે આ કટોકટી દરમિયાન જૈન સમાજે દાખવેલી ઉદારતા અને સેવાભાવનાની પ્રશંસા કરી હતી, તો મિનિસ્ટ્રી ઓફ કોમ્યુનિટી અને લોકલ ગવર્મેન્ટના મિનિસ્ટર ઓફ ફેઈથ લોર્ડ સ્ટીફનની પ્રશંસા કરી હતી, તો મિનિસ્ટ્રી ઓફ કોમ્યુનિટી અને લોકલ ગવર્મેન્ટના મિનિસ્ટર ઓફ ફેઈથ લોર્ડ સ્ટીફન ગ્રીનહોફે પણ આ મહામારી અટકાવવા માટે કરવામાં આવેલા પ્રયત્નોની વાત કરી હતી અને સાથોસાથ એનો સામનો કરવા માટે સહુને કટિબદ્ધ બનવા જણાવ્યું હતું. પરિસ્થિતિ અનુકૂળ થતાં જ તેઓ વહેલામાં વહેલી તકે જૈન ટેમ્પલ અને સેન્ટરની મુલાકાત લેવા ચાહે તેમ કહયું હતુ.

૨૦૨૧માં બ્રિટનમાં વસ્તી ગણતરી થવાની હોવાથી નેઈલ ટાઉનસેન્ડે જણાવ્યું હતું કે વસ્તીગણતરીમાં જેઓ જૈન તરીકે ઓળખવવા માગતા હશે તેઓ તેમ કરી શકશે. આના આંકડા પરથી જ સેન્ટ્રલ અને લોકલ ગવર્નમેન્ટ પોલીસી ઘડે છે. અને એમને ફંડ આપવાના નિર્ણયો પણ કરે છે. આ સમયે પહેલી જ વાર જૈન સંસ્થાઓ દ્વારા "જૈનવન કોવિડ - ૧૯એકસલન્સ ઈન કમ્યુનિટી સર્વિસ" નો એવોર્ડ આ મહામારીના સમયમાં મહત્વનું કાર્ય કરનારી સંસ્થાને આપવાનું નકકી કરવામાં આવ્યું. જેમાં તેર નામાંકનો આવ્યાં હતાં તે અંગે સ્વતંત્ર નિર્ણાયકોએ નિર્ણય કરતાં ઓસવાલ એસોસિએશન ઓફ યૂ કેને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

જયારે ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરયા (OBE) એ કહયું કે ત્રણ મહિના પહેલા આપણે આપણા મંદિરો અને આરાધનાનાં સ્થળોએ બધા ધાર્મિક પ્રસંગો ઉજવતા હતા. પરંતુ આજે પરિસ્થિતિ બદલાઈ છે. પરંતુ આવા કટોકટીના સમયે પણ સમાજે કરેલાં સેવાકાર્ય માટે આપણે સહુ ગૌરવ અનુભવીએ છીએ. આ સમયે ઓશવાળ એસોસિએશનના પ્રેસિડેન્ટ નિલેષ શાહ અને નવનાત વણિક એસોસિએશનના વાઈસ - પ્રેસિડેન્ટ કેતન અદાણી પણ ઉપસ્થિત રહયા હતા.

# ૯મી ધ્વજારોપણનો પ્રસંગ



હાલાર દેશોદ્ધારક કવિરત્ન શાસન સંરક્ષક શાસન પ્રભાવક પ.પૂ.આ દેવશ્રી શ્રીમદ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાનાં પટ્ટધર પરમપૂજ્ય હાલાર કેશરી પ્રાચીન સાહિત્યોદ્ધારક સિધ્ધાંત સંરક્ષક આચાર્ય ભગવંતશ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજસાહેબનાં પ્રતિષ્ઠિત ગુરૂમૂર્તિ તથા ચરણ પાદુકા સાથે બેસણા થયેલ છે. આ શિખરબંધી ગુરૂમંદિરની ૯મી ધ્વજારોપણનો પ્રસંગ આજરોજ વિ.સં. ૨૦૭૬ મહા વદ અમાસને તારીખ ૨૩ /૦૨/ ૨૦૨૦, રવિવારે થયેલ. આ પ્રસંગે પ.પૂ. સાધ્વીજી મ.સા. સ્વયંપ્રભાશ્રીજી, અનંતપ્રભાશ્રીજી તથા ઈન્દ્રપ્રભાશ્રીજી આદીથાણા દાતા પરિવાર સુશ્રાવિકાશ્રી સંતોકબેન પદમશી વાઘજી ગુઢકા પરિવાર - લાખાબાવળ હસ્તે સુશ્રાવિકાશ્રી મોતીબેન મોહનલાલ ગુઢકા પરિવાર - જામનગર તથા રાજકોટથી પધારેલ પાનાચંદ પદમશી ગુઢકા તથા અશોકભાઈ પદમશી ગુઢકા અને મહાજન સમાજનાં અગ્રણીઓ ટ્રસ્ટ તરફથી હિમંતલાલ કાનજીભાઈ શાહ તથા શાળા પરિવારની ઉપસ્થિતિમાં વિમલનાથ સ્નાત્ર મહિલામંડળ દ્વારા સ્નાત્રપૂજા તથા વિધિકાર કલ્પેશભાઈ દ્વારા પાંચ અભિષેક કરી વિધિવત દાતા પરિવાર અને તેમના કુટુંબીજનો અને સ્નેહીજનો દ્વારા ૯મી ધ્વજા હર્ષોલ્લાસ સાથે ચઢાવવામાં આવેલ. આ પ્રસંગે ગુરૂદેવને ફુલોની આંગી, ઘઉલી અને રંગોળી દ્વારા શણગારવામાં આવેલ. આ પ્રસંગે દાતા પરિવાર તરફથી ધ્વજામાં પધારેલ મહેમાનો તથા જૈન કન્યા વિદ્યાલયની બધી બાળાઓને સાટાઓની પ્રભાવના કરવામાં આવેલ.



ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ

સંચાલિત

# લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર

જામનગર થી ૧૨ કી.મી. દૂર લાખાબાવળ સ્થિત અમારા કુદરતી ઉપચાર કેન્દ્રની મુલાકાત લઈ નીચેના રોગોથી મુક્તિ મેળવો.

- માઈગ્રેન
- સંધિવા
- કમર–ગરદન–ઢીંચણનો દુઃખાવો
- મેદસ્વિતા (વધારે પડતુ વજન)
- સોરાયસીસ
- ડાયાબિટીસ
- બ્લડપ્રેશર
- ચક્કર આવવા
- અપચો
- કબજિયાત
- એલર્જી
- વર્ટીગો
- વેરીકોઝ વેઈન
- અનિંદ્રા
- ડિપ્રેશન
- અસ્થમા
- આર્થરાઈટીસ
- સાઈનસ
- થાઈરોઈડ
- સાયટીકા
- એ સી ડી ટી
- ચામડીના રોગો
- કીડનીને લગતા રોગો
- ગેસ વગેરે.....

**કોઈ પણ જાતની દવા વગર કુદરતી ઉપચાર પદ્ધતિથી રોગને જડમૂળથી દૂર કરવા માટે આજે જ મુલાકાત લો.**

## Leelavati Naturecure & Yoga Research Center
## Lakhabaval, Jamnagar

@leelavatinaturecure @leelavatinaturecure www.leelavatinaturecure.com

+91 9978561453 , +91 7410183955

CBSE Aff. No. : 430448

A Unit of Oshwal Education Trust

# HARIA GLOBAL SCHOOL

SHAPING YOUNG MINDS IN AN INNOVATIVE WAY

## A Premium English Medium Co-Educational School




# Nursery to Std. 10th

Address: Near (Haria College) Shah Bhagvanji Kachara Education Complex, Ahead of Oshwal Circle, Indira Gandhi Marg, Jamnagar- 361004.

Contact : 0288-2567201, 2568201Mobile No. + 91 99740 92562

Email: info@hariaglobalschool.com / www.hariaglobalschool.com